દૈનિક મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૪ વર્ષ
R.N.I. No. GUJ GUJ/2013/58486 *
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 262 ■ વિક્રમ સંવત ૨૦૮૨
કાર્તિક વદ-૧ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 6 November 2025, Thursday ■ REGD.No. MCS/058/2018-20
ગુરુવાર, ૬ નવેમ્બર ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦
લાડકી પૂર્તિ
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ઝોહરાન મમદાની ન્યૂ યૉર્કના મૅયર ચૂંટાયા

## ‘ધૂમ મચાલે’ ગીત સાથે તેમનામાં ભારતીય ડોકાયો

- ૩૪ વર્ષના ઝોહરાન ફિલ્મમેકર મીરાં નાયરના દીકરા છે
- ન્યૂ યૉર્કના પહેલા દક્ષિણ એશિયાઇ, સૌથી યુવાન મુસ્લિમ મેયર
- વિજયી સંબોધનમાં જવાહરલાલ નહેરુને ટાંક્યા

## ટ્રમ્પના અંતનો આરંભ?



ન્યૂ યૉર્કઃ ડેમોક્રેટિક પાર્ટીના ઉમેદવાર ૩૪ વર્ષીય ઝોહરાન મમદાની ન્યૂ યૉર્કના મૅયર તરીકે ચૂંટાઇ આવ્યા છે. તેઓ ન્યૂ યૉર્કના મૅયર બનનારા દક્ષિણ એશિયાના મૂળના સૌથી વધુ યુવાન મુસ્લિમ છે.

મમદાનીએ પોતાના સંબોધનમાં ટ્રમ્પને સીધો પડકાર ફેંકતા કહ્યું હતું કે ટ્રમ્પની સત્તાની શરૂઆત ન્યૂ યૉર્કથી થઇ હતી

(જુઓ પાનું ૨) ▶▶

## અમેરિકા-રશિયા કૉલ્ડ વૉર શરૂ

### રશિયા પછી અમેરિકાએ અણુશસ્ત્રોને ૧૩,૦૦૦ કિ.મી. દૂર લઈ જઈ શકતી ન્યૂક્લિયર મિસાઇલનું પરીક્ષણ કર્યું

સૅન ફ્રાન્સિસ્કોઃ અમેરિકાના હવાઇદળે કેલિફોર્નિયાના વાંડેનબર્ગ બેઝ ખાતેથી અણુશસ્ત્રોને ૧૩,૦૦૦ કિલોમીટર દૂરના બીજા ખંડમાંના લક્ષ્ય સુધી લઇ જવાની ક્ષમતા ધરાવતી ઇન્ટરકૉન્ટિનેન્ટલ બેલિસ્ટિક મિસાઇલ ‘મિનિટમૅન-થ્રી’નું સફળ પરીક્ષણ કર્યું હતું. થોડાં દિવસ પહેલાં રશિયાએ પણ આવી મિસાઇલનું પરીક્ષણ કર્યું હોવાથી

(જુઓ પાનું ૨) ▶▶

## અમેરિકા પર ૨૪ ટકા ટૅરિફ નહીં નાખે ચીન

બેઈજિંગઃ અમેરિકી સામાન પરના ૨૪ ટકા વધારાને ચીને એક વર્ષ માટે સસ્પેન્ડ કરવાનો નિર્ણય લીધો છે એવી જાહેરાત ચીનના સ્ટેટ કાઉન્સિલ ટૅરિફ કમિશને બુધવારે કરી હતી. જોકે અમેરિકી સામાન પર ૧૦ ટકા ટૅરિફ

(જુઓ પાનું ૨) ▶▶

### બિહારમાં આજે પ્રથમ તબક્કાનું મતદાન

## ૧૨૧ બેઠક, ૧૩૧૪ ઉમેદવાર, ૩.૭૫ કરોડ મતદાર

પટણાઃ બિહાર વિધાનસભાની ચૂંટણીના ગુરુવારે યોજાનારા પ્રથમ તબક્કામાં ૧૨૧ બેઠક પર ૩.૭૫ કરોડ મતદાર ૧,૩૧૪ ઉમેદવારનું ભાવિ નક્કી કરશે.

ચૂંટણીના પ્રથમ તબક્કામાં વિપક્ષ યુતિ ‘ઇન્ડિયન નેશનલ ડેવલપમેન્ટલ ઇન્ક્લુઝિવ અલાયન્સ’ (‘ઇન્ડિ’)ના મુખ્ય પ્રધાનપદના ઉમેદવાર તેજસ્વી યાદવ અને ભાજપના નાયબ મુખ્ય પ્રધાન સમ્રાટ ચૌધરી ઊભા છે. તેજસ્વી યાદવ રાઘવપુરમાંથી સતત ત્રીજી વખત

(જુઓ પાનું ૨) ▶▶



## વિશ્વવિજેતા ભારતીય દીકરીઓની હિંમતને સલામ...

આ જ શબ્દો હતા રવિવારે વર્લ્ડ કપ જીતનાર ભારતીય મહિલા ક્રિકેટ ટીમને જ્યારે વડા પ્રધાન નરેન્દ્ર મોદી બુધવારે નવી દિલ્હીમાં મળ્યા ત્યારે. તેમણે ટીમને ખાસ અભિનંદન આપ્યા હતા. આ ઐતિહાસિક વિજય બદલ વડા પ્રધાને ટીમને બિરદાવી તો હતી જ પણ સ્પર્ધા દરમ્યાન ટીમે દાખવેલી હિંમત, સંઘર્ષ અને કરેલી શાનદાર વાપસીની પ્રશંસા કરી હતી. તેમણે કહ્યું હતું કે પ્રારંભિક પરાજય અને સોશ્યલ મીડિયા પર ટીકાઓના મારા વચ્ચે ટીમે જબરજસ્ત રમત પ્રદર્શન કરી ટાઈટલ મેળવ્યું એ તમામ ભારતીયો માટે ગર્વ લેવાની ક્ષણ છે. ટીમની કૅપ્ટન હરમનપ્રીતે કહ્યું હતું કે હવે અમે ટ્રોફી સાથે આવ્યા છીએ અને ઈચ્છીએ છીએ કે ભવિષ્યમાં પણ વારંવાર આ પ્રકારના પ્રસંગે વડા પ્રધાન સાથે મુલાકાત થતી રહે. વાઈસ કૅપ્ટન સ્મૃતિ મંધાનાએ કહ્યું હતું કે વડા પ્રધાન હંમેશાં ટીમને પ્રેરણા આપે છે. ■

## હરિયાણાનાં દસ ચૂંટણી બૂથમાં બ્રાઝિલની મૉડેલનો ફોટો બાવીસ વાર વપરાયોઃ રાહુલ ગાંધી

### કૉંગ્રેસી નેતાનો વોટ ચોરીનો ઓર એક બૉમ્બઃ રાજ્યની મતદાર યાદીમાં પચીસ લાખ બનાવટી એન્ટ્રીનો દાવોઃ ભાજપે ચૂંટણી પંચ સાથે મળીને હરિયાણામાં સરકાર ચોરી એવો આક્ષેપ પણ કર્યો




નવી દિલ્હી : કૉંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ બુધવારે આક્ષેપ કર્યો હતો કે ગયા વર્ષની હરિયાણા વિધાનસભા ચૂંટણી ચોરી લેવામાં આવી હતી. રાહુલે મતદાર યાદીનો ડેટા બતાડીને દાવો કર્યો હતો કે પચીસ લાખ મતદાતાઓ બનાવટી છે અને ચૂંટણી પંચે ભાજપ સાથે સાંઠગાંઠ કરીને તેને વિજય અપાવ્યો હતો.

કૉંગ્રેસના ભૂતપૂર્વ પ્રમુખ રાહુલે પત્રકાર પરિષદમાં પ્રેઝન્ટેશન કરીને કહ્યું હતું કે આ વ્યાપક પ્લાનમાં બ્રાઝીલીયન મૉડેલના

(જુઓ પાનું ૨) ▶▶

## અસેટ રીકવરીની ઈડીની કામગીરી પર એફએટીએફ ઓળઘોળ થયું

નવી દિલ્હી : ગ્લોબલ ટેરર ફાઈનાન્સિંગ વોચડૉગ ફાયનાન્શિયલ એક્શન ટાસ્ક ફોર્સ (એફએટીએફ) તેની વિશ્વની શ્રેષ્ઠ પ્રેક્ટિસ પરના અહેવાલમાં વારંવાર એવો ઉલ્લેખ છે કે ભારતના એન્ફોર્સમેન્ટ ડિરેક્ટરેટ (ઈડી)એ મની લોન્ડરિંગ કેસને અસરકારક રીતે હાથ ધરવા અને આર્થિક ગુનેગારો પાસેથી સંપત્તિ પાછી મેળવી છે.

એફએટીએફના ‘અસેટ રીકવરી ગાયડન્સ બેસ્ટ પ્રેક્ટિસીસ’ અહેવાલ નાણાકીય ગુના માટે મિલકત મેળવવાની વૈશ્વિક સિસ્ટમના માળખાને મજબૂત કરવાની ભલામણો ધરાવે છે. આ અહેવાલમાં એન્ફોર્સમેન્ટ એજન્સીએ કઈ રીતે આવક, સંપત્તિ, બૅન્કિંગ અને ઑફશોર મની લોન્ડરિંગને સંબંધિત છેતરપિંડી પર તવાઈ કરી એના દાખલા છે.

એફએટીએફની માર્ગદર્શિકામાં મિલકતનો શોધીને મેળવવાની સારી રીતરસમમાં ભારતના અનેક દાખલાનો સમાવેશ થાય છે. આમાં એક કેસ એગ્રી ગોલ્ડનો છે. આ કેસમાં ઈડી અને આંધ્ર પ્રદેશ સ્ટેટ ક્રાઈમ ઈન્વેસ્ટિગેશન ડિપાર્ટમેન્ટના સંકલિત પ્રયાસોને લીધે ૬,૦૦૦ કરોડ રૂપિયાની મિલકતને ટાંચ મારવામાં આવી અને રોકાણની છેતરપિંડીનો ભોગ બનનારાને પાછી આપવામાં આવી.

અહેવાલમાં આઈઆરઈઓ ગ્રૂપના કેસનો ઉલ્લેખ કરે છે. આમાં ૧,૭૭૭ કરોડ રૂપિયાની મિલકત પર ટાંચ મરાઈ હતી જે ભારતની બહાર મોકલવામાં આવેલાં નાણાં જેટલા છે. ઈડીએ પ્રિવેન્શન ઑફ મની લોન્ડરિંગ એક્ટ, ૨૦૦૨ (પીએમએલએ)ની જોગવાઈ હેઠળ આ મિલકત પર ટાંચ મરાઈ હતી. (એજન્સી)■



**બરફની ચાદર :** બારામુલ્લામાં પ્રથમ હિમવર્ષાને પગલે લશ્કરનો કાફલો ગુલમર્ગ વિસ્તારમાં જાડા સફેદ આવરણમાં પસાર થઈ રહ્યો હતો. (પીટીઆઈ)

## ભારત-અમેરિકાના સંબંધો મજબૂત રહેશે એવી ટ્રમ્પને આશા

ન્યૂ યૉર્કઃ ભારત-અમેરિકાના ભાવિ સંબંધો મજબૂત રહેવાને મામલે અમેરિકાના પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પ ખૂબ જ હકારાત્મક લાગણી ધરાવતા હોવાનું વાઈટ હાઉસના પ્રેસ સચિવ કૅરોલિન લૅવિટ્ટેએ કહ્યું હતું.

મને લાગે છે ટ્રમ્પ આ મામલે ખૂબ જ હકારાત્મક લાગણી ધરાવે છે એમ જણાવતાં કૅરોલિને કહ્યું હતું કે તમે જાણો જ છો કે તાજેતરમાં થોડા અઠવાડિયા અગાઉ જ ટ્રમ્પે વાઈટ હાઉસ (ઑવલ ઑફિસ)માં ટોચના ઈન્ડિયન-અમેરિકનો સાથે દિવાળીની ઉજવણી કરી હતી ત્યારે તેમણે ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદી સાથે ફોન પર સીધી વાતચીત કરી હતી અને તેમને દિવાળીની શુભેચ્છા પણ આપી હતી.

ટ્રમ્પ અને તેમની ટ્રેડ ટીમ વેપારી કરારને મામલે ભારત સાથે સતત ગંભીર ચર્ચા કરી રહ્યું છે. ટ્રમ્પને મોદી માટે ખૂબ જ આદર છે અને તેઓ અવારનવાર એકમેક સાથે વાતચીત કરતા રહે છે, એમ કૅરોલિને કહ્યું હતું. (એજન્સી) ■

**આરતી :** સાધુઓએ બુધવારે કાર્તિક પૂર્ણિમા નિમિત્તે નવી દિલ્હીના વાસુદેવ ઘાટમાં યમુના આરતી કરી હતી. (પીટીઆઈ)



## ફિલિપાઈન્સમાં ભૂકંપ પછી વાવાઝોડાએ વેર્યો વિનાશઃ ૮૫નાં મોત

મનીલાઃ ફિલિપાઇન્સ કુદરતી આપદાઓ સામે ઝઝૂમી રહ્યું છે. દેશમાં ગત મહિને ભૂકંપે ભારે વિનાશ વેર્યો હતો. હજુ આ આફતમાંથી લોકો બહાર નીકળે તે પહેલાં મધ્ય ફિલિપાઇન્સમાં કાલમેગી વાવાઝોડું ત્રાટક્યું હતું. આ કુદરતી આપદામાં ૮૫ લોકોના મોત નીપજ્યા છે. જ્યારે ૨૬ લોકો ગુમ હોવાના અહેવાલ છે. આ જાણકારી અધિકારીઓએ બુધવારે આપી હતી.

અધિકારીઓના જણાવ્યા અનુસાર ભૂકંપગ્રસ્ત પ્રાંતમાં આવેલા ભારે પૂરને કારણે લોકો ઘરની છત પર ફસાયા છે. તેમજ વાહનો પણ તણાઇ ગયા છે. સેનાએ જણાવ્યું કે મૃતકોમાં એ છ લોકો પણ સામેલ છે જેઓ એક અલગ ઘટનામાં મૃત્યુ પામ્યા હતા. આ તમામ ફિલિપાઇન્સની વાયુસેનાનું એક હેલિકોપ્ટર મંગળવારના રોજ દક્ષિણ પ્રાંત અગુસન ડેલ સુરમાં દુર્ઘટનાગ્રસ્ત થયું તેમાં મોતને ભેટ્યા હતા. આ હેલિકોપ્ટર વાવાઝોડા પ્રભાવિત પ્રાંતોમાં માનવતાવાદી સહાય પહોંચાડવા જઇ રહ્યું હતું. કાલમેગી બુધવારની બપોર પહેલા પશ્ચિમ પલાવાન પ્રાંતથી દક્ષિણ ચીન સમુદ્ર તરફ આગળ વધ્યું હતું. આ દરમિયાન ૧૩૦ કિમી પ્રતિ કલાક(૮૧ માઇલ પ્રતિ કલાક)ની તથા ૧૮૦ કિમી કિમી પ્રતિ કલાક(૧૧૨ માઇલ પ્રતિ કલાક)ની ઝડપે પવન ફૂંકાયો હતો. ■

## યુપીના મિર્ઝાપુરમાં ટ્રેન નીચે છ મહિલા કચડાઈ

### ટ્રેનમાંથી પ્લેટફોર્મ પર નહીં પણ ટ્રેક પર ઊતરતા સામેથી આવતી ટ્રેનની અડફેટે ચડી

મિર્ઝાપુરઃ ઉત્તર પ્રદેશમાં મિર્ઝાપુરના ચુનાર રેલવે સ્ટેશન પર બુધવારે ભયંકર દુર્ઘટના ઘટી હતી. એક ટ્રેનમાંથી ખોટી બાજુથી ઊતરી રહેલી છ મહિલાઓ સામેથી આવતી ટ્રેનની હડફેટે ચઢતાં મોતને ભેટી હતી. આ જાણકારી એક રેલવે અધિકારીએ આપી હતી. એનસીઆર પ્રયાગરાજ ડિવિઝનના જનસંપર્ક અધિકારી અમિત સિંહના જણાવ્યા અનુસાર આ ઘટના સવારે ૯-૩૦ વાગ્યાની આસપાસ બની હતી. મુસાફરો ચોપન એક્સપ્રેસમાંથી ટ્રૅક પર ઉતરી રહ્યા હતા અને હાવડાથી કાલકાજી તરફ જઇ રહેલી નેતાજી એક્સપ્રેસ ટ્રેનની હડફેટે ચઢ્યા હતા.

મૃતકો કાર્તિક પૂર્ણિમા સ્નાન માટે અહીં આવ્યા હતા. રેલવેએ જણાવ્યું કે ચોપન એક્સપ્રેસ સ્ટેશનના પ્લેટફોર્મ નંબર ચાર પર ઊભી હતી અને મુસાફરોએ ફૂટઓવર બ્રિજ હોવા છતાં પાટા પર ઊતરવાનું પસંદ કર્યું હતું. રેલવેએ એક નિવેદનમાં જણાવ્યું કે આ મુસાફરો કાર્તિક પૂર્ણિમા સ્નાન માટે મિર્ઝાપુર આવ્યા હતા. ફૂટઓવર બ્રિજ હોવા છતાં તેઓ પાટા પરથી પ્લેટફોર્મ ઓળંગી રહ્યા હતા. આના કારણે આ ઘટના બની હતી. સરકારી રેલવે પોલીસ ઇન્સ્પેક્ટર રાઘવેન્દ્ર સિંહે છ લોકોના મોતની પુષ્ટિ કરી હતી. મૃતકોની ઓળખ સવિતા(૨૮), સાધના(૧૬), શિવ કુમારી(૧૨), અંજુ દેવી(૨૦), સુશીલા દેવી(૬૦) અને કલાવતી(૫૦) તરીકે થઇ છે. અને ઘાયલોની યોગ્ય સારવાર સુનિશ્ચિત કરવા માટે નિર્દેશ આપવામાં આવ્યા છે. ■



**ટ્રાફિક જામ :** બુધવારે પટણામાં ‘કાર્તિક પૂર્ણિમા દરમિયાન જેપી ગંગા પથમાં ટ્રાફિક જામ જોવા મળ્યો હતો. (પીટીઆઈ)

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# એસઆઈઆરની બંધારણીયતા નહીં, પંચની વિશ્વસનીયતા શંકાસ્પદ

**કેન્દ્રીય** ચૂંટણી પંચે ગુજરાત સહિત ૧૨ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં મંગળવારથી મતદાર યાદીની ચકાસણી અને સુધારણા એટલે કે સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન (એસઆઈઆર) શરૂ કર્યું એ પહેલાં ભાજપ વિરોધી રાજકીય પક્ષોની સરકારો છે એવાં રાજ્યોમાં વિરોધ શરૂ થઈ ગયો છે. તમિળનાડુનો શાસક ડીએમકે પક્ષ સુપ્રીમ કોર્ટ પહોંચ્યો છે અને મતદાર યાદીના સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન (એસઆઈઆર)ને પડકારતી અરજી કરી છે.

કૉંગ્રેસ સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન (એસઆઈઆર)ને કોર્ટમાં પડકારવાના મુદ્દે અવઢવમાં છે પણ કેરળની ડાબેરી સરકાર અને પશ્ચિમ બંગાળની તૃણમૂલ કૉંગ્રેસ સરકારો પણ સ્ટાલિન સરકારના રસ્તે ચાલીને સુપ્રીમ કોર્ટમાં જાય એવી પૂરી શક્યતા છે કેમ કે મમતા બેનરજી અને પિનારાયી વિજયન બંને મતદાર યાદીમાં સુધારણા સામે આક્રમક મૂડમાં છે.

કેરળ વિધાનસભાએ સપ્ટેમ્બરમાં સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન (એસઆઈઆર)નો વિરોધ કરતો ઠરાવ પસાર કરેલો. કેન્દ્રીય ચૂંટણી પંચે કેરળ સહિત દેશનાં ૧૨ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન (એસઆઈઆર) હાથ ધરવાની જાહેરાત કરી તેનો પિનારાયી વિજયને વિરોધ કર્યો છે. વિજયને બુધવારે ખાસ બેઠક બોલાવીને સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન (એસઆઈઆર)ને કોર્ટમાં પડકારવા સહિતના કાનૂની રસ્તા અંગે ચર્ચા કરી તેના પરથી પણ સ્પષ્ટ છે કે, કેરળ પણ તમિળનાડુના રસ્તે જશે જ.

મમતા બેનરજી તો સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન (એસઆઈઆર)ના વિરોધના મુદ્દે વધારે આક્રમક છે. મમતા કોઈ પણ મુદ્દાનો વિરોધ કરવા શેરીઓમાં ઊતરી જવામાં માને છે. સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન (એસઆઈઆર)ના મુદ્દે એ જ વલણ અપનાવીને મંગળવારે કોલકાતામાં સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન (એસઆઈઆર) સામે વિરોધ કૂચ યોજી. મમતાની તૃણમૂલ કૉંગ્રેસના મહામંત્રી અભિષેક બેનરજી, મંત્રીઓ અને લાખોની સંખ્યામાં કાર્યકરો જોડાયા, લગભગ ચાર કિલોમીટર લાંબી રેલીમાં લાખોની સંખ્યામાં સામાન્ય લોકો પણ જોડાયા હતા.

મમતાએ તો પશ્ચિમ બંગાળમાં સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન (એસઆઈઆર) હાથ ના ધરી શકાય એ માટે બૂથ લેવલ ઓફિસર્સ એટલે કે બીએલઓને પણ રજા પર ઉતારી દીધા છે. ચૂંટણી પંચ પાસે પોતાનો કોઈ સ્ટાફ હોતો નથી તેથી સરકારી કર્મચારીઓને બીએલઓ બનાવે છે. મોટા ભાગના કિસ્સામાં શિક્ષકોની બીએલઓ તરીકે નિમણૂક થાય છે. મમતાએ આ શિક્ષકોને પણ રજા આપી દેતાં સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન (એસઆઈઆર)ની કામગીરી કોણ કરશે એ સવાલ ઉભો થઈ ગયો છે.

તમિળનાડુ, કેરળ, પશ્ચિમ બંગાળને સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન (એસઆઈઆર)ને શું વાંધો છે એ સૌ જાણે છે. આ રાજ્યોમાં ભાજપ વિરોધી પક્ષોની સરકારો છે. ભાજપ રાજકીય લડાઈમાં આ પક્ષોને હરાવી શકતો નથી અને ચૂંટણી જીતી શકતો નથી તેથી ચૂંટણી પંચના સહારે મતદાર યાદીમાં ગરબડ ગોટાળા કરીને જીતવા હવાતિયાં મારે છે એવો ભાજપ વિરોધી પક્ષોનો આક્ષેપ છે.

પશ્ચિમ બંગાળમાં બાંગ્લાદેશીઓનો મુદ્દો મોટો છે. ૧૯૭૧ના ભારત-પાકિસ્તાન યુદ્ધ પહેલાંથી ભારતમાં ઘૂસી ગયેલા લાખો બાંગ્લાદેશીઓ ગેરકાયદેસર રીતે ભારતના નાગરિક બની ગયા હોવાનો ભાજપનો આક્ષેપ છે. આ બાંગ્લાદેશીઓની નાગરિકતાની ચકાસણી કરીને મતદાર યાદીમાંથી તેમના નામ કમી કરવાનો સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન (એસઆઈઆર)નો ઉદ્દેશ છે. કેન્દ્રીય ચૂંટણી પંચે બીજા તબક્કાના સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન (એસઆઈઆર)ની વાત કરી ત્યારે સત્તાવાર રીતે કહેલું કે, ગેરકાયદેસર રીતે ભારતના નાગરિક બની ગયેલા વિદેશીઓને ઓળખીને તેમનાં નામ દૂર કરવાનો આ ક્વાયતનો ઉદ્દેશ છે.

મમતા બેનરજીનું કહેવું છે કે, પશ્ચિમ બંગાળમાં મુસ્લિમ મતદારોનાં નામ દૂર કરવા પંચ ત્રાગડો કરી રહ્યું છે અને તેના ભાગરૂપે સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન (એસઆઈઆર) હાથ ધરાયું છે. મમતાએ સત્તાવાર નિવેદનમાં કહ્યું છે કે, બંગાળની ૨૦૨૬ની વિધાનસભા ચૂંટણી પહેલા મતદાર યાદીઓમાં શાંતિથી ફેરફાર કરવા માટે એસઆઈઆરનો ઉપયોગ રાજકીય હથિયાર તરીકે કરવામાં આવી રહ્યો છે અને બંગળીભાષી મુસ્લિમોને બાંગ્લાદેશીઓમાં ખપાવીને તેમને બાદ કરી દેવાશે. મમતાનું કહેવું છે કે, જેમ દરેક ઉર્દૂ ભાષી પાકિસ્તાની નથી તેમ દરેક બંગાળી ભાષી બાંગ્લાદેશી નથી પણ સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન (એસઆઈઆર)નો ઉપયોગ રાજકીય શસ્ત્ર તરીકે થઈ રહ્યો છે તેથી ભાજપ વિરોધી બંગાળીભાષીઓ પર બાંગ્લાદેશીઓના ઠપ્પા લગાવી દેવાશે.

કેરળ અને તમિળનાડુમાં પણ સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન (એસઆઈઆર)નો ઉપયોગ મુસ્લિમ મતદારોનાં નામ દૂર કરવા કરાશે એવો ડર વ્યક્ત કરાયો છે. કેરળમાં લાખો લોકો અખાતના દેશોમાં રહે છે પણ એ બધા મતદારો ભારતના છે. સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન (એસઆઈઆર) દરમિયાન એ લોકો હાજર નહીં હોય તેથી તેમનાં નામ મતદાર યાદીમાંથી કાઢી નંખાશે એવો ડર ડાબેરીઓ બતાવી રહ્યા છે. તમિળનાડુમાં શ્રીલંકાથી ભાગી આવેલા તમિલ ભાષીઓ ગેરકાયદેસર રીતે ભારતના નાગરિક બની ગયા છે એવા દાવા કરાઈ રહ્યા છે. તેમને દૂર કરવાના બહાને મુસ્લિમોનાં નામ કાઢી નખાશે એવો ડર સ્ટાલિન સહિતના નેતા બતાવી રહ્યા છે.

મમતા, સ્ટાલિન અને વિજયન પોતાની મતબેંકોને સાચવવા માટે સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન (એસઆઈઆર)નો વિરોધ કરી રહ્યાં છે એ કહેવાની જરૂર નથી. એ લોકો ભાજપના ઈશારે ચૂંટણી પંચ રાજકીય રમત રમી રહ્યું હોવાના આક્ષેપો કરે છે પણ વાસ્તવમાં પોતે જ રાજકારણ રમી રહ્યાં છે. સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન (એસઆઈઆર) મતદાર યાદીમાં સુધારાની પ્રક્રિયા છે કે જે સમયાંતરે હાથ ધરાય છે. દેશના મતદાર યાદીમાં દેશના નાગરિક ના હોય એવા લોકોને દૂર કરવાનો તેનો મુખ્ય ઉદ્દેશ છે. આ કામગીરી રાષ્ટ્રના હિતમાં છે તેથી કેન્દ્રીય ચૂંટણી પંચ સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન (એસઆઈઆર) હાથ ધરીને કશું ખોટું કરી રહ્યું નથી કે ગેરબંધારણીય પણ કરી રહ્યું નથી.

બિહારમાં સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન (એસઆઈઆર) હાથ ધરાયું તેની સામે થયેલી અરજીનો નિકાલ કરતી વખતે સુપ્રીમ કોર્ટે સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન (એસઆઈઆર)ની બંધારણીયતા પર મંજૂરીની મહોર મારી જ છે. હવે તમિળનાડુ સરકારે સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન (એસઆઈઆર)ને સુપ્રીમ કોર્ટમાં પડકારતી અરજી કરી છે ને તેમાં પણ એ જ ચુકાદો આવશે તેથી દૂધનું દૂધ ને પાણીનું પાણી થઈ જ જશે.

ટૂંકમાં સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન (એસઆઈઆર)ની બંધારણીયતા સામે કોઈ પ્રશ્ન જ નથી છતાં સ્ટાલિન, મમતા, વિજયન સહિતના નેતા સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન (એસઆઈઆર) સામે શંકા કરી રહ્યાં છે તેનું કારણ કેન્દ્રીય ચૂંટણી પંચની શંકાસ્પદ વિશ્વસનિયતા છે. બલકે એમ કહી શકાય કે, ચૂંટણી પંચની કોઈ વિશ્વસનિયતા જ નથી. ચૂંટણી પંચ શાસક પક્ષના તાબેદાર તરીકે વર્તે છે એવા આક્ષેપો થાય છે અને આ આક્ષેપો સાચા લાગે એ રીતે પંચ વર્તે છે તેની બધી મોંકાણ છે. એક બંધારણીય સંસ્થા શંકાસ્પદ રીતે વર્તે તેનો ફાયદો નેતાઓ લેવાના જ અને મમતા, સ્ટાલિન, વિજયન વગેરે એ જ કરી રહ્યાં છે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન - સૌર હેમંતઋતુ,
ગુરુવાર, તા. ૬-૧૧-૨૦૨૫, ઈષ્ટિ

- ભારતીય દિનાંક ૧૫, માહે કાર્તિક, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૭, કાર્તિક વદ-૧
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે કાર્તિક, તિથિ વદ-૧
- પારસી શહેનશાહી રોજ ૨૪મો દીન, માહે ૩જો ખોરદાદ, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૨૪મો દીન, માહે ૪થો તીર, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૨૧મો ગોવાદ, માહે ૯મો આદર, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૧૪મો, માહે ૫મો જમાદિલ અવ્વલ, સને ૧૪૪૭
- મીસરી રોજ ૧૬મો, માહે ૫મો જમાદિલ અવ્વલ, સને ૧૪૪૭
- નક્ષત્ર કૃત્તિકા મધ્યરાત્રિ પછી ક. ૨૭-૨૭ સુધી (તા. ૭), પછી રોહિણી
- ચંદ્ર મેષમાં સવારે ક. ૧૧-૪૬ સુધી, પછી વૃષભમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મેષ (અ, લ, ઈ), વૃષભ (બ, વ, ઉ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૪૨, અમદાવાદ ક. ૦૬ મિ. ૪૮, સ્ટા. ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૦૨, અમદાવાદ ક. ૧૭ મિ. ૫૮, સ્ટા. ટા.
- -ઃ મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ ઃ-
- ભરતીઃ સવારે ક. ૧૧-૪૭, મધ્યરાત્રે ક. ૦૦-૪૬
- ઓટઃ સાંજે ક. ૧૮-૦૧
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વશ્વાવસુ' નામ સંવત્સર, કાર્તિક કૃષ્ણ - પ્રતિપદા. ઈષ્ટિ, મંગળ પશ્ચિમમાં અસ્ત થાય છે. સામાન્ય દિવસ.
- શુભાશુભ દિનશુદ્ધિઃ સામાન્ય દિવસ
- મુહૂર્ત વિશેષઃ અગ્નિદેવતા, સૂર્ય-ગુરુ ગ્રહદેવતાનું પૂજન, ધાન્ય ઘરે લાવવું, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર પાઠ વાંચન.
- આચમનઃ ચંદ્ર-હર્ષલ યુતિ અચોક્કસ સ્વભાવના, ચંદ્ર-મંગળ પ્રતિયુતિ કજિયાખોર.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-હર્ષલ યુતિ, ચંદ્ર-મંગળ પ્રતિયુતિ
- ગ્રહગોચરઃ સૂર્ય તુલા, મંગળ-વૃશ્ચિક, માર્ગી બુધ-વૃશ્ચિક, ગુરુ-કર્ક, શુક્ર-તુલા, વક્રી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, વક્રી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચ્યુન-મીન, માર્ગી પ્લુટો-મકર. ■

## મુખ્બિરે ઈસ્લામ

અનવર વલિયાણી
anwar.v@bombaysamachar.com

# ઝબાન સંભાલ કેઃ પહેલાં તોલ, ફરી બોલ

**માનવીનો** દરેક અવયવ જીભને પૂછતો હોય છે તેને (જીભને) બોલવું જોઈએ કે ચુપ રહેવું જોઈએ?

- હદીસ (પયગંબર મોહમ્મદ સાહેબ તથા સહાબી - સાથી સંગાથી હઝરતોનાં કથનો, કાર્યપ્રણાલી)ના અભ્યાસથી સ્પષ્ટ જાણવા મળે છે કે બોલવું અને ચુપ રહેવું એ બેયની સરખામણી કરવામાં આવે તો બોલવું એ ચાંદી જેવું છે અને ચુપ રહેવું સોના સમું છે.

- એ બીજી વાત છે કે ક્યારેક બોલવું સોનાસમું બની જાય છે અને ચુપ રહેવું માટી-ખાખ બરાબર! ખાસ કરીને જ્યારે હળાહળ કલયુગ - કયામતનો - ગેરમાર્ગે દોરતો યુગ હોય ત્યારે ચુપકીદી કાતિલ ઝેર સમાન હોય છે. સાચું બોલવું જરૂરી બની જાય છે.

- પરંતુ આજે આપણે ઈન્સાનના ગુનાહોનો વધારે ભાગ જીભના પ્રતાપે જ હોવા વિષેની જાણકારી - હિદાયત (આજ્ઞા - માર્ગદર્શન) વિશેની સમજ અને તેના લાભોની જાણકારી હાંસલ કરીશું:

* જીભને નકામી વાતો કરવાથી અટકાવો, કેમ કે ગુનાહોનો વધારે ભાગ જીભના પ્રતાપે જ છે. જીભથી વધીને બીજું કોઈ અવયવ ગુનાહ નથી કરતું.
* પોતાની જીભને હંમેશાં બચવતા રહો, માત્ર એ જ વાત કરો કે જે તમને જન્નતના હકદાર બનાવવા નિમિત્ત બને - સ્વર્ગમાં લઈ જાય. જીવનને સુખ - શુકુન બનાવે.
* મોમિન બંદો - ઈન્સાન માત્ર જ્યાં સુધી ચૂપ રહે છે, ત્યાં સુધી તેની ગણતરી નેક (સજ્જન, શુભચિંતક) લોકમાં થાય છે.
* જે માણસ દુનિયા અને આખેરત (મૃત્યુ લોકનું અમર જીવન)ની સલામતી ચાહતો હોય તેણે ખામોશ - ચુપ રહેવું જોઈએ.
* ઈન્સાનને ઊંધા મોઢે જહન્નમ (દોઝખ - નર્કાગાર)માં નાખવાનું કારણ તેની જીભ છે. અર્થાત્ 'જબાન સંભાલ કે.'
* કોઈ બંદાને જ્યારે અલ્લાહ (ઈશ્વર, પ્રભુ, ગૉડ) નેકી (ભલમનસાઈ, પ્રમાણિકતા) આપવા માગે છે, ત્યારે તેની જીભને સંભાળવામાં મદદ કરે છે.
* બીજાના અયબ (ખરાબીઓ, ખામીઓ) જોવાને બદલે પોતાની ત્રુટિઓ જોવામાં મશગૂલ (ધ્યાન મગ્ન) કરી દે છે.
* જેનું બોલવું વધારે હોય તેની અક્કલ અધૂરી અને મન કઠણ હોય છે. 'પથ્થર દિલ'ની ઉક્તિનુસાર.
* ઈન્સાનનું મન સહીહ (સ્વચ્છ) થાય છે, જ્યારે તેનું દિલ દુરસ્ત (સારું - ચોખ્ખું) થાય અને દિલ ત્યારે જ દુરસ્ત થાય છે, જ્યારે એની જીભ દુરસ્ત થાય.

**બોધઃ** મોમિન (એક સાચા શ્રદ્ધાળુ - અલ્લાહ પર ઈમાન - આસ્થા લાવનાર)ની જીભ દિલની પાછળ રહેવી જોઈએ. પહેલા વિચાર કરે, પછી યોગ્ય હોય તો વાત કરે, નહીં તો ચૂપ રહે - ખામોશી ગ્રહણ કરે.

- મુનાફિક (ઢોંગી, દંભી, પાખંડી, દહીં અને દૂધ બંનેમાં પગ રાખનાર)ની વાત એનાથી વિરુદ્ધ હોય છે. તે ફક્ત બકતો (બડબડતો - બકવાસ કરતો) રહે છે. એને એની ફીકર ચિંતા નથી કે પોતે શું બોલે છે.

વ્હાલા વાચક બિરાદરો! પહેલાં તોલો, પછી બોલો.

* વાતને સમજબુદ્ધિની કસોટી પર ચડાવીને પારખી લ્યો.
* ખુદા માટેની વાત હોય તો બોલો નહીં તો ચૂપ રહો.
* તદ્દ્ન ચુપ બલકે મુંગા બની જાવ.

* * *

બુરાઈ કે બદલે ભલાઈ દીયે જા

- જીવન એટલે શું?
- કમાણીમાં વધારો કરવો?
- દોસ્તોની સંખ્યામાં વધારો કરવો?
- માહિતીમાં વધારો કરવો?
- સવારે ઊઠવું કામધંધે જવું?
- ખાવું-પીવું ને સૂઈ જવું?
- બાળકો પૈદા કરવા? વગેરે, વગેરે...!
- શું આને જ જીવન કહેવાતું હોય તો તે ઊંડો - ગંભીર વિચાર માગી લે છે? તેવો પ્રશ્ન તમને કદી થતો નથી, - કારણ કે,
- જૈવિક વિકાસ થવો,
- શરીરનું યુવાન અને વૃદ્ધ થવુંને જ જીવન જીવ્યાનું નથી કહેવાતું. તે તો પશુ - પક્ષી - પ્રાણીઓમાં પણ છે તો સવાલ જાગે છે કે, મકસદે હયાત (જીવતા જીવનો હેતુ) શું છે?
- એક વિચારકે લખ્યું છે કે જીવન એ કોરા કાગઝ જેવું છે.
- કેટલાક બંદા તેની પર આડાઅવળા ચિત્રકામ કરે છે,
- કેટલાક આ કાગળ બરાબર નથી તેવું કહ્યા કરે છે,
- કેટલાક તેને ફાડી નાખે છે,
- કોઈક વીરલા તેની પર સુંદર ચિત્રકામ કરે છે અને દુનિયા તજે છે. પરંતુ
- મોટાભાગના માનવી જીવન જીવતા જ નથી.
- તેઓ હંમેશાં 'આ બરાબર નથી, પેલું બરાબર નથી' તેવું રટ્યા કરે છે, તેવા લોકો પાસે બેસીએ તો કોઈને કોઈ વાતની ફરિયાદ કરતા રહેવાના. તેઓ એટલું પણ નથી સમજતા કે જે રીતે આપણું શરીર ચામડીથી મઢેલું છે, તેવી રીતે દુઃખ - આપત્તિઓથી પણ જીવન મઢાયેલું છે.
- આ દુનિયામાં બધા તો દૃષ્ટિ વિહોણા નથી, હા, કેટલાક લોકો (વર્તમાન દૌરમાં તો ઘણા બધા) જાણી જોઈને આંખો મીંચી દેતા હોય છે અને તેથી જ ઈશ્વરીય વાણી કુરાને તેની ઉમ્મત (પ્રજા - અનુયાયી)ને સાવધ કરી છે કે તેમને ત્રણ બાબતો અતા કરાય છેઃ અર્થાત્ આપવામાં આવી છેઃ

૧. આંખ, ૨. કાન અને ૩. ઝમીર - અંતરાત્મા.

- આમ છતાં આપણે તેનો સાચા અર્થમાં ઉપયોગ કરતા નથી અને ફરિયાદ કરતા રહીએ છીએ કે અમે દુઃખી છીએ! જરા આજુબાજુના લોકો પર નજર કરો અને સંવેદનશીલ બનો તો, જીવન ઘણું બધું આપશે.

**બોધઃ** Make Each Day Count નામના પુસ્તકમાં દરેકે દરેક દિવસ યાદગાર બની રહે તે માટે સૂચનો અપાયાં છે. તેમાં લાગણીશીલતા માટે આપણ જે કર્મ કરીએ તેને હજુ થોડું વધુ સારી રીતે કરીએ.

- વાસ્તવમાં તો જીવન એક સતત વરસતા વરસાદ જેવું છે, અગર આપણે જીવનમાં વ્યર્થ - નકામો કચરો ભરતા રહીએ તો એવું જરૂર લાગવાનું કે બધું બરાબર હોવા છતાં કંઈ જ બરાબર નથી. કશુંક ખૂટતું હોવાની લાગણી થતી રહેવાની. અસમંજસ થતી રહેશે.
- આવી વિચાર પ્રક્રિયામાંથી બહાર આવવા દરરોજ એવું એક સુકર્મ - વ્યવહાર - આચરણ કરો, જેથી આવું દરરોજ કર્યાનો દિવસ તમને યાદ રહે અને પછી તમે કેટલું જીવ્યા તે નહીં પણ કેવું જીવ્યાનો અહેસાસ - અનુભૂતિ થશે અને જે જીવ્યા તે ખરેખર સારું જીવ્યા કહેવાશે.
- આવું જીવન દુનિયામાં શુકુન આપશે અને આખેરત - મૃત્યુ લોકના જીવનને અમર બનાવશે તેમાં શંકાને કોઈ જ સ્થાન નથી.
- દુનિયાનો દરેક ધર્મ 'ભલા કર, ભલા હોગ'નો જ ઉમ્મતને બોધ આપે છે, તાલીમ આપે છે - શિક્ષણ આપે છે.

મઝહબે ઈસ્લામ દીન (ધર્મ) સાથે દુનિયાનું જીવન કઈ રીતે આબાદ બને તેની બંદાને તાલીમ આપે છે. જેને મોમીનોએ સાચા અર્થમાં સમજી લેવાની જરૂર છે. ખોટા અર્થઘટનો કરવાથી ધંધાદારી મુલ્લાઓના બહેકાવાથી સાવધ રહેવાની જરૂર છે. ચેતતો નર સદા સુખી.

* * *

**પ્રેરણાસ્ત્રોતઃ**

જહન્નમ (દોઝખ) એ લોકો માટે છે જેઓ બુરાઈનો રસ્તો દેખાડે અને નેકીઓ (સત્ય)થી રોકે.

* * *

**સાપ્તાહિક સંદેશ**

* જે બે ભાઈઓ, પિતા-પુત્ર, પતિ-પત્ની વચ્ચે અદાવત ઊભી કરે તેના પર અલ્લાહની લાનત (ધિક્કાર) છે.
* કષ્ટ અને મુસીબતની ક્ષણો ગુનાની ક્ષણોને ટૂંકાવી દે છે.
* તમારી ઔલાદ સાત વર્ષની થાય તો તેમને અલગ સૂવડાવો (પોતાની સાથે લઈને સૂવું નહીં.)

- અલ હદીસ ■

## પહેલા પાનાનું ચાલુ

### ટ્રમ્પના અંતનો

અને તેના અંતનો આરંભ પણ ન્યૂ યૉર્કથી જ થશે. ટ્રમ્પે સોશ્યલ મીડિયા ટ્રૂથ પર તરત જ મમદાનીના પડકારને સ્વીકાર્યો હતો. ઝોહરાન મમદાની ભારતીય ફિલ્મનિર્માત્રી મીરાં નાયર અને ભારતીય મૂળના વિદ્વાન કોલમ્બિયા યુનિવર્સિટીના પ્રોફેસર મહમૂદ મમદાનીના દીકરા છે. ઝોહરાને ચૂંટણીમાં ભૂતપૂર્વ ગવર્નર એન્ડ્રુ કુઓમો અને રિપબ્લિકન ઉમેદવાર કર્ટિસ સ્લિવાને હરાવ્યા હતા. ન્યૂ યોર્કના નવા મેયરે જીવનનિર્વાહના વધેલા ખર્ચ સહિતની વર્કિંગ-ક્લાસ (શ્રમિક વર્ગ)ની સમસ્યા ઉકેલવા કાર્ય કરવાની બાંયધરી આપી હતી.

અમેરિકાના સૌથી મોટા શહેર ન્યૂ યોર્કના ૧૧૧મા મેયર તરીકે ઝોહરાન મમદાની જાન્યુઆરીમાં હોદ્દો સંભાળી લેશે. તેમનો આ વિજય અમેરિકાના રાજકારણ માટે મહત્ત્વની બાબત ગણાય છે, કારણ કે પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ પોતે ન્યૂ યોર્કના મૂળ વતની છે અને તેમણે મતદારોને મમદાનીની વિરુદ્ધમાં મતદાન કરવા અનુરોધ કર્યો હોવા છતાં મમદાની આ ચૂંટણી જીતી ગયા હતા.

ન્યૂ યોર્કના મેયરપદની ચૂંટણીમાં ૯૧ ટકા મતદાન થયું હતું અને તેમાં મમદાનીને ૧૦,૩૬,૦૫૧ મત (૫૦.૪ ટકા), એન્ડ્રુ કુઓમોને ૮,૫૪,૯૯૫ (૪૧.૬ ટકા) અને કર્ટિસ સ્લિવાને ૧,૪૬,૧૩૭ મત મળ્યા હતા. મમદાનીનો જન્મ યુગાંડાના કમ્પાલામાં થયો હતો. તેમણે વિજય બાદ ટેકેદારોને સંબોધતી વખતે ભારતના પ્રથમ વડા પ્રધાન જવાહરલાલ નહેરુના નિવેદનને ટાંકીને જણાવ્યું હતું કે ન્યૂ યોર્કના રાજકારણમાં નવા યુગનો પ્રારંભ થયો છે. તેમણે વિજય બાદ કરેલા પચીસ મિનિટના પ્રવચનનો અંત હિંદી મુવી 'ધૂમ'ના ગીત 'ધૂમ મચાલે'થી કર્યો હતો. અગાઉ, મમદાની ન્યૂ યોર્કમાંના મૂળ ભારતીય મતદારોને આકર્ષવા 'દીવાર', 'કર્ઝ' અને 'ઓમ શાંતિ ઓમ'ના સંવાદો પણ બોલ્યા હતા. (એજન્સી) ■

### અમેરિકા પર

વસૂલવાનું ચીન ચાલુ રાખશે, એમ તેમણે કહ્યું હતું. અમેરિકાના પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પ અને ચીનના પ્રમુખ શી જિનપિંગ વચ્ચે ગયા અઠવાડિયે યોજાયેલી બેઠક બાદ આ નિર્ણય લેવામાં આવ્યો હતો. વિશ્વના સૌથી મોટા બે ર્થતંત્ર વચ્ચે વધેલા તણાવને હળવો કરવા પગલાં લેવા સંબંધિત ચર્ચા આ બેઠકમાં કરવામાં આવી હતી. સ્ટેટ કાઉન્સિલ ટૅરિફ કમિશન દ્વારા બહાર પાડવામાં આવેલા નિવેદન મુજબ વધારાનો ૨૪ ટકા ટૅરિફ સસ્પેન્ડ કરવાનો નિર્ણય તાત્કાલિક અસરથી અમલી બનશે અને તે આગામી એક વર્ષ સુધી લાગુ રહેશે. (એજન્સી)

### ૧૨૧ બેઠક

ચૂંટણી જીતવાની આશા રાખે છે, જ્યારે તેમના મુખ્ય હરીફ ભાજપના સતીશકુમાર છે, જેમણે ૨૦૧૦માં જનતા દળ (યુ) વતી ચૂંટણી લડતી વખતે તેજસ્વીનાં માતા રબડીદેવીને હરાવ્યા હતા. દરમિયાન, જન સુરાજ પાર્ટીના સ્થાપક પ્રશાંત કિશોરે પણ યાદવની સામે ચૂંટણી લડવાની જાહેરાત કરતા આ બેઠક પરના રાજકારણમાં ગરમાટો આવ્યો હતો, પણ બાદમાં કિશોરે ચૂંટણી નહિ લડવાનો નિર્ણય લીધો હતો. તેમના પક્ષે આ બેઠકની ટિકિટ બહુ ઓછા જાણીતા ઉમેદવાર ચંચલ સિંહને આપી છે. (એજન્સી) ■

### અમેરિકા-રશિયા

દુનિયાની આ બે મહાસત્તા વચ્ચે ફરી શસ્ત્રોની દોટ અને શીતયુદ્ધ શરૂ થવાની શક્યતા ઊભી થઇ છે.

કેલિફોર્નિયાના વાંડેનબર્ગ બેઝ ખાતેથી છોડાયેલી આ મિસાઇલે ૭,૫૦૦ કિલોમીટર દૂર માર્શલ દ્વીપની પાસેના રોનાલ્ડ રેગન બેલિસ્ટિક મિસાઇલ ડિફેન્સ ટેસ્ટ સાઇટ ખાતેના નિર્ધારિત લક્ષ્યને સાધ્યું હતું.

અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે અણુશસ્ત્રોનાં પરીક્ષણ માટે તાજેતરમાં નિવેદન કર્યું, તે પછી આ મિસાઇલનું પરીક્ષણ કરાયું હતું. અમેરિકા ૨૦૩૦ સુધીમાં નવી અત્યાધુનિક મિસાઇલો તૈયાર કરવાની યોજના ધરાવે છે.

અણુશસ્ત્રોનું પરીક્ષણ રોકવા માટેના વ્યાપક કરાર - કૉમ્પ્રિહેન્સિવ ટેસ્ટ બૅન ટ્રીટી (સીટીબીટી)નો અમેરિકા પૂરો અમલ નથી કરતું. ટ્રમ્પ હાલમાં અમેરિકા અને સોવિયત સંઘ વચ્ચેના શીતયુદ્ધની યાદ અપાવે એવા નિવેદનો કરી રહ્યા છે.

ઇન્ટરકૉન્ટિનેન્ટલ બેલિસ્ટિક મિસાઇલ 'મિનિટમૅન-થ્રી'નું પરીક્ષણ રશિયા દ્વારા તાજેતરમાં જ કરાયેલા લાંબા અંતરના લક્ષ્યને સાધવાની ક્ષમતા ધરાવતી આવી મિસાઇલના જવાબમાં કરાયું હોવાનું કહેવાય છે. ■

### હરિયાણાના દસ

ફોટોગ્રાફનો ઉપયોગ કરીને તેનું નામ રાઈ વિધાનસભા મતદારક્ષેત્રના દસ બૂથમાં બાવીસ વાર ઉમેરાયું હતું. રાહુલે વધુમાં કહ્યું હતું કે ચૂંટણી પંચે 'ઑપરેશન સરકાર ચોરી' લોન્ચ કર્યું હતું જેથી હરિયાણામાં મારા પક્ષના ભવ્ય વિજયને હારમાં ફેરવી શકાય.

લોકસભાના વિરોધ પક્ષના નેતા રાહુલે કહ્યું હતું કે હું ચૂંટણી પંચ અને દેશની લોકતાંત્રિક પ્રોસેસને પડકારી રહ્યો છું અને હું આ ૧૦૦ ટકા પુરાવા સાથે કરી રહ્યો છું. રાહુલે આક્ષેપ કર્યો હતો કે ચીફ ઈલેકશન કમિશનર જ્ઞાનેશ કુમાર અને બીજા બે કમિશનરે ભાજપ સાથે સાંઠગાંઠ કરીને શાસક પક્ષને વિજય મળે એની તકેદારી લીધી હતી. રાહુલે દાવો કર્યો હતો કે આ કમિશનરો વડા પ્રધાન નરેન્દ્ર મોદી સાથે ભાગીદારીમાં છે. કૉંગ્રેસ નેતાએ વધુમાં આક્ષેપ કર્યો હતો કે મુખ્ય ચૂંટણી કમિશનરે ભારતના લોકો આગળ એવું જુઠાણું કહ્યું છે કે બેઘર લોકોને 'હાઉસ નંબર ઝીરો' દેવામાં આવે છે અને આ ઝીરો નંબર હાઉસની વાસ્તવિકતા છે. બૂથ લેવલ ઑફિસર મ્યુનિસિપાલિટી કે પંચાયતે જે ઘરને નંબર ન દીધા હોય એને શૂન્ય નંબર આપે છે. કમિશનર કુમારે કહ્યું હતું કે કરોડો લોકોને શૂન્ય નંબર દેવામાં આવ્યા છે કારણ કે પંચાયત કે મ્યુનિસિપાલિટીએ ઘરને નંબર દીધા નથી. ઈંદિરા ભવનમાં પત્રકારોને સંબોધતા રાહુલે કહ્યું હતું કે હરિયાણાની મતદારયાદીમાં ૨૫,૪૧,૧૪૪ બનાવટી મતદાતા છે અને આમાં ડુપ્લિકેટ મતદાતાના અનેક ઉદાહરણો, ગેરકાયદે સરનામા અને જથ્થાબંધ મતદાતાનો સમાવેશ થાય છે. હરિયાણામાં દર આઠમાંથી એક વોટર બનાવટી છે. આમ છતાં આઠ બેઠકમાં કૉંગ્રેસનો ફક્ત ૨૨,૭૭૯ મતથી જ પરાજય થયો છે. મને હરિયાણાના પરિણામથી આઘાત લાગ્યો. મેં મારી ટીમને અનેક વાર ચકાસણી કરવા કહ્યું. હું યુવાન મતદાતા અને જેન ઝીને એ સમજાવવા માગું છું કે તમારા ભવિષ્યની ચોરી થઈ રહી છે.

#### રાહુલનો દાવો વાહિયાતઃ ચૂંટણી પંચ

ચૂંટણી પંચના અધિકારીઓએ બુધવારે કહ્યું હતું કે રાહુલ ગાંધીનો મતદારયાદીમાં ઘાલમેલનો આક્ષેપ 'પાયાવિહોણો છે, કારણ કે હરિયાણામાં મતદારયાદી સામે કોઈ અપીલ નોંધાવવામાં આવી નથી. અધિકારીઓએ સવાલ કર્યો હતો કે શા માટે કૉંગ્રેસના બૂથ એજન્ટે ઓક્ટોબર ૨૦૨૪ની હરિયાણા ચૂંટણીમાં અનેક વાર મતદાન કરનાર સામે અવાજ કેમ ઉઠાવ્યો નહીં. કૉંગ્રેસના બૂથ લેવલના એજન્ટે મતદારયાદીની સમીક્ષા વખતે અનેક નામો સામે વાંધો ઉઠાવ્યો નહોતો.

#### દેશને બદનામ કરવાનો પ્રયાસ : ભાજપ

હરિયાણા વિધાનસભાની ચૂંટણીમાં વ્યાપક મતચોરીના રાહુલ ગાંધીના આક્ષેપને ભાજપે 'ખોટા અને પાયાવિહોણા' કહીને નકારી કાઢ્યા છે. તેમણે રાહુલ પર આક્ષેપ કર્યો હતો કે પોતાની વિફળતા છુપાવવા અને દેશની લોકશાહીને બદનામ કરવા રાહુલ આવા સવાલો ઉઠાવી રહ્યા છે. સંસદીય બાબતોના પ્રધાન કિરણ રિજિજુએ પત્રકાર પરિષદમાં કહ્યું હતું કે ગાંધી 'ભારતવિરોધી પરિબળો' સાથે સાંઠગાઠ કરીને દેશને બદનામ કરી રહ્યા છે. (એજન્સી) ■

# લક્ઝરી કાર ભારતમાં આયાત કરવાનું કૌભાંડઃ ૨૦૦ કરોડની કસ્ટમ્સ ડ્યૂટીમાંની ચોરી પકડાઈ

## ડીઆરઆઈના અધિકારીઓએ અમદાવાદ, મુંબઈ, દિલ્હી, બેંગ્લોર, ચેન્નઈમાં દરોડા પાડી પચીસ લક્ઝુરીયસ કાર જપ્ત કરી તપાસ હાથ ધરીઃ દુબઈ-શ્રીલંકા માર્ગે અમેરિકા-જાપાનથી કાર આયાત કરાતી હતી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ડી.આર.આઈ.ના અધિકારીઓએ અમદાવાદ, કંડલા, મુન્દ્રા, પીપાવાવ, મુંબઈ, દિલ્હી, બેંગ્લોર, હૈદરાબાદ અને પુણેમાં દરોડાની કાર્યવાહી હાથ ધરીને ૫૦ લક્ઝરીયસ ગાડીઓ જપ્ત કરી હતી. ડી.આર.આઈ.એ આ મામલે હૈદરાબાદના માસ્ટરમાઈન્ડ બશરથ ખાનની ધરપકડ કરી હતી. ધરપકડ થયા બાદ બશરથ ખાને કાનૂની લડત ચલાવી હતી, પરંતુ કોર્ટના આદેશ મુજબ સાડા સાત કરોડ જમા કરાવી દીધા હતા.

ડીઆરઆઈના અધિકારીઓએ અત્યાર સુધીમાં ૨૦ કરોડની રિકવરી કરી છે. સમગ્ર કૌભાંડ અંદાજે ૨૦૦ કરોડની કસ્ટમ ડ્યૂટીની ચોરી કરી હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે. એટલું જ નહીં સમગ્ર કેસની તપાસ છેલ્લા બે મહિનાથી ચાલી રહી છે અત્યાર સુધીમાં આરોપીએ ૨૫ કરોડથી વધારેની લક્ઝરી ગાડીઓ ૫૦ ટકા ડિસ્કાઉન્ટમાં અમેરિકા અને જાપાનથી આયાત કરી છે જેની તપાસ ચાલી રહી છે. હાલ આરોપીની પૂછપરછ બાદ તેને કસ્ટડીમાં મોકલી દેવામાં આવ્યો છે જપ્ત કરવામાં આવેલી ગાડીઓની કિંમત ૫૦ કરોડથી વધારે થવા જાય છે, જેમાં રોલ્સ રોયસ, લેક્સસ, ટોયોટા લેન ક્રુઝર જેવી લક્ઝરી ગાડીઓનો સમાવેશ થવા જાય છે. આ ગાડીઓ કોણે બુક કરાવી તેની પણ તપાસ ચાલી રહી છે, જેમાં રાજકીય નેતાઓ અને સેલિબ્રિટીઓના નામ પણ ટૂંક સમયમાં બહાર આવશે. ૫૦ કરોડની ગાડી કોણે કોણે બુક કરાવી અને અત્યાર સુધીમાં કેટલી ગાડીઓ દેશભરના પોર્ટ ઉપર કન્ટેનરમાં આવી તેની તપાસ ચાલી રહી છે. ડીઆરઆઈ દ્વારા આ મામલે સંપૂર્ણ તપાસ કરવામાં આવી રહી છે અને નજીકના દિવસોમાં વધુ ધરપકડો કરવામાં આવે તેવી શક્યતાઓ છે.

આ અંગે ડીઆરઆઈના ટોચના સૂત્રોએ જણાવ્યું હતું કે, યુકે, અમેરિકા તેમ જ જાપાનથી લાવવામાં આવતી ઈમ્પોર્ટેડ ગાડીઓ દુબઈ અને શ્રીલંકા લઈ જવામાં આવે છે અને ત્યાંથી બોગસ દસ્તાવેજો બનાવીને ગાડીની ઓછી ઇન્કમ બતાવવામાં આવે છે તેની પાછળનું કારણ એવું છે કે એક કરોડની ગાડીની ઇન્ડિયામાં ૨૦૦ ટકા કસ્ટમ ડ્યૂટી હોવાને કારણે બે કરોડ રૂપિયાની ડ્યૂટી ભરવી પડે છે અને બોગસ દસ્તાવેજો બનાવીને બીજા દેશમાં ગાડી મોકલી દેવામાં આવે તો એક કરોડની ગાડી ૨૫ લાખમાં દસ્તાવેજ બનાવવામાં આવે છે, જેના કારણે સરકારને નુકસાન જાય છે આ પ્રકારની મોર્ડસ ઓપરેન્ડી ચલાવવામાં આવી રહી છે. ડીઆરઆઈ દ્વારા સમગ્ર કેસની તપાસ કરવામાં આવી રહી છે.

સૂત્રોના જણાવ્યા મુજબ ડી.આર.આઈ.ના અધિકારીઓએ હૈદરાબાદના બશરથ ખાન ૫૦ ટકાના ભાવે અમદાવાદ સહિત દેશભરમાં ઈમ્પોર્ટેડ ગાડીઓની આયાત કરતો હતો હાલ તેની પૂછપરછ થઈ ચૂકી છે.

સમગ્ર કૌભાંડમાં તેની સાથે સંકળાયેલા કેટલાક એજન્ટોને પણ નોટિસો આપવામાં આવી છે તથા જેમની જવાબદારી બે કરોડથી નીચેની કસ્ટમ ડ્યૂટી ભરવાની થતી હોય તેમના નિવેદનો લેવાના બાકી છે. તે રાજકારણીઓ અને સેલિબ્રિટી તેમજ ઉદ્યોગપતિઓને ગાડીઓ સપ્લાય કરતો હતો. અત્યાર સુધીમાં ૨૦૦થી વધુ ગાડીઓની આયાત વિદેશથી કરી ચૂક્યો છે જેની તપાસ ચાલી રહી છે અને આ સમગ્ર કૌભાંડની તપાસ દેશભરમાં ચાલી રહી છે.

# અતિ વ્યસ્ત અમદાવાદ એરપોર્ટને નવો ટેક્સી-વે મળશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના સરદાર વલ્લભભાઈ પટેલ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર કાર્યક્ષમતા વધારવાના હેતુથી કોડ સી વિમાનો માટે નવા સમાંતર ટેક્સીવે પર કામ શરૂ થવાનું છે. આમ થવાથી વ્યસ્ત થતા જતા અમદાવાદ એરપોર્ટની ફ્લાઇટ-હેન્ડલિંગ ક્ષમતામાં વધારો થશે, તેમ સૂત્રો જણાવે છે. નાગરિક ઉડ્ડયન મહાનિર્દેશાલય તરફથી મંજૂરી મળી જતા જ લગભગ ડિસેમ્બર મહિનાથી આ કામ શરૂ થશે, તેમ પણ સૂત્રોએ જણાવ્યું હતું.

આ ટેક્સીવે બન્યા બાદ એરક્રાફ્ટ રનવે સુધી સીધો પહોંચી શકશે. હાલમાં આ રૂટ લાંબો છે. આનાથી સમય અને ઈંધણ બચશે અને કાર્યક્ષમતામાં સુધારો થશે, તેમ પણ માનવામાં આવે છે. હાલમાં અહીં દર કલાકે લગભગ ૧૮-૨૦ હવાઈ ગતિવિધિઓ નોંધાય છે. નવો ટેક્સીવે કાર્યરત થયા પછી આ ગતિવિધિઓ વધશે. એરપોર્ટ સૂત્રોના જણાવ્યા અનુસાર એરપોર્ટની ક્ષમતામાં લગભગ ૨૦ ટકાનો વધારો કરશે અને ટેક ઓફ અને લેન્ડિંગ સરળ બનશે. સૂત્રોએ એમ પણ જણાવ્યું કે આ ટેક્સીવે રન વેના ઉપયોગને વધારવા અને વિમાનની ઝડપી એન્ટ્રી અને એક્ઝિટ માટે મહત્ત્વનો સાબિત થશે અને એરલાઈન્સ સાથે મુસાફરો માટે પણ રાહ જોવાનો સમય ઘટશે.

અમદાવાદ એરપોર્ટ સમગ્ર વર્ષ દરમિયાન લગભગ ૪૦,૦૦૦ મુસાફરોની સંખ્યા સાથે દરરોજ સરેરાશ ૨૮૦ ફ્લાઈટ્સનું સંચાલન કરે છે.

# બાળકને મળવાના પિતાના અધિકાર પર માતા તરાપ મારી શકે નહીંઃ ગુજરાત હાઇ કોર્ટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત હાઈ કોર્ટે બાળકની કસ્ટડી અને છૂટાછેડાના એક કેસમાં એક માતાને રૂ. ૧૦ હજારનો દંડ ફટકાર્યો હતો. કોર્ટે એવું મહત્ત્વપૂર્ણ અવલોકન કર્યું હતું કે, કોઇ પણ માતા બાળકને મળવાના તેના પિતાના કાયદેસરના અધિકાર ઉપર તરાપ મારી શકે નહીં. આ કેસમાં માતાએ કોર્ટના આદેશને અવગણીને સતત એવા પ્રયત્નો કરતી હોવાનું સામે આવ્યું છે કે બાળક તેના પિતાને મળી શકે નહીં. અરજદાર માતાના આવા વર્તનની કોર્ટ માત્ર નિંદા જ કરતું નથી, પરંતુ અરજીને રદ કરવાની સાથે દંડ કરવાનું પણ યોગ્ય માને છે. કોઈપણ અરજદારને કોર્ટના આદેશોનો ભંગ કરવાની પરવાનગી આપી શકાય નહીં.

આ કેસની મળતી વિગત મુજબ, બારડોલી ફેમિલી કોર્ટના આદેશની સામે અરજદારે હાઇ કોર્ટમાં અરજી કરી હતી. આ કેસમાં પિતા તરફથી હાઇકોર્ટ સમક્ષ એવી રજૂઆત કરવામાં આવી હતી કે પિતાએ બાળકની કસ્ટડી માટે કેસ કર્યો હતો. એપ્રિલ ૨૦૨૧માં તેની પત્ની પતિનું ઘર છોડીને જતી રહી હતી અને ત્યારથી તેઓ જુદા રહે છે. બીજી તરફ પત્નીએ પણ છૂટાછેડા અને ભરણપોષણની અરજી કરી હતી. આ અરજીઓ પેન્ડિંગ હતી એ દરમિયાન ફેમિલી કોર્ટે એક વચગાળાનો આદેશ કરી પિતાને દર રવિવારે અને દિવાળી તથા ઉનાળુ વેકેશનમાં બાળકને એક ચોક્કસ સમય દરમિયાન મળવા દેવાનો હુકમ કર્યો હતો. તેમ છતાંય પત્નીએ બાળકને પિતાથી દૂર રાખવાનો અને નહીં મળવા દેવાના પ્રયત્નો કર્યા હતા. તેથી તે બાળકને મળી શકતો નહોતો. પત્નીનું આ કૃત્ય કોર્ટના આદેશની પણ અવમાનના સમાન છે.

# દેવદિવાળીએ ગુજરાતનાં મુખ્ય યાત્રાધામો ભક્તિના રંગે રંગાયાં, ભક્તોનું ઘોડાપૂર ઊમટ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ કાર્તિક પૂર્ણિમા અને દેવદિવાળીના પવિત્ર પર્વ નિમિત્તે ગુજરાતનાં મુખ્ય યાત્રાધામો ભક્તિના રંગે રંગાયાં હતાં. આદ્યશક્તિપીઠ અંબાજી, ચોટીલા, શામળાજી મંદિર, ઊંઝા ઉમિયાધામ અને ખેડબ્રહ્મા અંબિકા મંદિરે વહેલી સવારથી જ શ્રદ્ધાળુઓની લાંબી કતારો જોવા મળી હતી. વહેલી સવારથી અંબાજી મંદિરમાં મંગળા આરતીના દર્શને ભક્તોની ભીડ ઉમટી હતી. જ્યારે શામળાજી મંદિરમાં પણ ભગવાન શામળિયાના દર્શને ભક્તો ઉમટી પડ્યા હતા. ઊંઝાના ઉમિયા મંદિરે પણ ભક્તોનું કીડિયારું ઊભરાયું હતું. જ્યારે સાબરકાંઠાના ખેડબ્રહ્મામાં અંબિકા મંદિરે અન્નકૂટ યોજાયો હતો, તેના દર્શને ભક્તોની ભીડ ઉમટી હતી. જ્યારે રાજ્યના અન્ય મંદિરમાં પણ ભક્તોનું ઘોડાપૂર ઊમટ્યું હતું.

દેવદિવાળી પર્વ નિમિત્તે જગવિખ્યાત યાત્રાધામ અને ૫૧ શક્તિપીઠો પૈકી એક અંબાજીમાં કાર્તિક પૂર્ણિમાના દિવસે વહેલી સવારે મંગળા આરતીમાં જોડાવા માટે ભક્તો સવારના ચાર વાગ્યાથી જ લાંબી કતારોમાં ઊભા રહી ગયા હતા.

યાત્રાધામ શામળાજીમાં કાર્તિકી પૂર્ણિમા અને દેવ દિવાળીની ભક્તિભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. ભગવાન શામળિયાના દર્શન કરવા માટે વહેલી સવારથી જ હજારો ભક્તો ઉમટી પડ્યા હતા અને મંદિરની બહાર લાંબી કતારો લાગી હતી. ભગવાન શામળિયાને અનોખો શણગાર કરવામાં આવ્યો હતો. તેમને ખાસ વાઘા પરિધાન કરાવવામાં આવ્યા હતા, જેમાં હીરા જડિત મુગટ અને સોનાના આભૂષણો સહિતના અલંકારો પહેરાવવામાં આવ્યા હતા, જેનાં દર્શન કરીને ભક્તોએ ધન્યતા અનુભવી હતી. કારતક સુદ પૂનમ નિમિત્તે ઊંઝાસ્થિત કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી મંદિરે વહેલી સવારથી મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ દર્શનાર્થે ઉમટી પડ્યા હતા. મંદિર સંકુલમાં માતાજીના દર્શન માટે લાંબી કતારો જોવા મળી હતી. પૂનમના પવિત્ર દિવસે ઊંઝા ઉમિયાધામ ખાતે પગપાળા સંઘો પણ વાજતે-ગાજતે આવી પહોંચ્યા હતા. જય મા ઉમિયાના જયઘોષથી સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું હતું.

સાબરકાંઠા જિલ્લાના યાત્રાધામ ખેડબ્રહ્મા ખાતે કારતકી પૂનમે અંબિકા માતાજીના મંદિરે ભવ્ય ૫૬ ભોગનો અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો. વહેલી સવારે અન્નકૂટ ભરવામાં આવ્યા બાદ મંગળા આરતી કરવામાં આવી હતી. ભક્તોએ વહેલી સવારથી દર્શનનો લાભ લીધો હતો. અન્નકૂટ દર્શન બપોરે ૧૨ વાગ્યા સુધી ખુલ્લા રાખવામાં આવ્યા હતા.

સુરન્દ્રનગર જિલ્લાના પવિત્ર યાત્રાધામ ચોટીલા ચામુંડા માતાજીના ડુંગરે કારતક માસની પૂનમ અને દેવદિવાળી નિમિત્તે ભક્તોનું ઘોડાપૂર ઉમટ્યું છે. વહેલી સવારથી જ શ્રદ્ધાળુઓ પવિત્ર યાત્રાધામ ચામુંડા માતાજીના ડુંગરે શીશ નમાવી આશીર્વાદ મેળવ્યા હતા.

# સસ્તા અનાજના દુકાનદારો સામે સરકાર ઝૂકીઃ રેશનિંગ દુકાનદારોની માગણીઓ સ્વીકારાતા હડતાળ સમેટાઇ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વ્યાજબી ભાવના દુકાનદારોની અચોક્કસ મુદતની હડતાળ આખરે ચોથા દિવસે સમેટાઈ હતી. વ્યાજબી ભાવના દુકાનદારો સામે સરકારે નમતું જોખવી પડ્યું હતું. નવેમ્બરના પ્રારંભથી શરૂ થયેલી રેશનિંગના દુકાનદારોની હડતાલ સરકાર સાથે યોજાયેલી બેઠક બાદ સમાધાન થતા છેવટે સમેટી લેવામાં આવી હતી. સરકાર દ્વારા રેશનિંગ એસોસિએશનના દુકાનદારોનાં સંગઠનો દ્વારા રજૂ કરાયેલા પડતર પ્રશ્નોમાંથી મોટાભાગના સ્વીકારી લેવાયા હતા. જ્યારે દુકાનદારોનું કમિશન ૨૦ હજાર રૂપિયાથી વધારીને ૩૦ હજાર કરવા બાબતે પુરવઠા વિભાગ નાણાં વિભાગને ૧૫ દિવસમાં દરખાસ્ત કરશે તેવી હૈયાધારણ અપાઇ હતી.

રાજ્યભરમાં રેશનિંગની ૧૭ હજાર દુકાનોમાં ૨૦ મુદ્દાઓની સરકાર સમક્ષ રજૂઆત કરીને ૧ નવેમ્બરથી હડતાલ શરૂ કરવામાં આવી હતી. જેમાં પુરવઠા વિભાગના દુકાનદારોના અનાજ વિતરણ માટેના સર્વેમાં વારંવાર ટેક્નિકલ ખામીઓ, અનાજની ઘટનો પ્રશ્ન અને કમિશન વધારવાની મુખ્ય માગણી હતી. પુરવઠા વિભાગના અધિકારીઓ સાથે એસોસિએશનના પદાધિકારીઓની મીટિંગ બાદ સરકારે આઠ જેટલી માગણી સ્વીકારી લીધી હતી પરંતુ તેનો સ્વીકાર કર્યાની માહિતી લેખિતમાં ન અપાતા હડતાલ યથાવત રહી હતી. મંગળવારે નાગરિક પુરવઠા પ્રધાન રમણ સોલંકી અને પુરવઠા નિયામક મયૂર મહેતાની ઉપસ્થિતિમાં સચિવાલય ખાતે ફરી લાંબી બેઠક યોજાયા બાદ ૧૦૦ કિલો સામે અત્યાર સુધી ૧૫૦ રૂપિયા મળતા હતા તે હવે ૩૦૦ રૂપિયા મળશે અને ૩૦ હજાર રૂપિયા સુધી કમિશન અપાશે તેવી હૈયાધારણ આપ્યા બાદ છેવટે હડતાલ સમેટી લેવામાં આવી હતી. તે સાથે જ પુરવઠા તંત્ર દ્વારા એસોસિએશનની માગણીઓનો હકારાત્મક પ્રતિભાવ અપાયો હતો. અનાજનો જથ્થો યોગ્ય વજન પ્રમાણે છે કે નહીં તે માટે દુકાનદારોને પહેલા બાયોમેટ્રિક પદ્ધતિમાં તકેદારી સભ્યોના ૮ સભ્યોની સહી લેવી પડતી હતી તેના બદલે બે સભ્યોની સહીથી જથ્થો લીધા બાદ દુકાનદારો તેમનું ચલણ જનરેટ કરી શકશે તેને પણ મંજૂરી અપાઇ છે. તે સહિત અન્ય પ્રશ્નો પણ સ્વીકારી લેવાયા છે. તેના કારણે બુધવારથી રાબેતા મુજબ અનાજ વિતરણ ચાલુ કરી દેવામાં આવ્યું હતું.

જો કે અગાઉ દુકાનદારોએ સરકારની સતત અપીલ છતાં જથ્થો ન ઉપાડતા ગ્રાહકોને મહિનાના પ્રારંભે જે અનાજના જથ્થાથી વંચિત રહેવું પડ્યું હતું. તેના કારણે સરકારે ખાસ કરીને તાલુકા-જિલ્લા સ્તરે સહકારી મંડળીઓને તાકીદે વિતરણ વ્યવસ્થા શરૂ કરવા માટે લેખિતમાં આદેશ આપ્યા હતા.

# જૂનાગઢ ભારતી આશ્રમના લઘુ મહંત મહાદેવ ભારતીબાપુ જંગલમાંથી મળી આવ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જૂનાગઢ ભવનાથ તળેટીમાં આવેલા ભારતી આશ્રમના લઘુમહંત ૧૦૦૮ મહામંડલેશ્વર મહાદેવભારતી (ઉ.૪૦) ૨ નવેમ્બરે વહેલી સવારના ૩.૪૭ વાગ્યે ૫ પાનાંની સુસાઇડ નોટ લખી આશ્રમમાંથી ગુમ થયા હતા. બાપુએ લખેલી સુસાઇડ નોટ મળ્યા બાદ જૂનાગઢ પોલીસ અને વહીવટી તંત્ર દ્વારા તેમને સહીસલામત શોધવા માટે ગિરનારના જંગલમાં એક વિશાળ સર્ચ-ઑપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. છેલ્લા બે દિવસની તપાસ બાદ બુધવારે વહેલી સવારથી પોલીસે સર્ચ ઓપરેશન હાથ ધરતા જંગલના ઈટાવા ઘોડી વિસ્તારમાં એક વૃક્ષ નીચેથી હેમખેમ મળી આવતા પોલીસ વન વિભાગ, ભવનાથ તળેટીના સાધુ-સંતો, મહંતએ હાશકારો અનુભવ્યો હતો. આ સાથે જ આશ્રમના ટ્રસ્ટીઓ, સેવકોએ પોલીસ અને વન વિભાગનો આભાર માન્યો હતો. ૩૦૦ જેટલા પોલીસ અને વન કર્મીઓની હાજરીમાં શરૂ થયેલા પોલીસના સર્ચ ઓપરેશનને સફળતા મળી હતી.

પોલીસની શોધખોળ દરમિયાન લાપતા લઘુ મહંત મહાદેવ ભારતી જટાશંકર હોવાનું અને આશ્રમમાં પરત લઈ જવા ટ્રસ્ટીને ફોન કરતા પોલીસ લોકેશન સ્થળે પહોંચતા મહાદેવ ભારતી મળી આવ્યા ન હતા.

લાપતા લઘુ મહંત મહાદેવ ભારતી બાપુને શોધવા જિલ્લાભરની પોલીસે વિવિધ ટીમો બનાવી જંગલની અનેક ખીણો ખુંદી નાખી છતા તેમની કોઈને ભાળ મળી ન હતી. આ ઉપરાંત ગીરનાર પર્વતની ટોચ સુધીની તપાસમાં અનેક લોકોના નિવેદનો લેવાયા હતા. ડોગ સ્કવોર્ડની મદદ પણ મેળવી હતી. તેમ છતાં અદ્રશ્ય થયેલા લઘુ મહંતના કોઈ સગડ મળ્યા નહોતા. લાપતા મહંતનો મોબાઈલ ફોન બંધ હોવાથી તેમનું લોકેશન પણ ટ્રેસ થઈ શકતું નહોતું.

આખરે બુધવારે સવારથી પોલીસે જંગલ વિસ્તારમાં વન વિભાગના કર્મચારીઓને સાથે રાખી સર્ચ ઓપરેશન હાથ ધરતા જંગલના ઈટાવા ઘોડી વિસ્તારના એક વૃક્ષ નીચે સુતેલી હાલતમાં લઘુમહંત મહાદેવ ભારતી બાપુ મળી આવ્યા હતા. તેઓ અશક્ત અને હલનચલન કરી શકે તેવી સ્થિતિમાં નહીં હોવાથી તેમને તુરત જ જંગલ બહાર લાવી સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા.

જૂનાગઢ ગિરનાર મંડળના અધ્યક્ષ અને ભારતી આશ્રમના મહંત મહામંડલેશ્વર હરિહરાનંદ ભારતી બાપુએ જણાવ્યું હતું કે મારા શિષ્ય મહાદેવભારતી બાપુ ચાર દિવસથી આશ્રમ છોડીને નીકળી ગયા હતા. પોલીસ-પ્રશાસનની મદદથી આજે મળી ગયા છે. હું તંત્ર અને મીડિયાનો ખૂબ-ખૂબ આભાર માનું છું. હાલ તેમની તબિયત સ્થિર છે. તેમને આવતીકાલે રજા અપાશે. તેમની સાથે કોઈપણ પ્રકારની વાતચીત થઈ નથી. તેઓ તંદુરસ્ત થઈ જશે પછી તેમની સાથે અમે વાર્તાલાપ કરીશું.

# કૉંગ્રેસની ખેડૂત આક્રોશ યાત્રાનો આજથી આરંભઃ સૌરાષ્ટ્રના ૧૧ જિલ્લામાં નેતાઓ સભા કરશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યમાં કમોસમી વરસાદે ગુજરાતના ખેડૂતોની મહેનત પર પાણી ફેરવી નાખ્યું છે, માવઠાના કારણે ખેડૂતોને મોટા પ્રમાણમાં નુકસાન થયું છે. ખેડૂતોને થયેલા ભારે નુકસાનને પગલે સરકાર તાબડતોડ સરવે કરી સહાય પેકેજ જાહેર કરે તેવી માગ ઊઠી છે. એક તરફ સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ નજીક છે ત્યારે વિરોધ પક્ષો પણ સરકારને આ મુદ્દે ઘેરી રહ્યા છે. સૌરાષ્ટ્રમાં પકડ મજબૂત કરવા માટે કોંગ્રેસ પણ મેદાને ઉતરી છે. કોંગ્રેસ પણ ખેડૂત આક્રોશ યાત્રા કાઢી રહી છે.

કૉંગ્રેસ અમિત ચાવડાની આગેવાનીમાં ૬ નવેમ્બર ગુરૂવારથી ગીર સોમનાથથી ખેડૂત આક્રોશ યાત્રા શરૂ કરવા જઈ રહી છે. આ યાત્રાનું ગીર સોમનાથથી જૂનાગઢ, અમરેલી, ભાવનગર, બોટાદ, સુરેન્દ્રનગર, મોરબી, રાજકોટ, જામનગર, પોરબંદર થઈ દ્વારકામાં સમાપન થશે. સૌરાષ્ટ્રના ૧૧ જિલ્લામાં આ યાત્રા ફરશે. તેને લઇને પ્રદેશ નેતાઓને જવાબદારી પણ સોંપી દેવાઈ છે. આ યાત્રા દરમિયાન કૉંગ્રેસના નેતાઓ ખેડૂતોની વેદના જાણવા ખેતર સુધી જશે અને નાની-મોટી સભાઓ કરી ખેડૂતોના પ્રશ્નો ઉઠાવશે.

મહત્ત્વની વાત તો એ છે કે આ ખેડૂત આક્રોશ યાત્રા માટે પ્રદેશના નેતાઓને પણ એક-એક જિલ્લામાં મેદાને ઉતારવામાં આવ્યા છે. વિધાનસભા કૉંગ્રેસ પક્ષના નેતા તુષાર ચૌધરી, પૂર્વ પ્રમુખ અને સાંસદ શક્તિસિંહ ગોહિલ, બનાસકાંઠાના સાંસદ ગેનીબેન ઠાકોર સહિતના પ્રદેશના નેતાઓ પણ એક-એક જિલ્લામાં ખેડૂત આક્રોશ યાત્રામાં હાજર રહેશે.

આ ખેડૂત આક્રોશ યાત્રામાં ટ્રેક્ટરો સાથે મોટી સંખ્યામાં ખેડૂતો પણ જોડાશે. જેમાં જે ગામ, તાલુકા અને જિલ્લામાં ખેડૂત આક્રોશ યાત્રા પસાર થશે ત્યાં પણ મોટી સંખ્યામાં ખેડૂતોને ભેગા કરવા માટેની સ્થાનિક નેતાઓને જવાબદારી સોંપવામાં આવી છે. જ્યાં નાની-મોટી સભાઓ પ્રદેશ કોંગ્રેસના નેતાઓ કરશે.

કૉંગ્રેસની મુખ્ય માગણીઓમાં ખેડૂતોનું સંપૂર્ણ દેવું માફ કરવામાં આવે, કુદરતી આફતના કારણે ખેડૂતોને નુકસાન થાય છે તે માટે પાક યોજના શરૂ કરવાની માગ, ખાતર અને બિયારણની કાળાબજારી અને તેની તંગી ઊભી ના તેવી વ્યવસ્થા કરવાની માગ, ખોટી જમીન માપણી રદ્દ કરવામાં આવે તે સહિતની માગણીઓ કૉંગ્રેસે સરકાર પાસે કરી છે.

# કોસંબામાં સૂટકેસમાં મળેલા મહિલાના મૃતદેહ મામલે લિવ-ઇનમાં રહેતા પ્રેમીની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરતના કોસંબા ખાતે સોમવારે ૨ બાય ૧.૫ ફૂટની સૂટકેસમાંથી ૫.૨ ફૂટની મહિલાનો મૃતદેહ મળવા મામલે એલસીબીએ આરોપીની દિલ્હી નજીક ફિરોઝાબાદથી ધરપકડ કરી છે. આ દરમિયાન આરોપી બેગ લઈને જતો હોય એવા સીસીટીવી ફૂટેજ પણ બહાર આવ્યા હતા. આરોપીએ બોડીના કટકા નહોતા કર્યા, પણ કપડાંથી લાશને બાંધીને બેગમાં મૂકી કોસંબા ઓવરબ્રિજ પાસે મારુતિ શો રૂમની બાજુમાં સર્વિસ રોડની ડ્રેનેજ લાઇનના ખાડામાં બેગ મૂકી આવ્યો હતો.

પોલીસે આસપાસના વિસ્તારોમાં લાગેલા તમામ સીસીટીવી ફૂટેજ ચેક કરવાનું શરૂ કર્યું હતું. આ તપાસ દરમિયાન આરોપી રવિ શર્મા તેના ઘરેથી બેગ લઈને જતો હોય એવું સીસીટીવીમાં જોવા મળ્યું હતું. આ સીસીટીવીને આધાર બનાવી પોલીસ આરોપી સુધી પહોંચી હતી.

આરોપીનું નામ રવિ શર્મા છે, જે મૂળ બિહારના મુઝફ્ફરપુરનો રહેવાસી છે. મૃતક મહિલા સાથે તેને પ્રેમસંબંધ હતો અને મહિલા ઘણા સમયથી રવિ સાથે રહેતી હતી, પરંતુ લગ્ન માટે દબાણ કરતાં રવિએ તેની હત્યા કરી અને મૃતદેહને સૂટકેસમાં ભરીને ફેંકીને ફરાર થઈ ગયો હતો. શરૂઆતમાં લોકોને લાગી રહ્યું હતું કે મહિલા જે પુરુષ સાથે રહે તે તેનો પતિ છે, પરંતુ આખરે જાણવા મળ્યું હતું કે તે તેનો પ્રેમી હતો.

આરોપી મૃતદેહના નિકાલ માટે ઉપયોગમાં લેવાયેલી બેગ ક્યાંથી ખરીદવામાં આવી હતી, એની તપાસ કરાઈ હતી. આ તપાસમાં એવું બહાર આવ્યું હતું કે હત્યારા રવિએ બેગ ખરીદતી વખતે દુકાનમાં યુપીઆઈ દ્વારા પેમેન્ટ કર્યું હતું, જેના પુરાવાઓ પોલીસને મળ્યા છે.

બેગમાંથી મૃતદેહ મળ્યા બાદ તેનું સુરત સિવિલ હોસ્પિટલમાં ફોરેન્સિક પોસ્ટમોર્ટમ આવ્યું હતું. આ ફોરેન્સિક પોસ્ટમોર્ટમના પ્રાથમિક રિપોર્ટ અંગે સુરત સિવિલ હોસ્પિટલના ફોરેન્સિક વિભાગના વડા ડોક્ટર ચંદ્રેશે જણાવ્યું હતું કે મહિલાની ઉંમર ૨૫થી ૩૦ વર્ષની આસપાસ છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે આ મહિલાની હત્યા મૃતદેહ મળવાના ૨૪ કલાક પહેલાં હત્યા થઈ હોવાની શક્યતા છે. આ સાથે જ મહિલા સાથે કોઈ બળજબરી કરવામાં આવી છે કે નહીં એ અંગેના અને અન્ય સેમ્પલો લઈને વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. સેમ્પલોના રિપોર્ટ આવ્યા બાદ વધુ માહિતી બહાર આવશે.

# મહારાષ્ટ્રને પછાડી ગુજરાત ભારતનું ‘ફેક્ટરી હબ’ બન્યુંઃ જીએસટીની આવકમાં થયો તોતિંગ વધારો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ફેક્ટરીની સંખ્યા વધી રહી છે. ગુજરાત દેશમાં સૌથી વધુ ફેક્ટરી ધરાવતું બીજા ક્રમનું રાજ્ય બન્યું હતું. આંકડાશાસ્ત્ર અને કાર્યક્રમ અમલ મંત્રાલયના તાજેતરના ડેટા અનુસાર, રાજ્યમાં ૨૦૨૩-૨૪ માં ૩૩,૩૧૧ નોંધાયેલ ફેક્ટરીઓ હતી, જે ૨૦૧૦-૧૧ માં ૨૧,૨૮૨ હતી એટલે કે ૧૩ વર્ષમાં લગભગ ૫૬ ટકાનો વધારો થયો હતો. આ સાથે ગુજરાતે ફેક્ટરીની સંખ્યા બાબતે મહારાષ્ટ્રને પાછળ રાખ્યું હતું. તમિળનાડુ ૪૦,૧૨૧ ફેક્ટરીઓ સાથે આ યાદીમાં ટોચ પર છે, જ્યારે મહારાષ્ટ્ર ૨૬,૫૩૯ યુનિટ્સ સાથે ત્રીજા ક્રમે છે.

સૂત્રો મુજબ, આ પાછળનું કારણ ગુજરાતની ઔદ્યોગિત નીતિઓ, અવિરત વીજ પુરવઠો, કાર્યક્ષમ લોજિસ્ટિક્સ અને એમએસએમઈ-આધારિત ઔદ્યોગિક ક્લસ્ટર્સની ઝડપી વૃદ્ધિ છે. આ ઉપરાંત અમદાવાદ, સાણંદ, સુરત, વડોદરા, ભરૂચ, જામનગર, નરોડા, વટવા, નારોલ, ચાંગોદર-મોરૈયા, બાવળા, છત્રાલ અને કલોલ જેવા જિલ્લાઓ આને વેગ આપતા મુખ્ય ઉત્પાદન પટ્ટાઓ તરીકે ઊભરી આવ્યા છે.

ઔદ્યોગિક એકમોમાં સતત વધારો રાજ્યના જીએસટી કલેક્શનમાં પણ જોવા મળ્યો હતો. જીએસટી કલેક્શન છ વર્ષમાં લગભગ ત્રણ ગણું વધ્યું હતું. જીએસટી અમલના પ્રથમ વર્ષ ૨૦૧૭-૧૮ (જુલાઈથી) માં રૂ ૪૫,૯૦૫ કરોડ હતું, જે વધીને ૨૦૨૩-૨૪ માં રૂ ૧,૨૫,૧૬૮ કરોડ થયું છે. સૂત્રોએ જણાવ્યું હતું કે આવકમાં આ વધારો વધુ ઔપચારિકતા અને ટેક્સ ડિસિપ્લિનને દર્શાવે છે. જીએસટીએ વ્યવસાયોને પારદર્શિતા તરફ દોર્યા છે. કલેક્શનમાં ત્રણ ગણો વધારો આ ક્ષેત્રમાં થઈ રહેલો સુધારો સૂચવે છે. આ ઉપરાંત તેમણે કહ્યું, એમએસએમઈ હજુ પણ કેટલાક પડકારોનો સામનો કરી રહ્યા છે. હાલની સિસ્ટમના કારણે ઘણા નાના એકમોને માસિક ફાઇલિંગ, ડોક્યુમેંટેશન અને રિફંડમાં વિલંબ થાય છે. ઘણા માઇક્રો યુનિટ્સ હજી પણ ડિજિટલ ટેક્સ સિસ્ટમ સાથે અનુકૂલન સાધી રહ્યા છે.

# ચાલુ ટ્રેનમાં આર્મીમેનની હત્યાઃ વતનમાં અંતિમસંસ્કારમાં હજારો જોડાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ બનાસકાંઠા જિલ્લાના ગીડાસણ ગામના વતની અને આર્મીમેન જીજ્ઞેશ ચૌધરીની ચાલુ ટ્રેને હત્યા થયા બાદ બુધવારે તેમનો પાર્થિવ દેહ તેમના વતન પહોંચ્યો હતો, જ્યાં સંપૂર્ણ સન્માન સાથે તેમના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા. તેમનાં પત્ની અને પરિવારજનોના હૈયાફાટ રૂદને વાતાવરણ ગમગીન કરી નાખ્યું હતું. ગ્રામવાસીઓએ રડતી આંખે તેમને વિદાય આપી હતી. આ સાથે તેમના હત્યારાને સખત સજા મળે તેવી માગણી પણ કરી હતી.

બનાસકાંઠા વડગામના રહેવાસી એક આર્મી જવાન જીજ્ઞેશભાઈ પોતાના વતન ટ્રેન મારફત આવી રહ્યા હતા. ચાદર માગવા જેવી સામાન્ય બાબતે વિવાદ થતાં આર્મી જવાનની બિકાનેર પાસે ટ્રેનમાં જ હત્યા થઈ ગઈ હતી. હત્યા કરનારો રેલવેનો કોચ અટેન્ડર હતો. તેનું નામ ઝુબેર મેમણ હતું. તેણે છરીના ઘા ઝીંકી જીજ્ઞેશભાઈને મોતને ઘાટ ઉતારી દીધા હતા. તેમના મૃતદેહના પોસ્ટમોર્ટમ બાદ તેમનો પાર્થિવ દેહ વતન પહોંચ્યો હતો. તેમના ગામ સહિત આસપાસનાં ગામોના લોકો પણ તેમની અંતિમયાત્રામાં જોડાયા હતા.

# કોલાબા કોઝવેમાં ૬૭ ગેરકાયદે ફેરિયા વિરુદ્ધ સુધરાઈ એક્શનમાં

મુંબઈ: કોલાબા કોઝવે પરિસરમાં ગેરકાયદે રીતે અંડિગો જમાવી બેસેલા ફેરિયાઓના વિરુદ્ધ સાત દિવસમાં પગલાં નહીં લીધા તો મુંબઈ મહાનગરપાલિકાની ઓફિસ સામે આંદોલન કરવાની સ્થાનિકોની ચીમકી બાદ જાગેલી પાલિકા પ્રશાસને મંગળવારે કુલ ૬૭ ફેરિયાના અતિક્રમણને હટાવ્યા હતા. જોકે સ્થાનિક નાગરિકોએ આ કાર્યવાહીને અપૂરતી ગણાવી હતી અને કોલાબા ફૂટપાથ પર બેસતા ફેરિયાઓ સામે નિયમિત કાર્યવાહી કરવા માટે ડેડિકેટેડ ટીમ તૈયાર કરવાની માગણી કરી હતી. લાંબા સમયથી કોલાબાના સ્થાનિક નાગરિકો કોલાબા કોઝવે વિસ્તાર અને ફૂટપાથ પર મોટી સંખ્યામાં અતિક્રમણ કરનારા ફેરિયાઓ સામે પગલાં લેવાની માગણી કરી રહ્યા હતા પણ તેમની ફરિયાદ પ્રત્યે પાલિકા સતત દુર્લક્ષ કરી રહી હતી. છેવટે ભૂતપૂર્વ નગરસેવક મકરંદ નાર્વેકરના નેતૃત્વમાં સ્થાનિક નાગરિકોએ પાલિકાના નએથ વોર્ડની ઓફિસને સાત દિવસની અંદર ફેરિયાઓ સામે કાર્યવાહી નહીં કરી તો તેમની ઓફિસ બહાર બેસીને આંદોલન કરવાની અને ત્યાં જ પ્રતિકાત્મક સ્ટોલ લગાવવાની ચેતવણી આપતો પત્ર લખ્યો હતો. સ્થાનિક રહેવાસીઓની ફરિયાદ બાદ છેવટે મંગળવાર, ચાર નવેમ્બર, ૨૦૨૫ના નએથ વોર્ડ દ્વારા રસ્તા પર ટ્રાફિકને અડચણરૂપ થનારા તથા ફૂટપાથ પર રાહદારીઓને ચાલવામાં અવરોધ નિર્માણ કરનારા કોલાબા કોઝવે વિસ્તારના ૬૭ ગેરકાયદે બેસી ગયેલા ફેરિયાઓને હટાવવાની કાર્યવાહી કરી હતી. આગામી દિવસમાં આ કાર્યવાહી ચાલુ રાખવાની ચેતવણી પાલિકા પ્રશાસને આપી હતી.

## મુંબઈકરોને ટ્રાફિકમાંથી મળશે મોટી રાહત!

મુંબઈ: શહેરમાં ટ્રાફિકની સમસ્યા ઓછી કરવા ઈસ્ટર્ન ફ્રીવે, કોસ્ટલ રોડ અને સી લિંક દ્વારા રિંગ રૂટ બનાવવાની યોજના પછી મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી (એમએમઆરડીએ)વધુ એક મોટી યોજના પર કામ કરી રહી છે. અહેવાલ મુજબ શહેરના મુખ્ય સ્થળો અને રસ્તાઓને જોડવા માટે શહેરની અંદર ટનલનું એક વિશાળ નેટવર્ક બનાવવા માટે પ્રસ્તાવ તૈયાર કર્યો છે. જેના કારણે મુંબઈકરોને ગીચ વિસ્તાઓમાં થતા ટ્રાફિકમાંથી રાહત મળી શકે છે.

અહેવાલ મુજબ શહેરમાં ત્રણ તબક્કામાં ૭૦ કિલોમીટર લાંબુ ટનલ નેટવર્ક વિકસાવવાનો પ્રસ્તાવ રજુ કર્યો છે. યોજનાના ટેક્નોલોજીકલ પાસા, ખર્ચનો અંદાજ, બાંધકામની રીત, જરૂરી વિવિધ મંજૂરીઓ વિષે અહેવાલ તૈયાર કરવા અને વિગતવાર પ્રોજેક્ટ આઉટ લાઈન તૈયાર કરવા માટે સલાહકારની નિમણૂક કરવાની પ્રક્રિયામાં હાથ ધરવામાં આવી છે.

એક અહેવાલમાં જણાવવામાં આવ્યું કે રોડ પરનો ટ્રાફિક ટનલમાં ડાયવર્ટ થશે અને રસ્તાઓ પર ભીડ ઘટાડવામાં મદદ થશે. શહેરના મુખ્ય માર્ગો પર ટ્રાફિક ઓછો થશે.

પ્રથમ તબક્કો:

અહેવાલ મુજબ આ યોજનાના પ્રથમ તબક્કામાં ૧૬ કિમીની ટનલ બનાવવામાં આવશે, જે હેઠળ કોસ્ટલ રોડના વરલી સી લિંકના વરલી છેડાથી બાંદ્રા કુર્લા કોમ્પ્લેક્સ (બીકેસી) બિઝનેસ હબ અને છત્રપતિ શિવાજી મહારાજ આંતરરાષ્ટ્રીય એરપોર્ટના ટર્મિનલ-ટૂ સુધી ટનલ બનવામાં આવશે. આ ટનલ બીકેસી ખાતે બની રહેલા મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન સ્ટેશન સાથે પણ જોડવામાં આવશે.

બીજો તબક્કો:

અહેવાલ મુજબ આ પ્રસ્તાવિત ટનલ પ્રોજેક્ટના બીજા તબક્કામાં ૧૦ કિમીની ટનલ બનવવામાં આવશે, જેનાથી ઈસ્ટર્ન એક્સપ્રેસ હાઇવે અને વેસ્ટર્ન એક્સપ્રેસ હાઇવે જોડવાના આવશે, આ ટનલને પણ એરપોર્ટ સાથે જોડવામાં આવશે.

ત્રીજો તબક્કો:

ટનલ યોજનાના ત્રીજા તબક્કા હેઠળ ૪૪ કિમીની ટનલ બનાવવામાં આવશે. આ તબક્કા હેઠળની ટનલ શહેરના ઉત્તર ભાગથી શરુ થશે અને દક્ષિણ ભાગ સુધી ફેલાયેલી હશે, જે શહેરની લંબાઈને આવરી લેશે. આ ટનલને કારણે રોડ પરના નિયમિત ટ્રાફિકને અસર કર્યા વિના માલસામાન અને મુસાફરોની અવરજવર શક્ય બનશે.

## સ્મશાનમાંથી રાખ અને હાડકાં ગુમ: મેલીવિદ્યા માટે લઈ જવાયાની શંકા

નાગપુર: નાગપુર જિલ્લાના સ્મશાનમાંથી યુવતીના શબની રાખ અને હાડકાં શંકાસ્પદ રીતે ગુમ થઈ જવાથી ગામવાસીઓ અને પોલીસને આંચકો લાગ્યો હતો. મેલીવિદ્યા માટે આ કૃત્ય થયું હોવાની શંકા પરથી પોલીસે તપાસ હાથ ધરી હતી.અધિકારીના જણાવ્યા મુજબ ઘટના ઉમરેડ પોલીસ સ્ટેશનની હદમાં બની હતી. માંદગીને કારણે ૨૩ વર્ષની યુવતીનું સોમવારની સવારે મૃત્યુ થયું હતું. પોસ્ટમોર્ટમ બાદ યુવતીનું શબ પરિવારજનોને સોંપવામાં આવ્યું હતું અને ઉમરેડના ભિવાપુર વાય-પૉઈન્ટ નજીકના સ્મશાનમાં બપોરે એક વાગ્યે તેના અંતિમસંસ્કાર કરવામાં આવ્યા હતા.

પોલીસના જણાવ્યા મુજબ મંગળવારની સવારે યુવતીનાં સગાં સ્મશાનમાં ગયાં ત્યારે રાખ અને હાડકાં ગુમ હોવાનું જાણી તેમને આંચકો લાગ્યો હતો. યુવતીનાં સગાંને શંકા છે કે મેલીવિદ્યા માટે કોઈ રાખ અને હાડકાં લઈ ગયું હશે. આ પ્રકરણે ઉમરેડ પોલીસે અજાણ્યા શખસ વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. પોલીસ સ્મશાન ખાતેના સીસીટીવી કૅમેરાનાં ફૂટેજ તપાસી રહી છે. (પીટીઆઈ)

## પાટાના ટુકડાને વેલ્ડિંગ ન કરવાને કારણે મુંબ્રાની ટ્રેન ટ્રેજેડી થયેલી: પોલીસ

મુંબઈ: મુંબ્રામાં પાંચ જણનો જીવ લેનારી ટ્રેન ટ્રેજેડી કેસની તપાસમાં અનેક ચોંકાવનારી માહિતી સામે આવી હતી. આ દુર્ઘટના માટે સેન્ટ્રલ રેલવેના કર્મચારીઓની ભયંદર બેદરકારી જવાબદાર હોવાનું કહેવાય છે. દુર્ઘટનાના ચાર દિવસ અગાઉ પાટાનો ટુકડો બદલવામાં આવ્યો હતો, પરંતુ તેને વેલ્ડિંગ નહીં કરવાને કારણે આ ઘટના ઘટના બની હતી. આ કેસમાં થાણે ગવર્નમેન્ટ રેલવે પોલીસે એફઆઈઆર દાખલ કર્યો હતો. વળાંક પાસેથી ટ્રેન પસાર થતી વખતે જેટલી નમવી જોઈએ એના કરતાં વધુ પ્રમાણમાં નમવાને કારણે આ ઘટના બની હોવાનો દાવો તપાસ કરનારી ટીમે કર્યો હતો. એફઆઈઆર અનુસાર સંબંધિત રેલવે અધિકારી અને કર્મચારીઓને પાટાનો બદલી કરેલો ટુકડાનું વેલ્ડિંગ કરાયું નહોતું એની જાણ હતી. નવમી જૂને દીવા સ્ટેશન નજીક ફાસ્ટ ટ્રેક પરથી પસાર થતી બે ટ્રેનના ફૂટબૉર્ડ પર ઊભેલા ૧૩ પ્રવાસી પાટા પર પડ્યા હતા. કસારા અને છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસની દિશામાં જતી બે ટ્રેનો પસાર થતી હતી ત્યારે પ્રવાસીઓની ખભે ભેરવેલી બૅગ એકબીજા સાથે ઘસાઈ હતી.

# સુંદર અને ઓછાં ભાડાંની લાલચ આપી ચાલતા ઑનલાઇન ફૅક પ્રોપર્ટી કૌભાંડથી સાવધાન રહો

મુંબઈ: લોકપ્રિય ઓનલાઇન પ્લેટફોર્મ્સ પર ફૅક પ્રોપર્ટી લિસ્ટિંગ્સ વિશે સાવચેત રહેવા અને 'સુંદર છબિઓ' અથવા અત્યંત ઓછાં ભાડાંમાં દોરવાઇ નહીં જવા માટે મહારાષ્ટ્ર સાયબર પોલીસે નાગરિકોને અનુરોધ કર્યો છે.

સાયબર પોલીસ દ્વારા જારી એડવાઇઝરી અનુસાર ઠગો પોતાની ઓળખ જમીનમાલિક અથવા એજન્ટો તરીકે આપે છે અને યુપીઆઇ કે બૅંક ટ્રાન્સફર દ્વારા એડવાન્સ પેમેન્ટની માગણી કરે છે. સાયબર ક્રિમિનલો લોકોને ઠગવા માટે ઓએલએક્સ, ફેસબૂક માર્કેટપ્લેસ અને વ્હૉટ્સઍપ જેવા પ્લેટફૉર્મનો ઉપયોગ કરે છે.

સંભાવ્ય ખરીદદારો અથવા ભાડૂતો સાથે આરંભિક વાર્તાલાપ બાદ ઠગો 'માલિક વિદેશમાં હોવાથી પ્રત્યક્ષ મુલાકાત કરી શકાશે નહીં' એવા બહાના બતાવે છે અથવા સોદો પાર પાડવા એડવાન્સની માગણી કરે છે.

'અત્યંત ઓછાં ભાડાં' અને મિલકતની સુંદર છબિઓનો ઉપયોગ પીડિતોને છેતરવા માટે કરાય છે. સાયબર ક્રિમિનલો વ્હૉટ્સઍપ કે ટેલિગ્રામ થકી સંદેશવ્યવહાર કરે છે, ફૅક આઇડીનો ઉપયોગ કરે છે અને ભાડા કરાર ડિજિટલ પદ્ધતિથી જ મોકલે છે, એમ અધિકારીએ કહ્યું હતું.

સાયબર પોલીસ દ્વારા જનતાને અપીલ કરાઇ છે કે મિલકતની પ્રત્યક્ષ ખરાઇ કર્યા વિના કોઇ પણ એડવાન્સની ચુકવણી કરવી જોઇએ નહીં.

જો ભાડાનું કારણ આપીને સંપર્ક કરતા કૉલર અથવા વ્યક્તિઓ વિશે કોઇ પણ શંકા હોય તો તાત્કાલિક સાયબર ક્રાઇમ હેલ્પલાઇન ૧૯૩૦ પર સંપર્ક કરવા માટે પોલીસે નાગરિકોને અનુરોધ કર્યો છે. (પીટીઆઇ)

નવમા પાનાનું ચાલુ

### ફ્લાયઓવર

આઉટર ટર્નિંગ રોડ ખરેગાંવ ટોલ પ્લાઝાથી ઇચ્છિત સ્થળે જશે.

કલ્યાણ, ડોમ્બિવલીથી મુંબ્રા કલ્યાણ ફાટા તરફ જતા ભારે વાહનોને કટાઈ ચોકમાં પ્રવેશવાની મંજૂરી નથી. આ વાહનો કટાઈ ચોક (બદલાપુર રોડ) ખોણી, તળોજા થઈને નિર્ધારિત સ્થળે જશે. નવી મુંબઈ અને તળોજાથી આવતા વાહનોને ખોણી નિસર્ગ હોટલ વિસ્તારમાં પ્રવેશ પર પ્રતિબંધ મુકવામાં આવશે.

### સૅટેલાઈટ

(એલઓઆઈ) પર હસ્તાક્ષર કર્યા.

મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે જણાવ્યું હતું કે મહારાષ્ટ્ર ગઢચિરોલી, નંદુરબાર, વાશિમ અને ધારાશિવ જેવા દૂરના અને વંચિત પ્રદેશો અને ઉભરતા જિલ્લાઓમાં સરકારી સંસ્થાઓ, ગ્રામીણ સમુદાયો અને મહત્વપૂર્ણ જાહેર માળખા માટે સેટેલાઇટ-આધારિત ઇન્ટરનેટ સેવાઓ સ્થાપિત કરવા માટે સ્ટારલિંક સાથે સહયોગ કરનાર પ્રથમ રાજ્ય બન્યું છે.

મસ્કની સ્ટારલિંક આઇસીટી (માહિતી અને સંદેશાવ્યવહાર ટેકનોલોજી) ઉદ્યોગમાં સૌથી મોટી કંપનીઓમાંની એક છે, જે વિશ્વમાં સૌથી વધુ સંખ્યામાં સંચાર ઉપગ્રહો ધરાવે છે.

આ અમારા માટે સન્માનની વાત છે કે કંપની ભારતમાં આવી રહી છે અને મહારાષ્ટ્ર સાથે ભાગીદારી કરી રહી છે, એમ ફડણવીસે એક પોસ્ટમાં જણાવ્યું હતું.

મહારાષ્ટ્ર-સ્ટારલિંક સહયોગ રાજ્યના ડિજિટલ મહારાષ્ટ્ર મિશનને સમર્થન આપે છે અને તેના ઊંટ દરિયાકાંઠાના વિકાસ અને આપત્તિ સ્થિતિસ્થાપકતા કાર્યક્રમો સાથે સંકલિત છે, એમ તેમણે નોંધ્યું.

### 'મિની વિધાનસભા'

પક્ષની તાકાતનો પ્રથમ અંદાજ લગાવવામાં આવ્યો હતો. લોકસભા ચૂંટણીમાં ત્રણ પક્ષો કોંગ્રેસ, શિવસેના (ઠાકરે) અને એનસીપી (શરદ પવાર)ની મહા વિકાસ આઘાડીએ રાજ્યમાં ૪૮માંથી ૩૦ બેઠકો જીતીને ભાજપને મોટો ફટકો આપ્યો હતો. ૨૦૧૪થી બધી ચૂંટણીઓમાં ટોચ પર રહેતી ભાજપ ખરાબ રીતે પાછળ પડી ગઈ હતી. કોંગ્રેસે રાજ્યમાં સૌથી વધુ ૧૩ બેઠકો જીતી હતી. ભાજપને ફક્ત નવ બેઠકોથી સંતોષ માનવો પડ્યો. જોકે, ત્યારબાદ થયેલી વિધાનસભા ચૂંટણીઓમાં એક ચમત્કાર થયો. મહાયુતિએ રેકોર્ડ ૨૩૨ બેઠકો જીતી. વિધાનસભા ચૂંટણી પછી એક વર્ષમાં પહેલીવાર રાજકીય પક્ષો તેમની તાકાતનો અંદાજ લગાવી શકશે. સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓ પણ ઘણી રીતે મહત્વપૂર્ણ રહેશે. ઉદ્ધવ ઠાકરે અને રાજ ઠાકરે એક સાથે આવશે ત્યારે મુંબઈમાં શું ચિત્ર હશે તે અંગે દરેકને ઉત્સુકતા છે. ફક્ત એક જ વાતનું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે કે ઠાકરે ભાઈઓના એક સાથે આવવાથી નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેની શિવસેનાને કેટલું નુકસાન થશે. એનસીપીના પવાર કાકા-ભત્રીજાની લડાઈમાં કોણ જીતે છે તે પણ એટલું જ મહત્વપૂર્ણ છે. લોકસભા ચૂંટણીમાં શરદ પવાર જૂથમાંથી વધુ સાંસદો ચૂંટાયા હતા. અજિત પવારના પક્ષમાંથી માત્ર એક સાંસદ ચૂંટાયા હતા. જો અજીત પવારની પાર્ટીને વિધાનસભા ચૂંટણીમાં પ્રચંડ સફળતા મળી હોત, તો શરદ પવાર જૂથનો નાશ થયો હોત. ઠાકરે ભાઈઓની એકતાનો મ્યુનિસિપલ ચૂંટણીઓમાં એટલો પ્રભાવ નહીં પડે.

### ટ્રાયલ રનમાં

મોનો રેલ સેવા અચોક્કસ મુદત માટે બંધ કરવામાં આવી છે. હાલ મોનોરેલને અત્યાધુનિક અને વધુ સુરક્ષિત અને સક્ષમ કરવાના કામ ચાલી રહ્યા છે, ત્યારે બુધવારે મોનો રેલની નવી સ્વદેશી બનાવટની રેકની વડાલા કારશેડથી બહાર નીકળી હતી અને ટ્રાયલ દરમ્યાન આ બનાવ બન્યો હતો. મોનોરેલે પોતાના કાફલામાં દેશની બનાવટની મેઘા એસએમએચ રેલ પ્રાઈવેટ લિમિટેડ પાસેથી નવી ૧૦ મોનોરેલ ટ્રેન લીધી છે. એક ટ્રેન ચાલ કોચની છે. દરેક ટ્રેનની કિંમત પંચાવન કરોડ રૂપિયા છે. હાલ આ ગાડીઓની ટ્રાયલ ચાલી રહી છે.

મોનો રેલના અધિકારીએ જણાવ્યું હતું કે મેઘા સર્વો ડ્રાઈવસ દ્વારા ઉત્પાદિત નવી ડિલીવર કરાયેલી મોનોરેલ રેક સવારના લગભગ ૯.૩૦ વાગે ટ્રાયલ દરમ્યાન પાટા પરથી ઊતરી ગઈ હતી. સ્વિચ -ઓવર પ્રક્રિયા (મોનોરેલ સિસ્ટમ પર કોમ્યુનિકેશન આધારિત ટ્રેન કંટ્રોલ સિગ્નલિંગ ટેક્નોલોજીનું પરીક્ષણ ચાલી રહ્યું હતું )એ દરમ્યાન રેક એક ગાઈડવે બીમથી બીજા ગાઈડવે બીમમાં ખસેડવામાં આવી રહી હતી ત્યારે તે સરકી ગઈ હતી. મોનોરેલ સિસ્ટમમાં ગાઈડવે બીમ રેલવે ટ્રેકનો હેતુ પૂરો પાડે છે. આ એક્સિડન્ટને કારણે એક કોચ બીમ પરથી પડી ગયો હતો, જેને કારણે રેકના અંડરકેરેજને ભારે નુકસાન થયું હતું. આ એક્સિડન્ટમાં ટ્રેનના એલાઈનમેન્ટને પણ ભારે નુકસાન થયું હતું. આ ઘટના બાદ મુંબઈ ફાયરબ્રિગેડ અને મુંબઈ પોલીસની ઈમરજન્સી ટીમને તાત્કાલિક ઘટના સ્થળે મોકલવામાં આવી હતી.

મોનોરેલના પદાધિકારીના જણાવ્યા મુજબ આ એક્સિડન્ટ ટ્રેક બદલવા માટે ઉપયોગમાં લેવાતા સ્વિચમાં ખામીને કારણે થયો હોવાનું માનવામાં આવે છે. આ એક ટેસ્ટિંગ ટ્રેન હતી. તેથી તેમાં પ્રવાસી નહોતા અન્યથા મોટો એક્સિડન્ટ થયો હોત.

ચોમાસા દરમ્યાન સતત ટેક્નિકલ ખામીઓ અને વારંવાર સેવા ખોરવાયા બાદ શહેરની એકમાત્ર મોનોરેલ સિસ્ટમ સપ્ટેમ્બરથી અમુદત માટે બંધ કરી દેવામાં આવી છે. ઑગસ્ટમાં ભારે વરસાદ દરમ્યાન વડાલામાં ભક્તિપાર્ક પાસે મોનોરેલ અધવચ્ચે બંધ પડી ગઈ હતી, તેને કારણે ૫૮૨ મુસાફરો લગભગ ચાર કલાક સુધી મોનો ટ્રેનમાં ફસાઈ ગયા હતા. એ બાદ સપ્ટેમ્બરમાં બીજી વખત ખામી સર્જાતા વડાલા નજીક ૧૭ મુસાફરો ફસાઈ ગયા હતા.

એ બાદ એમએમઆરડી દ્વારા ૨૦ સપ્ટેમ્બર, ૨૦૨૫થી મોનોરેલની સેવા સ્થગિત કરી દેવામાં આવી હતી. મોનો રેલમાં મોટા ફેરફાર કરવા માટે જેવા નવા રોલિંગ સ્ટોકનું એકીકરણ, સલામતી સુધારવા માટે અદ્યતન કમ્યુનિકિશન આધારિત ટ્રેન કંટ્રોલ સિગ્નલ સિસ્ટમમાં અપગ્રેડ અને જૂની રેકનું નવીનીકરણ જેવા કામનો સમાવેશ થાય છે.

મુંબઈ મોનોરેલ એક સ્ટ્રેડલ બીમ મોનોરેલ ટ્રાન્ઝિટ સિસ્ટમ છે. હાલ ચેમ્બુરથી વડાલા અને સંત ગાડગે મહારાજ ચોક સુધીના ૨૦ કિલોમીટરના કોરિડોરને આવરી લે છે.તેનું સંચાલન અને જાળવણી હાલમાં મહા મુંબઈ મેટ્રો ઓપેરશન કૉર્પોરેશન લિમિટેડ દ્વારા કરવામાં આવે છે, જે મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટીની પેટાકંપની છે. વડાલા અને ચેમ્બુર વચ્ચેનો પહેલા તબક્કો ૨૦૧૪માં ખુલ્યો હતો, જયારે બીજો તબક્કો સંત ગાડગે મહારાજ ચોક સુધી વિસ્તર્યો હતો. ચાર માર્ચ, ૨૦૧૯ના રોજ તે કાર્યરત થયો હતો.

### ચૂંટણી પહેલા

અમે ત્રણે (મહાયુતિ ભાગીદારો) સાથે જ છીએ. ભલે કેટલેક સ્થળે ચૂંટણી પહેલાં ગઠબંધન ન થાય, પણ ચૂંટણી પછી ગઠબંધન ચોક્કસપણે થશે,' એમ ફડણવીસે કહ્યું હતું. નગરપાલિકાની ચૂંટણીઓ અંગે વિશ્વાસ વ્યક્ત કરતા તેમણે કહ્યું કે મહારાષ્ટ્રના લોકો શાસક ગઠબંધનને 'મોટા પાયે' સમર્થન આપશે. શિવસેના (યુબીટી)ના વડા અને ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરેએ બુધવારે મરાઠવાડાનો પ્રવાસ શરૂ કર્યો હતો, જ્યાં ઓગસ્ટ અને સપ્ટેમ્બરમાં ભારે વરસાદને કારણે ખેડૂતોના પાકને ભારે નુકસાન થયું હતું. ઠાકરેની મુલાકાત વિશે પૂછવામાં આવતા, ફડણવીસે કહ્યું કે વિપક્ષી નેતા રાજ્યનો પ્રવાસ કરી રહ્યા છે તે 'સારી વાત' છે.

'પ્રથમ વખત ઉદ્ધવજી બહાર આવ્યા છે અને હું ખુશ છું,' એમ તેમણે કહ્યું હતું અને ઉમેર્યું હતું કે સેના (યુબીટી)ના વડા 'ટોણા મારવાથી આગળ વધી શકતા નથી.'

'મેં વારંવાર કહ્યું છે કે વિકાસના મુદ્દા પરનું તેમનું એક ભાષણ મને બતાવો અને ૧,૦૦૦ રૂપિયા જીતો,' એમ તેમણે ઉમેર્યું હતું. મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાના વડા રાજ ઠાકરે દ્વારા મતદાર યાદીમાં વિસંગતીઓનો આરોપ લગાવીને ચૂંટણી પંચની ટીકા કરવામાં આવી તે અંગે પુછવામાં આવતાં ફડણવીસે કહ્યું હતું કે મનસેના નેતા ફક્ત નગરપાલિકાની ચૂંટણીઓ મુલતવી રાખવાની માગણી કરી રહ્યા છે.

## થાણેમાં એક કરોડ રૂપિયાનો દારૂ પકડાયો: બેની ધરપકડ

થાણે: થાણે જિલ્લામાં એક્સાઇઝ વિભાગના અધિકારીઓએ ટેમ્પોને આંતરી એક કરોડ રૂપિયાનો દેશી બનાવટનો વિદેશી દારૂ જપ્ત કર્યો હતો.

એક્સાઇઝ વિભાગના અધિકારીઓએ મળેલી માહિતીને આધારે મંગળવારે રાતે પનવેલ-મુંબ્રા માર્ગ પર ઉત્તરશિવ વિસ્તારમાં ટેમ્પોને આંતર્યો હતો.

ટેમ્પોની તલાશી લેવામાં આવતાં દારૂની બોટલો ભરેલા ૧,૦૦૦ બોક્સ મળી આવ્યા હતા. દેશી બનાવટનો વિદેશી દારૂ ગોવાથી લાવવામાં આવ્યો હતો, એમ સ્ટેટ એક્સાઇઝના સુપરિન્ટેન્ડેન્ટ પ્રવીણ તાંબેએ જણાવ્યું હતું.

## હિન્દુ મરણ

**હાલાઇ લોહાણા**

મુળ વતન ખાખરેચી, હાલ કાંદિવલી, કમલેશભાઈ (ઉં.વ. ૭૧) સ્વ. મધુબેન તથા સ્વ. ગંગારામભાઇ પુંજાભાઈ કાનાબારના પુત્ર. જયશ્રીબેનના પતિ. હીના, મીતેષના પિતા. સ્વ. મંજુબેન સ્વ. અમૃતલાલ, સ્વ. કનુભાઇ, લતાબેન, સ્વ. ભદ્રેશભાઇ, સ્વ. હરેશભાઈના ભાઇ. મીહીરકુમાર તથા શીતલબેનના સસરા. લાલજીભાઈ હંસરાજભાઇ પંચમતીઆના જમાઇ. મંગળવાર, તા. ૪-૧૧-૨૫ના સ્વર્ગવાસ થયેલ છે. પ્રાર્થનાસભા ગુરૂવાર, તા. ૬-૧૧-૨૫ સાંજે ૪ થી ૬, શ્રી હાલાઇ લોહાણા મહાજનવાડી, બીજા માળે, એસ.વી. રોડ, કાંદિવલી પશ્ચિમ.

**બ્રહ્મક્ષત્રિય**

મધુરી દિવાનજી (ઉં. વ. ૯૮) તે ડો. પ્રફુલ દિવાનજીના પત્ની. મીતાબેન સ્માર્ટના માતા. નિરુપમ સ્માર્ટના સાસુ. ભૂમિકા અને માનસીના નાનીનું અવસાન મંગળવાર, ૪-૧૧-૨૫ના વિલેપાર્લે નિવાસસ્થાને થયેલ છે. પ્રાર્થનાસભાનું આયોજન રાખેલ નથી.

**હાલાઈ લોહાણા**

જામ સલાયાવાળા હાલ અંધેરી સ્વ. નિર્મળાબેન તથા સ્વ. નંદલાલ ગોકળદાસ મોરજરીયાના પુત્ર ભરત (ઉં. વ. ૬૯) તે હર્ષાબેનના પતિ. સ્વ. નરેન્દ્ર, દિવ્યા રાજેન્દ્ર મોદીના ભાઈ. દર્શન, વિવેક, બ્રીજલના પિતા/સસરા. સ્વ. મથુરાદાસ પુરુષોતમ ગોકાણી-થાનાવાળાના જમાઈ. અંશુમન, તેજાંસના દાદા ૩.૧૧.૨૫, સોમવારના શ્રીજીચરણ પામેલ છે. બંને પક્ષની પ્રાર્થનાસભા ગુરુવાર, ૬.૧૧.૨૫ના ૫.૩૦ થી ૭. ઠે. ૧લે માળે, વિશ્વેશ્વર ભવન, સંન્યાસ આશ્રમ કમ્પાઉન્ડ, વિલેપાર્લે (વેસ્ટ). લૌકિક વ્યવહાર બંધ છે.

**અનાવિલ બ્રાહ્મણ**

ગામ વટાર હાલ ઘાટકોપર અરૂણભાઈ (હસમુખરાય) (ઉં. વ. ૭૩) તે સ્વ. લીલાવતીબેન મોહનલાલ નાગરજી દેસાઈના પુત્ર. કુસુમબેન જયંતીલાલ મહેતાના જમાઈ. સ્વ. મધુબેન (નાની)ના પતિ. અ. સૌ. ભક્તિ ભાવેશ મીરાણીના પિતા. ધનુબેન, સ્વ. સરોજબેન, ભરતભાઈના ભાઈ. ઉષાબેન, સ્વ. નવનીતભાઈ, મીનાબેન, ભરતભાઈ, ડો. પંકજભાઈના બનેવી ૨-૧૧-૨૫ ને રવિવારે દેહ પરિવર્તન પામ્યા

## પારસી મરણ

ઈરીન રૂસ્તમ ભરુચા (ઉં. વ. ૯૨) ૪-૧૧-૨૦૨૫ના ગુજરી ગયા છે. તે મરહુમ રૂસ્તમ ભરુચાના પત્ની. તે મરહુમ મંચેરજી મહેતા અને મરહુમ એઈમી મહેતાના દીકરી. તે ડેનાઝ ભરુચાના માતા. તે ઝાલ જૉન્સ, ઝુબીન જૉન્સના ગ્રાન્ડમધર તે ડેલના પટેલ અને બુરઝીન પટેલનાં આન્ટી. ઉઠમણું ૬-૧૧-૨૦૨૫ના. ઠે. ૧૧૩, મહેર દાદ, ૧મો માળ, કફ પરેડ, મું.-૫.

ખાવારીયન સોરાબ મોરવારીદ તે મરહુમ સોરાબ ખાઉવાસીયાના વિધવા. તે રોહીન્ગીઝ પરિર્બોઝ ખાઉવાસીયાના મમ્મી. તે મરહુમ પરિર્બોઝ રૂસ્તમ ખાઉવાસીયાના સાસુ. તે આઝમીન ખાઉવાસીયા, સોરાબ ખાઉવાસીયા ને મરહુમ અઝીતાના મમય. તે આરીયાના કાવસીયા, શાઉમ સામયા ને નીદા સામયાના ગ્રાન્ડ મમય. (ઉં. વ. ૯૯) ઠે. સી-૨, મંગલ પ્રભાત, ૬ઠ્ઠે માળે, ગુલમહોર ક્રોસ રોડ નં. ૭, જે.વી.પી.ડી. સ્કીમ, વિલે પારલે (પ.) મુંબઈ-૪૦૦૦૪૯. ઉઠમણાની ક્રિયા: તા. ૭-૧૧-૨૦૨૫ ને બપોરે ૩-૪૫ વાગે અંધેરી મધ્યે અંધેરી પટેલ અગિયારીમાં.

છે. સાદડી તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી લોહાણા**

સ્વ. પાર્વતીબેન પુરુષોત્તમ સોનાઘેલા, સ્વ. પુરુષોત્તમ ખીમજી સોનાઘેલાના પરપૌત્ર, સ્વ. મંજુલાબેન રમેશચંદ્ર સોનાઘેલા, સ્વ. રમેશચંદ્ર પુરુષોત્તમ સોનાઘેલા કચ્છ ગામ સુથરી (નલિયા) હાલે મુલુંડવાળાના મોટા પુત્ર જિતેન્દ્ર (ઉં. વ. ૬૨) ૫-૧૧-૨૫ના રોજ રામશરણ પામેલ છે. તે તૃપ્તિબેનના પતિ. સ્વ. જયેશભાઈ, દીપક, ચેતના પ્રદીપકુમાર શ્રોતાના મોટા ભાઈ. સ્વ. પાર્થ અને કૃપાલી અક્ષયકુમાર ઠક્કરના પિતાશ્રી. ગં. સ્વ. કમળાબેન અમીચંદ માસ્ટર ગઢશીશાવાળા હાલે ઘાટકોપરવાળાના જમાઈ. પ્રાર્થનાસભા રાખેલ નથી. લૌકિક વ્યવહાર બંધ છે. ઠે. ડી-૧૩૦૩ ઓબરોય સ્પ્લેન્ડર, જોગેશ્વરી વિક્રોલી લિંક રોડ, જોગેશ્વરી (વેસ્ટ).

**સિંબર સમવાય ઔદિચ્ય અગિયારસી બ્રાહ્મણ**

મૂળ ગામ ઉના, હાલ ડોમ્બીવલી, ગિરીશ બળવંતરાય મહેતા (ઉં.વ. ૬૦) તા. ૨/૧૧/૨૫ રવિવારના કૈલાશવાસી થયેલ છે. તે સ્વ. તારાબેન તથા સ્વ. બળવંતરાય લાભશંકર મહેતાના પુત્ર. મહેશ તથા છાયા વિજય ભટ્ટના મોટાભાઈ. સ્વ. નાનાલાલ દયાશંકર રાવળના જમાઈ. શોભનાબેન (સોનુબેન)ના પતિ. હર્ષિતના મોટાપપ્પા. પૂર્વી મહેશ મહેતાના જેઠ. લૌકિક પ્રથા બંધ છે.

**હાલાઇ લોહાણા**

મૂળ ગામ ચૂર, હાલ કાંદિવલી, ગો. વા. ધનલક્ષ્મી ધરમશી લક્ષ્મીદાસ અમલાણીના સુપુત્રી અલકા (ઉં.વ. ૬૩) તા. ૪/૧૧/૨૫ના મંગળવારે શ્રીજીચરણ પામેલ છે. તે ગો.વા. કેસરબેન મોહનલાલ ઠકરારના દોહિત્રી. રસિક (લાલાભાઇ), શોભના લલિત ગણાત્રા, કનક કિશોર મોટલા, ચેતના પ્રવીણ તન્ના, રશ્મિ દિપક તન્ના, સ્વ. હિતિનના બેન. ગો.વા. કેતકીબેનના નણંદ. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઝાલાવાડી સઈ સુતાર જ્ઞાતિ**

સાયલા નિવાસી, હાલ દહિસર, સ્વ. ભાનુબેન બાબુલાલ ગોહિલના પુત્ર હિરેન બાબુલાલ ગોહિલ (ઉં.વ. ૬૪) તા. ૨/૧૧/૨૫ના રવિવાર રામચરણ પામેલ છે. તે ચંદ્રિકાબેનના પતિ. રિયાબેનના પિતા. હિતેષભાઇ, પંકજભાઇના મોટાભાઈ. તેમની બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૭/૧૧/૨૫ના શુક્રવારે ૫ થી ૭. સ્થળ: લુહાર સુથારવાડી, કાર્ટર રોડ નં.-૩, અંબાજીના મંદિરની સામે, બોરીવલી ઈસ્ટ.

**શ્રીમાળી સોની**

મોરચંદ નિવાસી, હાલ મુંબઈ, જીતેન્દ્ર ચંદુલાલ ધંધુકિયા (ઉં.વ. ૬૧) સ્વ. કુસુમબેન તથા સ્વ. ચંદુલાલ ગીરધરલાલ ધંધુકિયાના પુત્ર. સ્વ. હીરાબેન તથા સ્વ. હિંમતલાલ ઝવેરભાઈ મૂંજપરાના જમાઈ. જાગૃતિના પતિ. સ્વ. પ્રવીણભાઈ, ભુપતભાઇ, સ્વ. હરેશભાઇ, અશોકભાઈ, ઉષાબેન દિનેશકુમાર સોનીના ભાઈ. અંકિત તથા માનસીના પિતા. ૨/૧૧/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. તેમની બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૬/૧૧/૨૫ના ૪ થી ૬. લોહાણા મહાજનવાડી, પહેલે માળે, ઠાકુરદ્વાર રોડ, મુંબઈ. લૌકક વ્યવહાર બંધ છે.

**મેઘવાળ**

ગામ પાયતલાડા, હાલ કાંદિવલી, જયાબેન તથા નરેન ગાંગજી બારીયાના પુત્ર આશિષ (ઉં.વ. ૩૬) તે ગાયત્રીના પતિ. હેત્વી તથા ગૌરીના પિતા. ગં.સ્વ. રજનીબેન તથા સ્વ. રમેશભાઈ જેસીંગ વોરાના જમાઈ. કાનજીભાઈ, સ્વ. જગદીશ, કિશોરભાઈ તથા પ્રવીણભાઈના ભત્રીજા. તેમની પ્રાર્થનાસભા ૭/૧૧/૨૫ના ૫ થી ૯. નિરવાન હોલ, એમ ટી એન એલ ઓફિસ પાછળ, સેક્ટર ૯, ચારકોપ, કાંદિવલી વેસ્ટ.

**સોરઠીયા બ્રહ્મક્ષત્રિય**

ચિત્તલ નિવાસી, હાલ બોરીવલી, સ્વ. પ્રભાવતી ચત્રભુજ રુગનાથ નિર્મળના પુત્ર જગદીશ (ઉં.વ. ૬૬) તે નીતાબેનના પતિ. તેજસ, મિહિરના પિતા. જીનલ, પર્લના સસરા. વિનોદ, જયવંત, જુગલ, જીતેન્દ્ર, પ્રદીપ, હંસાબેન બોસમીઆ, નિર્મળાબેન લીયા, દક્ષાબેન જોગી, રમાબેન ભેદ્ર, જયશ્રીબેન આશારાના ભાઈ. ધીરજલાલ મણિયારના જમાઈ. સોમવાર, તા. ૩/૧૧/૨૫ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૬/૧૧/૨૫ના ૪ થી ૬. સંજોગ હૉટેલ, ૧લે માળે, એમ.જી. રોડ, બોરીવલી (પૂર્વ).

**પરજીયા સોની**

મહુવાવાળા, હાલ કાંદિવલી, રાજેશભાઈ કાંતિલાલ સતિકુંવર (ઉં.વ. ૬૬) ૪/૧૧/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. તે સ્વ. ચીમનલાલ ભગવાનદાસ ધકાણ ડેડાણવાળાના જમાઈ. હર્ષાબેનના પતિ. જીતેન્દ્રભાઈ, ગં. સ્વ. નીતાબેન જમનાદાસ ધોરડા, સ્વ. ઉષાબેન પ્રભુદાસભાઈ ધકાણ, સ્વ. ભાવનાબેન યોગેશભાઈ થડેશ્વરના ભાઈ. કરણ તથા આનલ અમિતકુમાર ધકાણના પિતા. પ્રાર્થનાસભા ૬/૧૧/૨૫ના ૫ થી ૬. સોનીવાડી, શીમ્પોલી રોડ, બોરીવલી વેસ્ટ.

**દશગામ પંચાલ**

મૂળગામ દ્રદરાનગર હવેલી, હાલ માટુંગા રોડ, સ્વ. ઈશ્વરલાલ લક્ષ્મણભાઈ પંચાલ (ઉં.વ. ૮૪) સ્વ. લક્ષ્મણભાઈ પંચાલ અને સ્વ. સરસ્વતીબેન પંચાલના સુપુત્ર. ગં. સ્વ. હેમલતાબેનના પતિ. સ્વ. શશીકાંતભાઈ, સ્વ. કિશોરભાઈ, સ્વ. મણીબેન, સ્વ. હંસાબેન, સ્વ. અરુણાબેન, ગં. સ્વ. મીનાક્ષીબેનના ભાઈ. સ્વ. કલ્યાણજીભાઈ લ. પંચાલ અને સ્વ. ગંગુબેન પંચાલના જમાઈ. મનિષ, રાકેશ અને દિનેશના પિતાશ્રી. શીતલ, મનીષા, સ્નેહલના સસરાજી. બુધવાર, તા. ૨૯/૧૦/૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૬/૧૧/૨૫ના ૪.૦૦ થી ૬.૦૦. કસ્તુરબા હૉલ, સેનાપતિ બાપટ માર્ગ, સ્ટેશનની સામે, માટુંગા રોડ પશ્ચિમ.

## જૈન મરણ

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

ખાંભા નિવાસી હાલ બોરીવલી ગં. સ્વ. ચંદનબેન ધીરજલાલ દેસાઈના પુત્ર ભાવેશભાઈ (ઉં. વ. ૫૬) તેઓ નિમિષાબેનના પતિ. હિનલ દેવમભાઈ શેઠ તથા ક્રેનાલીના પિતાશ્રી. જીતેન્દ્રભાઈ - જેસલબેનના ભાઈ. તેઓ ધારી નિવાસી હાલ બોરીવલી ગં. સ્વ. પુષ્પાબેન રમેશચંદ્ર ત્રંબકલાલ ઝાટકીયાના જમાઈ ૩-૧૧-૨૫, સોમવારના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા ૬-૧૧-૨૫, ગુરુવારના ૩ થી ૫. ઠે. વર્ધમાન જૈન શ્રાવક સંઘ, એલ.ટી. રોડ, ડાયમંડ ટોકીઝની સામે, બોરીવલી (પશ્ચિમ). (લૌકિક વ્યવહાર બંધ છે.)

**ક. દ. ઓ. જૈન**

ગામ મોટી સિંધોડીના હાલે વિરાર રાજેશ દામજી મૈશેરી (ઉં. વ. ૫૬) કચ્છ મોટી સિંધોડી મધ્યે ૩-૧૧-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે માતુશ્રી લક્ષ્મીબેન દામજી મૈશેરીના પુત્ર. ગીતાબેનના પતિ. ફોરમ- કશ્યપ, માનસી અને શ્રેયના પિતાશ્રી. જયશ્રીબેન અશ્વિન ભેદા (કપાયા), સંગીતાબેન ભરત વિકમશી (વારાપધર) અને જયેશના મોટા ભાઈ. સામા પક્ષે મા. હીરબાઈ ગોવિંદજી પદમશી છેડા (સુથરી)ના જમાઈ. બંને પક્ષ તરફથી નવકાર જાપ ૬-૧૧-૨૫ના સમય ૩ થી ૫. સ્થળ: શ્રી અચલગચ્છ જૈન સંઘ, ગીતા સ્મૃતિ ભવન, જૈન મંદિર રોડ, આયંબીલ ભવનની સામે, મહાદેવ મંદિરની બાજુમાં, વિરાર (વેસ્ટ).

**પાટણ જૈન**

સંજયભાઈ નેમચંદ શાહ (ઉં. વ. ૬૪) ચોધરીની શેરી, ફોફલ્યા વાડો હાલ મુંબઈ ૫-૧૧-૨૫ના રોજ અરિહંતશરણ પામ્યા છે. તે સ્વ. જયંતીલાલ નેમચંદ શાહના પુત્ર. સ્વ. સ્નેહાબેનના પતિ. શીમોની, સનીકાના પિતા. સુંજલ શાહના ભાઈ. લૌકિક વ્યવહાર બંધ છે.

**રાધનપુર તીર્થ જૈન**

રાધનપુર તીર્થ નિવાસી હાલ ઘાટકોપર, જયેન્દ્રભાઇ કાંતિલાલ દોશી (ઉં.વ. ૮૦) અવસાન તા. ૩-૧૧-૨૫ના રાજકોટ મુકામે અવસાન થયેલ છે. તે હંસાબેનના પતિ. સ્વ. દીપાબેન, શીતલબેન અને જીગરના પિતાશ્રી. હિતેશભાઇ, સંજીવભાઈ અને તેજલબેનના સસરા. સુરેન્દ્રનગર નિવાસી મંગળદાસ કપુરચંદ શાહના જમાઈ. રીવા અને શ્રેયના દાદા. લૌકિક વ્યવહાર રાખેલ નથી.

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

સાવરકુંડલા નિવાસી હાલ કાંદિવલી, સ્વ. મંજુલાબેન જયંતિલાલ લાખાણીના પુત્ર રજનીકાંતભાઈ (ઉં.વ. ૭૩) તે સ્વ. અશોકભાઈ લાખાણી, ભરતભાઈ લાખાણી, સ્વ. રંજનબેન મનહરલાલ દામાણી, ભારતીબેન હરેશભાઈ સંઘરાજકા, ગં. સ્વ. તરૂણાબેન વિનોદભાઈ ઝાટકીયા, ઇલાબેન પ્રફુલભાઈ બોટાદરાના ભાઈ. ભાવિકા દીપેશભાઈ બાવિશી, ધરા ધવલભાઈ વોરા, આશિષ ભરતભાઈ લાખાણી, અમર ભરતભાઈ લાખાણીના કાકા. તા. ૩ નવેમ્બર ૨૦૨૫ના અરિહંતશરણ થયેલ છે. પ્રાર્થનાસભા તા. ૬/૧૧/૨૫ના ગુરુવારે ૩ થી ૫. ''પાવનધામ'', મહાવીર નગર, કાંદિવલી વેસ્ટ.

**ઝાલાવાડી સ્થાનકવાસી વિશા શ્રીમાળી જૈન**

લીંબડી નિવાસી, હાલ કાંદિવલી, સ્વ. વિનયકાંત ગિરધરલાલ સંઘવીના પત્ની ગુણવંતીબેન (ઉં.વ. ૮૨) તે વિપુલ, સોનલ, અલ્પાના માતુશ્રી. સ્નેહલ, નિપમકુમાર, બકુલકુમારના સાસુ. હર્ષ, દર્શ, સલોની, ભવ્યના દાદી-નાની. સુરેન્દ્ર, નરેન્દ્ર, મૃદુલા, નલિની, ઈલા, ભારતી, પૂર્ણિમા તથા સંગીતાના ભાભી. બેલડા નિવાસી દુર્લભજી નાનચંદ વેજાણીના પુત્રી. મંગળવાર, ૪-૧૧-૨૫ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી જૈન**

મહુવા નિવાસી, હાલ મુલુન્ડ, સ્વ. મંગળજીભાઈ લાલચંદભાઈ શાહનાં સુપુત્ર વિપુલભાઈ (ઉં.વ. ૫૬) તા. ૧-૧૧-૨૫ને શનિવારના અરિહંતશરણ પામેલ છે. તે દિપ્તીબેનનાં પતિ. વિરાગના પિતા. મોક્ષાનાં સસરા. જીતેન્દ્રભાઈ, પ્રવિણભાઈ, હર્ષદભાઈ, જયશ્રીબેન પ્રવિણભાઈ ઝવેરી, રીટાબેન દિનેશકુમાર શાહ, રેખાબેન કૌશિકભાઈ મહેતા, દિનાબેન જયદિપકુમાર મહેતાના નાનાભાઈ. શ્વસુરપક્ષે સ્વ. વસંતભાઈ વૃજલાલ દિહોરા (પાલીતાણાવાળા)નાં જમાઈ. પ્રાર્થનાસભા શુક્રવાર, તા. ૭-૧૧-૨૫ના ૧૦.૦૦ થી ૧૨.૦૦. સમૃદ્ધિ હોલ, મદન મોહન માલવીયા રોડ, ટેલી. એક્સચેન્જની બાજુમાં, મુલુંડ વેસ્ટ.

**ઘોઘારી વિશાશ્રીમાળી જૈન**

કમળેજ નિવાસી, હાલ ચુનાભટ્ટી, સાયન. સ્વ. મનસુખલાલ દીપચંદ મહેતાના સુપુત્ર વિરેન્દ્રભાઈના ધર્મપત્ની અ. સૌ. સરોજબેન (ઉં.વ. ૭૯) હાર્દિકભાઈ અને રૂપાલીબેનના માતુશ્રી. હિરલબેન તથા રાજનભાઈના સાસુ. સ્વ. રમેશભાઈ, સ્વ. કાંતિભાઇ, સ્વ. બીપીનભાઈ, સ્વ. ઉર્મિલાબેન, સ્વ. સુશીલાબેન, સ્વ. ઇન્દુબેન અને હંસાબેનના ભાભી. પીયરપક્ષે શાહ જયંતિલાલ કુંવરજીભાઈના દીકરી (ભાવનગર), તા. ૫/૧૧/૨૫ના બુધવારના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી વિશા ઓસવાળ જૈન**

નાગલપુરના કિરણ દામજી ગંગર (ઉં.વ. ૬૩) તા. ૨-૧૧-૨૫ના અવસાન પામેલ છે. હેમલતા દામજીના પુત્ર. ભાવનાના પતિ. દર્શિત, હર્ષ, પંકિતના પિતા. પ્રવિણા, ભરત, જ્યોતિ, કેતનના ભાઇ. તલવાણાના મઠાંબાઇ ખીમજી મુરજીના જમાઇ. પ્રા. શ્રી વ.સ્થા. જૈન શ્રા. સં. શ્રી કરસન લધુ નિસર હોલ, દાદર (વે.) ટા. ૨ થી ૩.૩૦. ઠે. કિરણ દામજી, ૧૦૪, મઝગામ ટાવર, મતાર પખાડી રોડ, મઝગામ, મું. ૧૦.

રામાણીયાના રમેશ શામજી નરશી ભારમલ રાંભીયા (ઉં.વ. ૬૭) તા. ૩-૧૧-૨૫ના અવસાન પામેલ છે. સરોજ શામજીના પુત્ર. નયનાના પતિ. મયુરના પિતા. ગિરીશ, વર્ષાના ભાઈ. બિદડાના પ્રભાવતી ખીમજી સાવલાના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિ. વર્ષા શેઠીયા, રૂમ નં.૧૪, શુકલા સદન, બાંદીવલી હીલ રોડ, મલકાની ટાવરની સામે, જોગેશ્વરી (વેસ્ટ).

ભુજપુરના કુસુમ અનીલ ભેદા (ઉં.વ. ૭૨) તા. ૩-૧૧-૨૫ના અવસાન પામેલ છે. મઠાબાઈ જીવરાજ ભેદાના પુત્રવધૂ. અનિલભાઈના ધર્મપત્ની. બારોઈ મણીબેન કલ્યાણજી ગુટકાના સુપુત્રી. સોનલ, જીગ્નેશના માતુશ્રી. બારોઈ વસંતભાઈ કલ્યાણજી, નવાવાસ કોકીલા પ્રેમચંદના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. કુસુમ અનીલ ભેદા. બી-૩૦૪, લિબર્ટી કોર્નર, રામદેવપાર્ક રોડ, મીરારોડ (ઈસ્ટ).

બેરાજાના માતુશ્રી નિર્મળાબેન મગનલાલ સાવલા (ઉં.વ. ૮૨) તા. ૩-૧૧-૨૫ના અવસાન પામ્યા છે. વેલબાઈ શીવજી ખેતશીના પુત્રવધૂ. મગનલાલના ધર્મપત્ની. લાખાપુરના મઠાંબાઈ પાસુ હધુ ગાલાના સુપુત્રી. ભરત, લતા, રીટાના માતા. લાખાપુર આણંદજી, ભવાનજી, મેઘજી, મણીલાલ, વસનજી, માવજી, રમણીક, વાંકી હીરબાઈ વેલજી, ભોરારા લક્ષ્મીબેન કુંવરજી, મણીબેન લાલજી, પત્રી ઉમરબાઈ હીરજી, ગુંદાલા ઝવેરબેન વિશનજી, ચુનડી જયવંતીબેન હરીલાલના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ : ભરત મગનલાલ સાવલા. ૩૦૩, પ્રથમ કશીશ બિલ્ડીંગ, નૌપાડા હીલ, કુર્લા (વે).

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# લાડકી

## કથા કોલાજ

કાજલ ઓઝા-વૈદ્ય
feedback.ladki@bombaysamachar.com

# આ છોકરી હીરોઈન બનવા તૈયાર થશે ત્યારે પહેલો ચાન્સ બોમ્બે ટોકીઝનો રહેશે...

(ભાગઃ ૨)

**નામઃ મુમતાઝ જહાન દહેલવી (મધુબાલા)**
સમયઃ ૨૦ ફેબ્રુઆરી, ૧૯૬૯
સ્થળઃ બ્રિચ કેન્ડી હોસ્પિટલ, મુંબઈ
ઉંમરઃ ૩૬ વર્ષ

**મુંબઈ** આવીને અમે મુસાફિર ખાનામાં રોકાયા. એક નાનકડી ગંધાતી ઓરડી. ટોઈલેટ બાથરૂમ માટે બહાર જવાનું. મને જરાય ગમ્યું નહીં, પણ અબ્બુજાનને કંઈ કહેવાની મારી હિંમત જ નહીં. નાહી-ધોઈને મને ચોખ્ખું ફ્રોક પહેરાવ્યું. અમ્મીએ મારા સરસ મજાના વાળ ઓળી આપ્યા. એમાં બો નાખી. અબ્બુ અને હું ટ્રેનમાં બેસીને એક મોટા સ્ટુડિયોના ગેટ પાસે પહોંચ્યા. સ્ટુડિયોનો વિશાળ ગેટ ત્રણ માણસો એકની ઉપર એક ઊભા રહે એટલો ઊંચો હતો. ગેટ ઉપર મોટા અક્ષરે 'સાગર મુવીટોન' લખેલું હતું. જોકે, મને વાંચતા નહોતું આવડતું. ચોપાટીનો દરિયો અને મુંબઈના બિલ્ડિંગ જોઈને હું અભિભૂત થઈ ગઈ હતી. સ્ટુડિયોના ગેટમાં એક પછી એક અંદર જતી અને બહાર આવતી મોટરગાડીઓ જોઈને હું ખુશ થઈને તાળીઓ પાડતી હતી. અબ્બુ અંદર જવાની કોશિશ કરી રહ્યા હતા, પરંતુ વોચમેન એમને અંદર જવા દેવા તૈયાર નહોતો. અબ્બુએ ખૂબ મિન્નત કરી, પરંતુ વોચમેને અંદર જવા દીધા નહીં. પછી એમની પાસે રહેલા દોઢ રૂપિયામાંથી ચાર આના એના હાથમાં દબાવ્યા. વોચમેને સ્મિત કરીને વિશાળ ગેટની ડોકાબારી ખોલી આપી. અંદર જઈને અબ્બુએ બે-ચાર જણાંને પૂછપરછ કરી, પરંતુ બાળકો માટે અહીં કોઈ કામ નહોતું. ત્યાં બેસીને સિગારેટ પી રહેલા એક માણસે મારા અબ્બુને સલાહ આપી, 'ઈધર કામ નહીં બનેગા. બોમ્બે ટોકિઝ ચલે જાઓ.'

અમે ચોપાટીથી બીજી ટ્રેન પકડીને મલાડ પહોંચ્યા. સ્ટેશનથી ચાલતા ફરી એક સ્ટુડિયોના ગેટ સામે આવીને ઊભા રહ્યા. ફરી ચાર આના પકડાવીને અબ્બુએ ગેટ ખોલાવ્યો. અમે અંદર દાખલ થયા. અંદર તો એક અલગ જ દુનિયા હતી! અનેક લોકો અવરજવર કરી રહ્યા હતા. મોટા મોટા ચિત્રો લઈને મજૂરો આમથી તેમ દોડી રહ્યા હતા. રજવાડી પોષાક પહેરેલા, કોઈ ભગવાન બનેલા તો કોઈ ભિખારીના વેશમાં સિગારેટ પી રહેલા લોકોને જોઈને મને ખૂબ કુતૂહલ પણ થયું અને મજા પણ આવી... હું આમથી તેમ દોડવા લાગી. થોડે દૂર એક ખુરશી નાખીને છત્રી નીચે એક સજ્જન બેઠા હતા. એમની બાજુમાં બીજી છત્રી નીચે એક સુંદર મહિલા પણ હતાં. મારા પિતા એમને ઓળખી ગયા. એ અભિનેતા ઉલ્લાસ ખાન અને પ્રખ્યાત અભિનેત્રી મુમતાઝ શાંતિ હતાં. એ જ વખતે એક સુટ પહેરેલા, સોનેરી ફ્રેમના ચશ્મા પહેરેલા પ્રભાવશાળી વ્યક્તિ અમારી પાસે આવ્યા. મારા અબ્બુએ એમની સાથે વાત કરી. એમણે મારી તરફ જોયું. હળવેકથી મારા માથે હાથ મૂક્યો અને પછી દિગ્દર્શક અમીય ચક્રવર્તીને કહ્યું, 'તમારી બની રહેલી ફિલ્મ 'બસંત' માટે આ બેબી કેવી લાગે છે? જોઈ લો! તમને યોગ્ય લાગે તો...' કહીને એમણે જતાં જતાં ઉમેર્યું, 'ભાઈજાનને નાસ્તો કરાવજો ને બેબીને ચોકલેટ આપજો.' એ હતા બોમ્બે ટોકિઝના મેનેજર રાયબહાદુર ચુનીલાલ. એમનો માણસ આવીને અબ્બુને નાસ્તો કરવા કેન્ટીનમાં લઈ ગયો. કેટલા વખતે ભરપેટ ખાવાનું મળ્યું હતું! મેં જોયું કે અબ્બુ તૂટી જ પડ્યા. હું પણ ચોકલેટ ખાવામાં વ્યસ્ત હતી ત્યારે માણસ બોલાવવા આવ્યો, 'મેડમ બોલાવે છે.'

મને મુમતાઝ શાંતિ પાસે લઈ ગયા. મુમતાઝજીએ મને બે-ચાર સવાલો પૂછ્યા. મેં હસીને મજાથી જવાબો આપ્યા. પછી મુમતાઝ શાંતિએ પૂછ્યું, 'લાઈટો ચાલુ થશે, કેમેરા ચાલુ થશે, માણસો હશે, તું ડરીશ તો નહીં ને?' મેં ડોકું ધૂણાવીને 'ના' પાડી, 'હું બહુ બહાદુર છું. મને અંધારાનો પણ ડર નથી લાગતો.' મેં કહ્યું, સૌ હસી પડ્યા. મહિને સો રૂપિયા પ્લસ ટ્રેનનો પાસ પ્લસ નાસ્તો અને જમવાના સહિત મારી નોકરી નક્કી થઈ ગઈ. બોમ્બે ટોકિઝમાંથી શરત કરવામાં આવી હતી કે કામ હોય કે નહીં, મને લઈને અબ્બુએ સવારે નવ વાગ્યે હાજર થઈ જવું પડશે. ફક્ત 'બસંત' ફિલ્મમાં જ નહીં, 'બોમ્બે ટોકિઝ' મને જ્યાં કહે ત્યાં મારે કામ કરવું પડશે. મહિને સો રૂપિયાના પગારની લાલચમાં અબ્બુએ કોન્ટ્રાક્ટ પર સહી કરી દીધી. બીજા દિવસથી મારું કામ શરૂ થઈ ગયું.


મુમતાઝ જહાન દહેલવી (મધુબાલા)

છ વર્ષની ઉંમરે હું સવારે છ વાગ્યે ઊઠી જતી. દૂધ પી, તૈયાર થઈને અમે ટ્રેનમાં મલાડ જવા નીકળી જતા. નવના ટકોરે સ્ટુડિયોમાં પહોંચવાની એ આદત જે બાળપણમાં પડી એ પછી ક્યારેય છુટી નહીં. લોકો કહેતા, 'ઘડિયાળ મોડી પડે, પણ મધુબાલા અને અતાઉલ્લા ખાન ક્યારેય મોડા ન પડે...' આઠ વર્ષની ઉંમરે મને મળતા પગારમાંથી મારા પિતાએ તબેલાની બાજુમાં આવેલી એક નાનકડી ઓરડી ભાડે લીધી. અમે મુસાફિર ખાનામાંથી અમારા ઘરમાં આવી ગયા. જોકે, મારે માટે તો 'ઘર' ઉંઘવા પૂરતી જ જગ્યા હતી.

'બસંત'માં મારું કામ ખૂબ વખણાયું. સહુ મને 'બેબી મુમતાઝ' તરીકે ઓળખવા લાગ્યા. ટ્રેનમાં પણ ક્યારેક કોઈ ઓળખીને પૂછી લેતું, 'બેબી મુમતાઝ?' હું ખુશખુશાલ થઈને ડોકું ધૂણાવીને હા પાડતી. ૧૯૪૨માં રિલીઝ થયેલી 'બસંત'માં પન્નાલાલ ઘોષના મ્યુઝિક ડિરેક્ટરમાં મેં એક ગીત પણ ગાયું, 'તુમકો મુબારક તુમ્હારે મહલ યે, હમકો હૈ પ્યારી હમારી ગલિયાં...' ગીત ખૂબ લોકપ્રિય થયું. એ પછી તો ધડાધડ કામ મળવા લાગ્યું. મારા પિતાને પૈસાની હંમેશાં જરૂર રહેતી. હવે સો રૂપિયા ઓછા પડવા લાગ્યા હતા. 'બસંત' પછી 'મુમતાઝ મહલ', 'ધન્ના ભગત', 'પૂજારી', 'રાજપૂતાની' જેવી ફિલ્મો આવી. 'મુમતાઝ મહલ' પછી મારા અબ્બુએ પગાર વધારાની માગ કરી. પહેલાં તો બોમ્બે ટોકિઝમાંથી સ્પષ્ટ નકાર આવી ગયો, પરંતુ મારા પિતાએ સીધી દેવિકા રાણી સાથે મુલાકાત કરી. જાજરમાન અને હિંમતવાન ઓરત હતી એ! હિમાંશુ રોયના મૃત્યુ પછી બોમ્બે ટોકિઝનો ભાર એમણે પોતાના ખભે ઉપાડ્યો હતો. રોજ સવારે મોટરમાં બેસીને એ ઓફિસ આવતાં. લગભગ એ જ ગાળામાં શશધર મુખર્જીએ બોમ્બે ટોકિઝ છોડવાનો નિર્ણય કરી લીધો હતો. એમની સાથે બીજા અનેક લોકો બોમ્બે ટોકિઝ છોડવા તૈયાર થઈ ગયા હતા કારણ કે, શશધર મુખર્જી (આજની અભિનેત્રી કાજોલના દાદાજી) પોતાનો સ્ટુડિયો સ્થાપવાની તૈયારીમાં હતા. એમણે મોટા પગારે અને બીજી સવલતો સાથે આધુનિક સ્ટુડિયોમાં બોમ્બે ટોકિઝના અનેક લોકોને નોકરી આપવાની તૈયારી બતાવી. વળી, એ સમયની માનસિકતા પ્રમાણે દિગ્દર્શકો અને લેખકો એક સ્ત્રીની માલિકીના સ્ટુડિયોમાં કામ કરતા અચકાતા હતા. હિમાંશુ રોયના મૃત્યુ પછી દેવિકા રાણી એકલા હાથે બોમ્બે ટોકિઝ નહીં ચલાવી શકે એવું માનનારા લોકો પણ ધીરે ધીરે બોમ્બે ટોકિઝ છોડવા લાગ્યા હતા ત્યારે દેવિકા રાણીએ મારા પિતા સાથે ચર્ચા કરીને મારો પગાર સોમાંથી ત્રણસો રૂપિયા કરી નાખ્યો. સાથે જ એમણે શરત કરી, 'આ છોકરી હીરોઈન બનવા તૈયાર થશે ત્યારે પહેલો ચાન્સ બોમ્બે ટોકિઝનો રહેશે...' એ વખતે મારા પિતાને કદાચ કલ્પના નહોતી કે, મારા ભવિષ્યમાં શું છુપાયું છે! સોમાંથી ત્રણસો રૂપિયાના પગારની લાલચે એમણે 'હા' પાડી. મેં બોમ્બે ટોકિઝની અનેક ફિલ્મોમાં બાળ કલાકાર તરીકે કામ કર્યું. હું દેવિકા રાણીની ફેવરિટ હતી. એ વારંવાર કહેતા, 'મોધુ' (બંગાળીમાં મધ) જેવી છે આ છોકરી!

'રાજપૂતાની' પછી હું મોટી થવા લાગી હતી, પણ એટલી મોટી નહોતી થઈ કે નાયિકાના પાત્રમાં કામ કરી શકું. બાળ કલાકાર તરીકે હવે મને ફિલ્મો મળવાની બંધ થઈ. બોમ્બે ટોકિઝ સાથેનો બે વર્ષનો કરાર પૂરો થયો. હવે બાળ કલાકાર તરીકેના કરારને રિન્યૂ કરવાની સ્ટુડિયોએ ના પાડી. મારા પિતા માટે ફરી એક વાર આર્થિક તંગીના દિવસો શરૂ થયા. ત્રણ ટાઈમનું જમવાનું પણ બંધ થઈ ગયું. એમણે હાથ-પગ મારવા માંડ્યા. એક પછી એક લોકો પાસે જઈને એમણે મને હીરોઈન બનાવવા માટેની વિનંતી કરવાની શરૂઆત કરી દીધી. જોકે, એ સમય દરમિયાન મને થયેલા અનુભવો બહુ સારા નહોતા એવું મારે સ્વીકારવું જોઈએ. જાનકીદાસ નામના એક નિર્માતાએ મારા પિતાને કહેલું, 'મધુને રાત્રે મોકલજો. એનો સ્ક્રીન ટેસ્ટ લઈશ.' મારા પિતાનું પઠાણ લોહી ગરમ થઈ ગયેલું. એમણે જાનકીદાસને એક તમાચો રસીદ કરી દીધેલો જેની ગૂંજ આખી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં સંભળાયેલી. સહુ અતાઉલ્લા ખાનથી ડરવા લાગ્યા હતા. મને હીરોઈન તરીકે કામ નહોતું મળતું ને મારા પિતાને હવે નોકરી કરવાની આદત છુટી ગઈ હતી. પરિવારમાં ફરી એક વાર ખાવાના ફાંફાં પડવા લાગ્યા. અમે પાછા દિલ્હી જવાનો નિર્ણય લઈ લીધો.

ફરી પાછા અમે સહુ મુંબઈ છોડીને દિલ્હી આવ્યા. મારે માટે તો મજાની વાત હતી કારણ કે, હવે સ્ટુડિયોમાં જવાનું નહોતું, કામ કરવાનું નહોતું, રમવા મળતું, બહેનપણીઓ સાથે મટરગશ્તી કરવાની મજા પડવા લાગી હતી... મને ભવિષ્યની ચિંતા નહોતી, અથવા કદાચ એવું બધું વિચારવા માટે હું બહુ નાની હતી. (ક્રમશઃ)■

## લાફ્ટર આફ્ટર

પ્રજ્ઞા વશી
feedback.ladki@bombaysamachar.com

# પુરુષ કેમ મહિલા ગ્રૂપની મીટિંગથી ભાગે છે...?



**પહેલાં** આવું કહેવાતું... 'ભેગા થાય ચાર ચોટલા, તો ભાંગે ઘરના ઓટલા.' હવે તો કોઈ બહેનને ભૂલમાં પણ કોઈ ભાઈ એવું કહેવા જાય તો ઓટલા તો પછી ભાંગે, પણ પહેલાં એના હાડકાં જરૂર ભાંગી જાય, છતાં કોઈ ભાઈને કહેવામાં આવે કે 'તમારે બહેનોની મીટિંગમાં હાજરી આપવાની છે અને તે પણ પૂર્ણ સમય માટે! ' તો એ ભાઈ કોઈપણ બહાનું બતાવીને ત્યાંથી પલાયન થઈ જાય,પણ મીટિંગમાં બેસવા તૈયાર નહીં થાય. બસ, હવે એક દ્રશ્ય જોઈએ અને પછી કેમ ભાઈઓ મહિલા ગ્રૂપની મીટિંગમાં બેસતા નથી એનો ભેદ જાણીએ....

મીનાબહેન મહિલા ગ્રૂપનાં પ્રમુખ. એકવાર એમણે ગ્રૂપની મીટિંગમાં પ્રમુખપદે બેસીને નિર્ણયો લેવાના હતા. મોડું થવાથી પતિ મહેશભાઈ એમને મૂકવા ગયા. આમ તો મૂકીને આવી રહેવાના હતા. પણ અતિ વરસાદને કારણે તેઓ પણ અંદર ગયા. મીટિંગ હોલ મોટો હતો. એટલે એમણે એક ખૂણે બેસી રહેવાનું સાહસ કર્યું. પણ એક બહેનની આંખે ચડી ગયા. (પછી કંઈ ગાંઠે?) તરત જ તેમણે ઊભા થઈને એલાન કર્યું.

'આપણા પ્રમુખશ્રી મીનાબહેનના પતિદેવ હાજર છે. તો એમને માન સહિત ટેબલ ખુરશીએ બેસાડવા એ આપણી ફરજ છે.'

મુકેશભાઈએ લાખ ના કહી. પણ બધી બહેનોએ ઊભાં થઈને તાળીઓ પાડીને મંચ ઉપરના ટેબલ ખુરશી પર બેસવા વિનંતી કરી.

એક બહેને ઝડપથી પ્લાસ્ટિકનું ફૂલ આપતાં કહ્યું, 'મહેશભાઈ, અમારી સંસ્થામાં અમે જાતે આવાં ફૂલો બનાવીને સંસ્થાને મદદરૂપ થઈએ છીએ.(ઘરમાં રહીને શું કરે છે? એવો પ્રશ્ન મહેશભાઈને પૂછવો હતો. પણ સામે રણચંડીઓ અગણિત... બોલે તો બાર ખાય.)

વારાફરતી બહેનો અંદર પ્રવેશી રહી હતી. કોઈ અડધી પલળેલી હતી. કેટલીક ગળતી છત્રીને લઈને પ્રવેશી રહી હતી. કેટલીક તો ગળતો રેઇનકોટ તાર ઉપર કપડાં સૂકવે તેમ સૂકવી રહી હતી. કેટલીક 'આવા વરસાદમાં પહેલાં ચા મળી જાય તો સારું.' એવું જરા મોટેથી બોલીને બીજી બે-ચાર જણીને ચા મંગાવવા માટે એમના ખભે બંદૂક મૂકતી હતી.

કેટલીક બોલતી હતી, 'ભર વરસાદની આગાહી હતી તો મીટિંગ શા માટે રાખવી જોઈએ? પલળીને ઘેર જઈશું ને માંદા પડી જઈશું તો રસોઈ પાણી કોણ કરશે? પ્રમુખ મીનાબહેનનું શું છે, એમના તો પતિદેવ ઘરે રસોઈ કરી નાખતા હશે અને આપણે તો ઘરે જઈને રોટલા ટીપવાના!'

એકે કોણી મારી. 'અલી, ધીરે બોલ. ઉપર બેઠેલા ભાઈ મીનાબહેનના પતિદેવ છે. સમજી?'

'શાંતિ... શાંતિ... બહેનો જરા શાંતિ રાખો. બહાર વરસાદ ખૂબ વરસી રહ્યો છે. આપણે કુલ પાંચ મુદ્દા પર નિર્ણય લેવાનો છે. એ લેવાઈ જાય તો જલદી ઘરે જઈ શકીશું. પહેલો મુદ્દો એ છે કે દિવાળી આવી રહી છે તો આપણે એક પ્રોગ્રામ કરવો અને એ પ્રોગ્રામમાં શું કરવું, એ વિશે બધાં વારાફરતી શિસ્તમાં રહીને કહો.'

એક બહેન ઊભાં થઈને બોલ્યાં, 'સારું સારું જમવાનું રાખો અને બને તો જતી વખતે એક ટિફિન પણ ભરીને આપો. એટલે દિવાળીમાં ઘરે જઈને પતિ માટે રસોઈ બનાવવી ના પડે.'

પાછળથી એ બહેનનો સાડીનો છેડો પકડીને એને બેસાડતાં બીજાં બહેન ઊભાં થયાં અને બોલ્યાં, 'આ મોનાબહેનને ખાવાની વાત જ આવડે છે. એના કરતાં ટેલેન્ટ શો રાખો તો બધાને અભિવ્યક્તિની તક મળે.'

હવે એની પાછળની બહેનને તો મોનાને બતાવી જ દેવું હતું. એટલે આરતીબહેને મોનાનો દુપટ્ટો ખેંચતાં ઊભાં થઈને પૂરા જોશથી કહ્યું, 'ઘરમાં સાસુને ઓછી ટેલેન્ટ બતાવે છે, તે મોટી અહીં ટેલેન્ટ બતાવવાની? એ નાટકચેટકમાં બધાએ પોતપોતાનાં ઘરમાં કરવાનાં. કંઈક તર્કબદ્ધ અને બુદ્ધિવર્ધક પ્રોગ્રામ કરો. સમજ્યાં?'

મીનાબહેને ફરી 'શાંતિ રાખો... શાંતિ રાખો...' નું રટણ શરૂ કર્યું.

ત્યાં એકે કહ્યું, 'હજી અમારે પણ કહેવાનું બાકી છે. તો પહેલાં શાંતિ રાખો... શાંતિ રાખો... શું કરો છો?'

મહેશભાઈએ ઊભા થઈને બહાર જવા કોશિશ કરી, ત્યાં મીનાબહેને ડોળા કાઢ્યા. એટલે એ ફરી બેસી પડ્યા.

મીનાબહેન બોલ્યાં, 'આ મુદ્દો વિવાદી છે. એને છોડી દો ને આગળ વધો.'

ત્યાં મંત્રી બોલ્યાં, 'છોડી દો એટલે શું? એમ તો બધા જ સભ્યો બીજો, ત્રીજો, ચોથો... બધા જ મુદ્દા ફગાવી દેશે. તો ગ્રૂપ કેવી રીતે ચાલશે? શું સંસ્થા બંધ કરી દેવાની છે?'

ત્યાં સહમંત્રી બોલી, 'ચાલો, આજે અમારી કે તમારી કોઈની નહીં. પણ મીનાબહેનના પતિદેવ નક્કી કરે કે કાર્યક્રમમાં શું કરવું. ટેલેન્ટ શો, પછી સિંગિંગ, હાઉસી કે પછી સાહિત્યનો પ્રોગ્રામ કે પછી બીજું કંઈ.'

સૂડી વચ્ચે સોપારી જેવા મહેશભાઈને હવે ધ્રુજારી છૂટવા લાગી. એમણે મીનાબહેન સામે જોયું. મીનાબહેને ડોળા કાઢ્યા. હવે આ ડોળાનો શો અર્થ હશે એ વિચારમાં ઓર ધ્રુજારી વધી ગઈ. ઘરે જઈને આજે ખાવાનું નહીં મળશે એ વાત નક્કી છે. એમ વિચારી કંપારી છૂટી ગઈ. એમને ખબર હતી કે હું કંઈ પણ જવાબ આપીશ તે અડધી મહિલાને નહીં ગમે. અને મીનાને તો એક પણ જવાબ માફક નહીં આવશે.

'બોલો મહેશભાઈ, અમારે શું કરવું જોઈએ?' પાછળથી એક ચતુર બહેન બોલ્યાં. 'મીનાબહેનની બીક લાગે છે. એ નહીં બોલે.'

અને એ સાંભળી બધા ખડખડાટ હસી પડ્યાં. ત્યાં બીજી બોલી.

'રહેવા દે હવે. તને જોઈને તો તારો હસબન્ડ બદલી નાખે છે. આવી વળી મોટી! બીજાના વરની વાત માંડીને બેઠી છે!'

કંટાળેલા મહેશભાઈ સત્વરે ઊભા થયા અને બોલ્યા, 'મારું પણ નહીં અને તમારું પણ નહીં. પણ હું જે કહું તે કરવાના હોય તો કંઈક કહું. હું જે કંઈ કહું તે તમારે બધાએ કરવાનું છે. બોલો કરશો? તો કંઈક નવું કરવા આપું છું એ બધાં લખી લો. હું ચાર વિષય આપું છું. જે દિવાળીની રજામાં કોઈ એક વિષય પર તમારે લખવાનું છે અને ટેલેન્ટ શોમાં વાંચવાનું છે. બોલો લખશો?'

બધી જ બહેનો બોલી, 'હા...'

મહેશભાઈએ લખાવ્યું. 'પહેલા નિબંધનો વિષય છે - સ્ત્રીઓને જીભ જ ના હોત તો? બીજો વિષય છે- સ્ત્રી વગરની દુનિયા. ત્રીજો વિષય છે - સ્ત્રી અને એની ટેલેન્ટની દિશા. ચોથો વિષય - સ્ત્રીમાં સ્ત્રીત્વનાં ઉત્તમ લક્ષણો. .... દિવાળી બાદ બધા સ્ટેજ ઉપરથી એક નિબંધનું પઠન કરશે. હું હાજર રહીશ અને બે નિર્ણાયક નિર્ણય જાહેર કરશે. કુલ દસ ઇનામ હું મારા તરફથી તમારા પ્રમુખને હસ્તે અપાવીશ, કારણ કે મારા જીવનની પ્રમુખ પણ એ જ તો છે.'

પેલી પાછળ બેઠેલ પાંચે લડતી આખડતી બહેનો બોલી : 'આજનો નાસ્તો અમારા પાંચ તરફથી.... !'

ભલા કોણ પહોંચે આ બહેનોને! ■

## ઉડાન મુગ્ધાવસ્થાથી મધ્યાવસ્થા સુધી

શ્વેતા જોષી અંતાણી
feedback.ladki@bombaysamachar.com

# એ ઉંમર - જયારે ટીનએજર ને પેરેન્ટસ સામસામે આવીને ઊભા રહે છે...

**આજે** સવારથી ઘરમાં ધમાચકડી મચેલી... કોઈ નજીકના કૌટુંબિક સગાને ત્યાં પ્રસંગોપાત હાજરી પુરાવવા ઝટપટ પોતપોતાનો નિત્યક્રમ પતાવવામાં સહુ લાગેલા, સિવાય કે નિહારી.... નિહારીને આજકાલ ઘરમાં એકલું-એકલું રહેવાનું હવે વધુ ગોઠે છે જાણે. એને આમ તો બહાર જવું ના ગમે એવું તો સાવ નહોતું , પરંતુ જો મમ્મી-પપ્પા સાથે ક્યાંય જવાનું હોય, કોઈ ફેમિલી ફંકશન હોય કે કોઈ જગ્યાએ લોકોનાં ટોળાં ભેગા થવાના હોય તો ત્યાં જવામાં એના નાકનું ટેરવું ચડી જતાં વાર લાગતી નથી.

કોઈ ચોક્કસ ઉંમરના તબક્કે લગભગ આપણને સહુને આ પ્રકારની લાગણીનો સામનો કરવાનો આવ્યો હોય છે. અત્યાર સુધી મમ્મીને ક્યાંય એકલી બહાર ના જવા દેતી કે પપ્પા ઓફિસ જાય તો પણ કાગારોળ કરી મૂકતી નિહારી હવે એ પ્લાનિંગ બનાવવામાં વ્યસ્ત હોય છે કે આ બધાં બહાર જાય ત્યારે પોતે કયા બહાનાસર સાથે જવાનું ટાળી શકે.

આજે પણ એવું જ કંઈક બહાનું વિચારતી, સાવ ગોકળગાયની ગતિએ નાસ્તો કરી રહેલી નિહારીના ખભ્ભા પર ટાપલી મારી મમ્મીએ કહ્યું, 'શું આમ આળસુની જેમ બેસી રહી છે? તારા કારણે બધાંને મોડું થશે, ઝડપ કર.. ચાલ.' હવે ઝાઝું વિચારવાનો સમય નહોતો એટલે નિહારીએ ધડ દેતાં બોલી નાખ્યું, 'મારે નથી આવવું.'

'તને કોઈએ પૂછ્યું? મારે ઘણું કામ છે, પ્લીઝ મારી સાથે કોઈ ભેજામારી ના કરીશ' મમ્મીએ આદેશાત્મક વળતો પ્રહાર કર્યો. જોકે નિહારી પરફેક્ટ ટીનએજમાં હતી એટલે એમ લીધી લપ મૂકે શેની? એણે આગળ ચલાવ્યું :

'પણ હું ના આવું તો શું વાંધો છે? ત્યાં મારા જેવડું કોઈ નહીં હોય.'

'હું છું ને, મારી પાસે બેસજે.' મમ્મી માટે તો નિહારી હજુ એ જ નાની છોકરી હતી જે એનો પાલવ છોડવા તૈયાર ના થતી.

'ના, મને તારીએ આંટીઓની વાતોમાં રસ નહીં પડતો.'

'તો પછી રમજે ત્યાં...' મમ્મીનું આ છેલ્લું વાક્ય સાંભળી નિહારી ખરેખર અકળાય ઊઠી. એ થોડી વધુ ઉગ્ર થતાં બોલીઃ

'ના, બિલ્કુલ નહીં. મમ્મા તું જ તો કહે છે કે હવે હું નાની નથી. આમ પણ મને એમ નાના છોકરાઓ સાથે રમવું હવે નથી ગમતું.' નિહારી વાક્ય પૂરું કરતાં રડમસ થઈ ઊઠી.



'અરે, તો કંઈ ના કરતી, બેસી રહેજે ચૂપચાપ બીજું શું!'

'એમ તો મને સહેજપણ નહીં ગમતું, મમ્મા... મારે નહીં આવવું, પ્લીઝ.'

'એકલી શું કરીશ ઘેર? નાહકની અમને ત્યાં બેઠા પણ તારી ચિંતા રહ્યા કરે..જા, તૈયાર થા. હવે વધુ દલીલ ના જોઈએ મારે.' -મમ્મીએ બ્રહ્માસ્ત્ર છોડ્યું.

નિહારી મનેકમને તૈયાર થઈ અને એ દિવસ પૂરતું બધું સમુસૂતરું પાર પડ્યું એમ માની ઘરમાં લોકોએ નિરાંતનો શ્વાસ લીધો, પરંતુ કોઈએ નિહારીની મનોસ્થિતિ જાણવાનો પ્રયત્ન કર્યો નહીં. એ દિવસે તો સતત પાંચ-છ કલાક મૂંગા મોઢે બેસી રહી. ભયંકર હદે કંટાળેલી પણ ખરી, જોકે કંઈ બોલી નહોતી.

નિહારીએ એનો પડઘો પાંચ દિવસ પછી પાડ્યો. રવિવારનો દિવસ એટલે મજા કરવાનો દિવસ, જે નિહારી સજામાં ફેરવી નાખવાની હતી. એનો લગીરેય ખ્યાલ મમ્મી-પપ્પાને નહોતો.

રાબેતા મુજબ રવિવારની સાંજે ફરવા જવાની તૈયારીઓ ચાલુ થઈ, નિહારીના નાના ભાઈએ ઉત્સાહના માર્યા કૂદાકૂદ કરી મુકી અને ફરી નિહારી વિફરીઃ

'મારે નથી આવવું... મને તમારી સાથે બહાર આવવામાં મજા નથી આવતી.!' આ સાંભળી એના પેરેન્ટ્સ આંચકો ખાઈ ગયાં.

'અરેરે, આ છોકરીથી તો હવે થાક્યાં. દરરોજ કંઈક નવી ઉપાધી. મારું માથું દુઃખી આવે છે હવે.' મમ્મીએ સામો કકળાટ શરૂ કર્યો.

'કંઈ વાંધો નહીં ચાલ, આજે મજા આવે એવું કંઈક કરીશું'..પપ્પાએ દોરીસંચાર હાથમાં લીધો.

'ના..આજે તો હું અહીં જ રહીશ..તમે જાઓ.. ' .

ખૂબ બધી સમજાવટ, ગુસ્સો, ઠપકો, વ્હાલ કંઈ કામે આવ્યું નહી. નિહારી ના માની તે ના જ માની. કચવાતા મને એના મમ્મી-પપ્પા નાના દીકરાની જીદ પોષવા બહાર ગયાં.

જીવનમાં પહેલી વખત દીકરી સાથે ના આવી. એનું દુઃખ એમના ચહેરા પર તરવરી રહ્યું. આ તરફ નિહારીએ ઘરમાં રીતસર ઠેકડાં માર્યા. વિજયી થવાનો આનંદ, સ્વતંત્રતા મળ્યાનો ઉત્સાહ સમાતો નહોતો. સોશ્યલ મીડિયા સ્ટેટ્સ અપડેટ થયાં. ફ્રેન્ડ્સ સાથે લાંબી વાતો થઈ. 'આજે ડિનર માટે જઈએ ' એવું પ્લાનિંગ પણ થઈ ગયું. એકાદ કલાક તો એણે નાહી-ધોઈને તૈયાર થવામાં કાઢી. મમ્મી-પપ્પા ઘેર આવ્યાં ત્યાં તો નિહારીએ બોંબ ફોડ્યો :

'હું જમવા જવાની છું. એક કલાકમાં પાછી આવી જઈશ.' સામે જવાબ સાંભળ્યા વગર જ એ બહાર દોડી ગઈ.

આજે તરુણાવસ્થાએ નિહારીને એના પેરેન્ટસથી ત્રણસો સાંઈઠ ડિગ્રી ઘુમાવીને ઊભી રાખી દીધી છે. જીવનની અલગ રાહ તરફ ચાલવાનું પ્રથમ ચરણ.

શું એ યોગ્ય હતું? એનો જવાબ સમય સિવાય કોઈ પાસે નથી હોવાનો. આપણે માત્ર રાહ જોવી રહી કે ભાવિના ગર્ભમાં શું છુપાયેલું હશે. ■

ફેશન

ખુશ્બુ મુલાણી ઠક્કર
feedback.ladki@
bombaysamachar.com







# ડિફરન્ટ હેમલાઇન આપે સ્માર્ટ લુક

**કુર્તા**માં અલગ અલગ ટાઇપની હેમલાઈન હોય છે. હેમલાઈન એટલે કુર્તોની લેન્થ જ્યાં પૂરી થાય તેને હેમલાઈન કહેવાય. હાલમાં અલગ અલગ ટાઇપની હેમલાઈન ડ્રેસમાં જોવા મળે છે. તમે તમારા બોડી ટાઇપ મુજબ તમે હેમલાઈનની પસંદગી કરી શકો, અલગ હેમલાઈન સિલેક્ટ કરતી વખતે તમારી બોડીનું ખાસ ધ્યાન રાખવું. તમારી લંબાઈ મુજબ હેમલાઈન સિલેક્ટ કરવી. ચાલો જાણીએ કયા ડ્રેસમાં કઈ ટાઈપની હેમલાઈન પહેરી શકાય.

**ટોપ્સ** – ટોપ્સમાં ઇન્ડિયન અને વેસ્ટર્ન એમ બન્ને ટાઈપના ટોપ્સ આવે છે. ઇન્ડિયન ટોપ્સ એટલે ક ડેનિમ પર પહેરવાની કુર્તી. કુર્તીની હેમલાઈનમાં જો હેમલાઈન વેરીએશન જોવું હોય તો સેમીફોર્મલ ટોપ્સ પહેરી શકાય.જેમકે, લીનનના ટોપ્સ. અલગ હેમલાઈન ફ્લોઈ ફેબ્રિકમાં પણ વધારે સારી લાગે છે. ફ્લોઈ ફેબ્રિકમાં પેટર્નનો ફોલ સારો આવે છે અને થોડા ફેન્સી લગાય છે. ફ્લોઈ ટોપ્સમાં એસિમેટ્રિકલ હેમલાઈન ખૂબ જ સુંદર લુક આપે છે. આ ટોપ્સની લેન્થ હીપ સુધી હોય છે. આ ટોપ્સ તમે ડેનીમ કે જેગિંગ સાથે પણ પહેરી શકો. વેસ્ટર્ન ટોપ્સમાં હેમલાઈનથી જ શો આવે છે. જેટલી હેમલાઈન ફેન્સી હશે તેટલો લુક વધારે સારો આવશે. જો તમારી હાઈટ સારી હશે તો એસિમેટ્રિકલ હેમલાઈન સારી લાગશે. તમારા પર એ પેટર્ન અને સ્ટાઈલ ઊઠીને આવશે.

**કુર્તા** – કુર્તામાં પણ હેમલાઈન ખૂબ જ મહત્ત્વનો ભાગ ભજવે છે. ઓવરઓલ કુર્તો આખો પ્લેન હોય પરંતુ માત્ર હેમલાઈનને કારણે આકર્ષિત લાગે છે. ઘણા કુર્તાની લેન્થ આગળથી ઓછી અને પાછળથી લાંબી હોય છે. અથવા તો બંને બાજુથી લાંબી અને વચ્ચેનો ભાગ થોડો ઉપર હોય છે.

આ લુક સાથે પ્લાઝો અને સિગાર પેન્ટ બન્ને સારા લાગે છે. જેટલી હેમલાઇન ફેન્સી હશે તેટલો જ સારો લુક આવશે.પ્યોર શિફોન અને જોર્જેટના કુર્તામાં માત્ર એક જ સાઈડ હેમલાઇન ડ્રોપ થયેલી હોય છે. આ ડ્રેસ સાથે બ્રોડ બોટમ પ્લાઝો અથવા સિગાર પેન્ટ્સ સારા લાગે છે. આ બધા બોટમ સાથે તમે હાઈ હિલ્સ પહેરી એક સ્ટાઈલિશ લુક આપી શકો.

**ડ્રેસ** – ડ્રેસમાં એ સિમેટ્રિકલ હેમલાઇન એક સ્ટાઈલિશ લુક આપે છે. ફ્લોરલ પ્રિન્ટમાં ઓને સાઈડ ડ્રોપ હેમલાઇન એક બીચ વેરનો લુક આપે. કોઈ સિલ્ક કે લિનન ડ્રેસમાં નોર્મલ હેમલાઇન ફોર્મલ લુક આપે છે તો એજ સિલ્ક અને લિનન ફેબ્રિકમાંથી બનેલા ડ્રેસમાં અસીમેટ્રીક હેમલાઇન એક પાર્ટી લુક આપે છે. તમને કૈક હટકે પહેરવું છે તો ડ્રેસમાં એસીમેટ્રિક હેમલાઇન વાળા ડ્રેસ જ પહેરવા જેથી કરી સ્ટાઈલિશ લુક આવે. જયારે હેમલાઇન એસીમેટ્રિક હોય ત્યારે નેકલાઇન અને સલીવેશમાં પણ વેરિએસન એવું જરૂરી છે તોજ ઓવરઓલ લુક બેલેન્સ થશે. જેમકે, કલોઝ નેક સાથે ગોલ્ડન કે બેજ કલરનો અને વન સાઈડ ડ્રોપ હેમલાઇન પહેરી શકાય. જો તમે ફ્લોરલ પ્રિન્ટ પહેરવા માગતા હોવ તો વન સાઈડ ડ્રોપ હેમલાઈન સાથે વન સાઈડ શોલ્ડરવાળો ડ્રેસ પહેરી શકાય, બીજી સાઈડ શોલ્ડર પર એક સ્ટ્રીંગ આપી શકાય. (સાવ પ્લેન ફેબ્રિકમાંથી બનેલા ડ્રેસમાં પણ જો સિમ્પલ હેમલાઈન બદલવાથી ઘણો ફરક પડે છે. અથવા તો કોઈ પ્રિન્ટેડ ફેબ્રિકમાંથી બનેલો ડ્રેસ હોય અને એમાં કોઈ બીજી પેટર્ન ન આપવી હોય તો માત્ર હેમલાઇન અલગ આપી ડ્રેસનો લુક બદલી શકાય.

**સ્લીવ્સ** – આખો ડ્રેસ પ્લેન હોય પરંતુ સ્લીવ્સમાં જો આકર્ષીય હેમલાઇન હોય તો આખા ડ્રેસનો ઉઠાવ સારો આવે છે. જેમકે,સ્લીવ્સમાં સ્કોલોપ્સ હેમ લાઈન ખૂબ જ સુંદર લાગે છે. સ્કોલોપ્સ એટલે નાના કે મોટા હાફ સર્કલ. આ સ્ટાઇલ ખૂબ જ જૂની હોવા છતાં આઉટ ઑફેશ થતી નથી. અને સ્લીવ્સની હેમલાઈનમાં આપવાથી એક ડેલિકેટ લુક આવે છે. સ્કોલોપ્સ સાથે સ્લીવ્સના શેપમાં પણ થોડો ફેરફાર કરી શકાય. જેમેક સ્લીવ્સમાં કી હોલ આપીને પણ સ્કોલોપ્સ આપી શકાય. ફુલ સ્લીવ્સ આપીને આગળનો ભાગ ૨ ઇંચ ઉપર રાખવો અને પાછળથી ફુલ લેન્થ જ રાખવી. આ અલગ ટાઇપનો શેપ આપીને સ્કોલોપ્સ આપી શકાય. જેથી આખી હેમલાઇન અલગ લાગે. ઓવર લેપિંગ સ્લીવ્સ પણ સારી લાગે. જો આગળથી સ્લીવ્સ જોઈએ તો શેપ અલગ લાગે. હેન્કરચીફ હેમલાઇન પણ સારી લાગે. હેમલાઈનમાં ત્રિકોણ શેપ પણ આપી શકાય. આ રીતે હેમલાઈનમાં વેરિએશન આપીને અલગ લુક આપી શકાય.

**દુપટ્ટા**– દુપટ્ટા જેટલા સિમ્પલ હોય તેટલા જ સુંદર લાગે છે. પરંતુ જો હેમલાઇન થોડું વેરિએશન આપીયે તો આખો લુક અલગ થઇ જાય છે જેમકે, દુપટ્ટાની હેમલાઇન પર ફ્રિલ કે ફ્રિન્જિસ નાખીને અલગ લુક આપી શકાય. ફ્રિલ અને ફ્રિન્જીસની લેન્થ તમારા આઉટફિટ અને તમારા બોડી પ્રમાણે રાખવી. જો ફ્રિલ કે ફ્રિન્જિસ એડ ન કરવા હોય તો દુપટ્ટાની હેમલાઈનને અલગ શેપ એટલેકે સ્કોલોપ્સ અને ત્રિકોણ શેપ આપી શકાય. અથવા તો કોઈ કોન્ટ્રાસ્ટ કલરની લેસ મૂકી શકાય. ■

---

વિશેષ

રાજેશ યાજ્ઞિક
feedback.ladki@
bombaysamachar.com

# આંખોની રોશનીએ દગો આપ્યો, પણ હૈયાની હામે જીવનમાં રોશની પાથરી...

## IAS ઓફિસર પૂર્ણા સુંદરી મુરૂગેશનની પ્રેરકકથા

આપણે ઘણા એવા લોકોને જોઈએ છીએ, જે પ્રતિકૂળ પરિસ્થિતિઓનો સામનો કરતી વખતે પોતાના ભાગ્યને દોષ આપે છે. એ જ વખતે કોઈ હાથ વિનાની વ્યક્તિને પગનો ઉપયોગ કરીને આપણી જેમ જ રોજિંદું જીવન જીવતા જોઈએ ત્યારે નાનીનાની વાતમાં રોદણાં રડતાં લોકો કેટલા વામણા લાગે!

ગુજરાતી ભાષાના દિગ્ગજ કવિ ઉમાશંકર જોશીએ લખેલી બે પંક્તિ આત્મવિશ્વાસ અને આત્મગૌરવના પ્રતીક સમાન છે, જેમકે...

***ત્રણ વાનાં મુજને મળ્યાં હૈયું, મસ્તક ને હાથ;***
***બહુ દઈ દીધું નાથ ! જા, ચોથું નથી માગવું !***

આવી જ એક બહાદુર લાડકીની વાત જાણીએ, જેણે આંખોની રોશની મંદ થયા પછી IASની પરીક્ષા પાસ કરીને પોતાનું જીવન તો રોશન કર્યું જ સાથે હવે એ આજે દેશના ભવિષ્યમાં અજવાળા પાથરવાનું કામ કરી રહી છે. આ IAS ઓફિસરનું નામ છે પૂર્ણા સુંદરી મુરૂગેશન...

પૂર્ણા ખૂબ જ મધ્યમ વર્ગના પરિવારમાંથી આવે છે. પિતા એક ખાનગી કંપનીમાં સેલ્સ એક્ઝિક્યુટિવ તરીકે કામ કરે છે. સાધારણ પરિવારમાં પિતાની નોકરી ઘરના ખર્ચ પૂરા કરવાનો એકમાત્ર સ્રોત હતી. તેનો જન્મ થતાં પરિવાર બહુ ખુશ હતો, કેમકે ઘરે લક્ષ્મીની પધરામણી થઇ હતી, પરંતુ તેમને ખબર નહોતી કે થોડાં વર્ષો પછી તેમની પુત્રીની દુનિયામાં અંધકાર છવાઈ જશે.

પૂર્ણાએ પાંચ વર્ષની ઉંમર સુધી અન્ય સામાન્ય બાળકોની જેમ શિક્ષણ લીધું. પણ તે પછી તેની આંખોનો ઉજાસ ધીમેધીમે ઓછો થતો ગયો. ત્યારે તે માત્ર પહેલા ધોરણમાં હતી. સમય વીતતો ગયો, અને માત્ર બે વર્ષમાં તેને આંખે દેખાતું સંપૂર્ણ બંધ



થઇ ગયું. આટલી નાની ઉંમરમાં દીકરીની આંખે અંધકાર વ્યાપી જાય તો માતા-પિતાના હૃદયને માત્ર આઘાત જ નથી લાગતો, પણ દીકરીના ભવિષ્યનું શું થશે તેની ચિંતાનો પહાડ પણ તૂટી પડે છે. આપણા સમાજમાં ખાસ કરીને દીકરીઓના ભવિષ્યની વધુ ચિંતા થાય એ સહજ છે. તેમાં પણ જેની દ્રષ્ટિ જતી રહી હોય, તેવી દીકરીના ભવિષ્યમાં લગ્ન કેમ કરાવીશું? તે કોના સહારે રહેશે- કેમ જીવશે? જેવા અનેક સવાલોનું પ્રશ્નોપનિષદ રચાઈ જાય.

જોકે પૂર્ણાએ આટલી નાની ઉંમરમાં પણ પોતાના જીવનમાં આવેલી આટલી મોટી ઉપાધિને પડકાર ફેંકવાનું નક્કી કર્યું હતું. તેની હિંમત જોઈને માતા-પિતા પણ અચંબામાં પડી ગયાં હતાં. પરિવારે તેનું શિક્ષણ ન અટકે તે માટે તેને જ્યાં ખાસ ધ્યાન આપી શકે તેવા શિક્ષકો હોય તેવી સ્કૂલમાં દાખલ કરી હતી. નિયમિત વર્ગોમાં હાજરી આપવા ઉપરાંત, પૂર્ણાને પાઠ વધુ સારી રીતે સમજવામાં મદદ કરવા માટે ખાસ સત્રો પણ હતા.

રેકોર્ડ કરેલા વિષયો સાંભળીને પૂર્ણા શિક્ષણ લેતી હતી. તેના માટે માતા-પિતા અને શિક્ષકો પાઠ રેકોર્ડ કરી આપતા હતા. ફક્ત શિક્ષણમાં જ નહીં, શિક્ષકોએ તેને અભ્યાસેતર પ્રવૃત્તિઓથી પણ આ જ રીતે પરિચય કરાવ્યો. પૂર્ણા વક્તૃત્વમાં પારંગત હતી અને તે સારી ગાયિકા પણ હતી. તેણે જિલ્લા અને રાજ્ય સ્તરે અનેક સ્પર્ધાઓમાં ભાગ લઈને એવોર્ડ્સ પણ જીત્યા.

નાની હતી ત્યારથી જ પિતા તેને વર્તમાનપત્રોમાંથી સમાચાર વાંચી સંભળાવતા હતા. તેમાંથી તેને જાણ થઇ કે જિલ્લા કલેક્ટર એટલે શું. લોકસેવામાં કામ કરતા અધિકારીઓના કાર્યથી તેના કુમળા માનસ પર ખાસ્સો પ્રભાવ પડ્યો. તેને સમજાયું કે એ લોકો કેટલું મહત્ત્વનું અને દેશ માટે કેટલું જરૂરી કામ કરે છે. તે ઉંમરે જ તેના મનમાં એ સપનું રોપાયું કે તે પણ તેમના જેવી બની શકે તો?

શાળાનું શિક્ષણ પૂરું કાર્ય બાદ પૂર્ણાએ જ્યારે અંગ્રેજી વિષય સાથે બીએનો અભ્યાસ શરૂ કર્યો ત્યારે તેણે IAS અધિકારીઓનાં કાર્યોની નોંધ લેવાનું શરૂ કર્યું. મિત્રો અને શિક્ષકોએ પણ તેને તેના સપનાના માર્ગે આગળ વધવામાં મદદ કરી.

આ તરફ પૂર્ણાએ UPSC ની પરીક્ષા માટે સખત મહેનત સાથે તૈયારી પણ શરૂ કરી દીધી. વાંચવાના વખા હોય તેવામાં આવી અઘરી પરીક્ષાની તૈયારી કરવાનું કેટલું મુશ્કેલ હશે તે સમજી શકાય તેવી વાત છે, છતાં તે હિંમત હારી નહીં.

૨૦૧૬માં તેણે પહેલી વખત જાહેર સેવા આયોગની પરીક્ષા આપી ત્યારે પ્રિલીમ્સ પણ પાસ ન કરી શકી. તેમ છતાં પૂર્ણાએ હાર્યા વિના બીજા પ્રયાસની તૈયારી શરૂ કરી દીધી. સાથે તે બેંકમાં ક્લાર્કની નોકરી પણ કરતી હતી. નોકરી સાથે પરીક્ષાની તૈયારી કરવી પડતી હોવાથી રાતના ઉજાગરા કરવા પડતા હતા. બીજા પ્રયાસમાં પણ તે નિષ્ફળ ગઈ. તેના ત્રીજા પ્રયાસમાં માત્ર ૧૩ માર્કના કારણે તે પાછળ રહી ગઈ. ચોથા પ્રયાસ માટે પૂર્ણાએ પોતાના લોહીપાણી એક કરી નાખ્યા. ઓડિયો ફાઇલ્સ દ્વારા સાંભળી-સાંભળીને તૈયારી કરવી એ એવરેસ્ટ સર કરવા જેવું અઘરું કામ હતું , પણ પૂર્ણા હતી. એને સંપૂર્ણા બનવું હતું અને આખરે તેની મહેનત રંગ લાવી. ૨૦૧૯ માં UPSC પરીક્ષાનાં પરિણામ જાહેર થયા. પૂર્ણાએ ૨૮૬મો રેન્ક મેળવ્યો.

આજે પૂર્ણા સુંદરી એક ગર્વિષ્ઠ IAS ઓફિસર તરીકે દેશ સેવામાં કાર્યરત છે. આંખ જેવું મહત્વનું અંગ કામ ન કરતું હોવા છતાં હૈયાની હામથી, અને પ્રખર પરિશ્રમથી સપનાં સિદ્ધ કરી શકાય છે તે પૂર્ણાએ સાબિત કરી આપ્યું. પૂર્ણા તેના જેવી સમસ્યાઓથી પીડિત અનેક લોકો માટે દીવાદાંડી બની રહી છે. ■

---

ફોકસ

ઝુબૈદા વલિયાણી
feedback.ladki@
bombaysamachar.com



# દામ્પત્ય સુખની ગુરુચાવીઃ પરસ્પરનો વિશ્વાસ ને પ્રેમ

સ્ત્રી એટલે સ્ત્રી. એક અક્ષરના આ નામ પર પુરુષપ્રધાન સમાજના ભૂતકાળમાં અનેક યુદ્ધો ખેલાયા છે અને લેખકોએ વાર્તાઓ લખી છે:

* કવિઓએ કવિતાઓ લખી છે.
* ચિત્રકારોએ સુંદર ચિત્રો દોર્યાં છે અને
* શિલ્પીઓએ અદ્‌ભુત શિલ્પો કંડાર્યા છે.
- આ બધું ધ્યાનપૂર્વક જોઈએ અને અનુભવીએ ત્યારે આપણને એમ જ લાગે કે,
- કહેવાતા પુરુષપ્રધાન સમાજમાં કેન્દ્રમાં તો સ્ત્રી જ હોય છે.
- તેનામાં એવી તે કઈ લાક્ષણિકતા હોય છે કે
* રસોડામાં રાંધતી વેળાએ,
* ડાઈનિંગ ટેબલ પર પીરસતી વેળાએ
* બપોરના આરામની પળોમાં અને
* રાતના ઉજાગરામાં સ્ત્રી અને માત્ર સ્ત્રી જ પુરુષના માનસપટ પર છવાયેલી રહે છે!
- સ્વાદિષ્ટ રસોઈ આરોગતા હોઈએ ત્યારે રાંધનારી મા હોય,
* પત્ની હોય કે
* કોઈની ભાભી હોય
* તેની રસોઈનાં વખાણ કરતાં થાકતા નથી.
- પતિ થાકીપાકીને ઘરે આવે ત્યારે પત્નીનો સસ્મિત આવકાર તેનો બધો થાક દૂર કરી નાખે છે.
- સામસામે બેસીને પતિ-પત્ની પોતપોતાના કપમાંથી ચાના ઘૂંટ ગળાની નીચે ઉતારે છે અને જ્યારે પતિ એમ કહે છે, ઓફિસમાં આવી ચા ક્યાંથી મળે? ઘરમાં તારા હાથે બનાવેલી ચા પીતાની સાથે શરીરમાં જાણે નવી તાજગી હોય એવી લાગણી ઉત્પન્ન થાય છે!
- પોતાની આવી પ્રશંસા ખરી હોય કે ખોટી, પણ એ દરેક સ્ત્રીને ગમે છે. સ્ત્રી જો ચબરાક હોય તો સામો પ્રશ્ન પૂછે છે:
* તમને મારા હાથની બનેલી ચા ગમે છે,
* રસોઈ ગમે છે અને હું જે રીતે ઘર સંભાળું છું એ પણ તમને ગમે છે, પણ હું તમને ગમું છું કે નહીં?
- આ એક પ્રશ્નમાં જ પુરુષની કસોટી થઈ જાય છે. તે હસીને કહે છે. જે સૌથી વધારે ગમે થાય, પ્રશંસાનાં એ વાક્યો રાત માટે જ રહેવા દઈએ તો?
- અને આ એકજ વાક્ય પર પત્ની એટલી બધી પ્રસન્ન થઈ જાય છે કે પતિનો આખો સંસાર સુધરી જાય છે.
- મીઠાશથી બોલવું,
- ધીરજથી સાંભળવું અને
- પતિની ઈચ્છાને જાણ્યા પછી તેને વશ થવું એ માત્ર સ્ત્રીનો ધર્મ બની જાય છે.


'લાડકી પૂર્તિ'ની વ્હાલી વાચક બહેનો!

- આધુનિક સમાજમાં કદાચ આજની યુવતીઓને આમાં અતિશયોક્તિ લાગતી હશે,
- કૃત્રિમતા પણ લાગતી હશે,
- પણ વાસ્તવમાં તેમાં પતિ કે પત્ની બેમાંથી એક પણ વ્યક્તિ બનાવટ કરતી હોતી નથી.
- બંને પક્ષે જે કાંઈ બોલાય છે અને સંભળાય છે તેમાં સંસારચક્રને સુમેળભર્યા વાતાવરણમાં ચલાવવાની બંને પક્ષોની આતુરતા જણાય છે.
- સુખી સંસાર અને આદર્શ માતા-પિતાની બધી જ વ્યાખ્યા પતિ-પત્ની વચ્ચેના સંવાદમાં સમાઈ જતી હોય.



લેખનો બીજો ભાગ આવતા અંકમાં વાંચીશું. ■

## પ્રકરણ-૫૦




'જય મહારાષ્ટ્ર... આમ્હી નાહી ભ્રષ્ટ! અમે તપાસમાં પોલીસને પૂરેપૂરો સહકાર આપ્યો છે. કોઈ વિઘ્ન નહીં... કોઈ સવાલ નહીં... એટલે જ તો આ રૅકેટ ઝડપથી ઉઘાડું પડ્યું અને આરોપીઓ લૉકઅપ પાછળ ધકેલાયા.'

વિધાનસભ્ય ગુલાબરાવ જાંભુળકર ચૅનલો સામે ડાહીડમરી વાતોથી પોલીસની સફળતામાંથી પોતાનો લાભ ખાટવાના પ્રયાસમાં હતા. બિહાર પોલીસે મોકલેલા દસ્તાવેજો અને શિંદે લઈ આવ્યો હતો તે ફાઈલના અભ્યાસ પછી વધુ કાર્યવાહી સંદર્ભેની સલાહ માટે ઈન્સ્પેક્ટર ગોહિલે ડીસીપી સુનીલ જોશીને કૉલ કર્યો હતો. ગંભીર બાબત હોવાથી ડીસીપીએ વિચારવા થોડો સમય લીધો.

જોકે પછી તરત સૂચવ્યું કે ડૉ. ભંડારીની હૉસ્પિટલમાંથી ઈન્સ્પેક્ટર રવિ કદમ કેસ માટે મહત્ત્વનાં સીસીટીવી ફૂટેજ લાવી રહ્યો છે તો પહેલાં તે જોઈ લો. એટલે ગોહિલ તેની કેબિનમાં બેસીને કદમની રાહ જોતો હતો. એ દરમિયાન ન્યૂઝ ચૅનલો પર જાંભુળકર પોતે જ પોતાની પીઠ થાબડી રહ્યા હતા.

'ડ્રગ્સ તસ્કર સલ્લુના ઑપરેશન માટે આર્થિક ભલામણવાળા મારા પત્ર વિશે પોલીસે સ્પષ્ટતા કરી હતી. લેટરહેડનો દુરુપયોગ થયો હોવાનું કન્ફર્મ થયા છતાં વિરોધી પક્ષ નેતા હોબાળો મચાવતા હતા... પરંતુ અમે પોલીસને તેમની રીતે તપાસની છૂટ આપી. એનું જ પરિણામ છે કે અમને ક્લીનચિટ મળી!'

જાંભુળકરનું માઈક સામે બોલવાનું ચાલુ જ હતું: 'મારા પીએ પ્રસન્ન ચૌધરીની સંડોવણી સામે આવતાં પોલીસે મને જાણ કરી. મેં તેમને તરત ઍક્શનનો આદેશ આપી ચૌધરીને લૉકઅપમાં ધકેલ્યો... આવા લોકોને સાથ આપવોય ગુનો છે અને એવું અમે ક્યારેય નહીં કરીએ!'

ઈન્સ્પેક્ટર રવિ કદમની સાથે સિનિયર ઈન્સ્પેક્ટર અશોક ગાયકવાડ અને કોન્સ્ટેબલ નામદેવ દળવી આવ્યા એટલે ગોહિલે ટીવી ઑફ કર્યું.

'કદમે કહ્યું કે મહત્ત્વનાં ફૂટેજ હાથ લાગ્યાં છે તો એ જોવા હું પણ આવ્યો!' ગોહિલ કંઈ પૂછે એ પહેલાં જ ગાયકવાડે કહ્યું.

'ઓહ...'

'અચ્છા... પેલો કામત ચાર્જશીટ તૈયાર કરી રહ્યો છે. આમ તો એનુંય પેપરવર્ક પરફેક્ટ હોય છે, પણ ફાઈનલ તું જ કરજે!'

'હા... હા... એ મારે જ કરવાનું છે!' ગોહિલ બોલ્યો.

'સર... આ જુઓ! સલ્લુને મારવામાં આવ્યો એ રાતે આ સાહેબ ડૉક્ટર ભંડારીની હૉસ્પિટલમાં આવ્યા હતા!' પેનડ્રાઈવ લૅપટોપમાં લગાડી ફૂટેજ ચાલુ થતાં કદમે કહ્યું.

કૅમેરાનાં ફૂટેજ જોતાં જ બધા અધિકારીના અલગ અલગ પ્રતિભાવ હતા.

'ઓહ... માય ગૉડ!'

'અચ્છા... તો આ છે ટોળકીનો ગૉડફાધર!'

'હરામખોર... સાધુના વેશમાં શેતાન!'

'ચ્યા માયલા! હ્યાંની કેલં હે સગળ?' છેલ્લે દળવીથી રહેવાયું નથી એટલે તે બોલી પડ્યો.

×××

'મને આ રીતે અહીં શા માટે લાવ્યા છો?'

'તમારા સાથી પણ અહીં છે એટલે!'

'...પણ મેં શું કર્યું છે?'

'એ તો તમારે જણાવવાનું છે!' ગોહિલે વિચિત્ર જવાબ આપ્યો.

'મારી સાથે આવું વર્તન કરવાનું કારણ?'

'આરોપીઓ સાથે તો અમે આનાથી બદતર વર્તન કરીએ છીએ, જે અમે તમારી સાથે કરવા નથી માગતા!'

'કોણ આરોપી... મેં કયો ગુનો કર્યો છે?'

'ઑર્ગન ટ્રાન્સપ્લાન્ટ રૅકેટ, ડ્રગ્સ તસ્કરી, જંગલમાં હૉલોગ્રાફિક કૅમેરા ફિટ કરાવી વાહનચાલકોનાં મોત માટે જવાબદાર, હત્યા, જમીનમાં શબ દાટી પુરાવાનો નાશ કરવાનું કાવતરું... વગેરે જેવાં હિચકારાં કૃત્યોનું લિસ્ટ છે અમારી પાસે!' ગોહિલ જાણે હિસાબ માંડતો હતો.

'હું આવાં કામ કરતો નથી... શહેરનો પ્રતિષ્ઠિત ડૉક્ટર છું હું!'

'એ અમે જાણીએ છીએ, મિસ્ટર હાર્ટ સ્પેશિયલિસ્ટ... એટલે જ તો માસૂમને મારીને તેનું હાર્ટ શ્રીમંત પરિવારને વેચી ધનવાન બનવાનો માર્ગ અપનાવ્યો!' સિનિયર ઈન્સ્પેક્ટર અશોક ગાયકવાડે ભારે અવાજમાં કહેતાં ડૉક્ટર થોડા સમસમી ગયા.

'વ્હૉટ રબ્બીશ... ફાલતૂ આરોપ ન કરો. તમે જાણો છોને હું કોણ છું. પોલીસને પણ હું નિઃશુલ્ક સેવા આપું છું!'

'એટલે તો પહેલાં વિશ્વાસ ન બેઠો કે આ શતરંજના મુખ્ય ખેલાડી તમે છો, પોલીસ ડૉક્ટર!' ગોહિલે ટોણો માર્યો.

'મારે તમારા ડીસીપી સાથે વાત કરવી છે!'

'એ આવતા જ હશે અને બાય ધ વે... ડીસીપીના આદેશથી જ તમે અહીં બેઠા છો, ડૉક્ટર ઈમાનદાર!' ગાયકવાડે ચોખ્ખું સંભળાવ્યું.

'હું પહેલાં મારા લૉયર સાથે વાત કરવા માગું છું!' ડૉ. ઈમાનદારે રુઆબ દેખાડતાં કહ્યું.

'એનીય અમને ખબર છે... તમારો વકીલ નીચે પોલીસ સ્ટેશનમાં બેઠો છે. આગોતરા જામીનની અરજી માટે સમય માગી રહ્યો છે.' ગોહિલે જણાવ્યું.

'પણ અમે એને સમજાવી દીધું છે કે મહેનત ન કરે... અમે તમારી ધરપકડ કરી રહ્યા છીએ!' ગાયકવાડનો અવાજ ગોહિલની કેબિનમાં ગુંજતો હતો.

'વ્હૉટ?'

'યેસ... હવે તમે સીધા કોર્ટમાં મળી શકશો, પણ એય તમારી સાથે અત્યારે એક મુલાકાતની વિનંતી કરી રહ્યો છે!' ગોહિલ બોલ્યો.

'તો મને વકીલ સાથે વાત કરવા દો!' ડૉ. ઈમાનદાર ધીમા સૂરમાં બોલ્યા.

'પહેલાં અમારી સાથે વાત કરી લો. અમને પૂરતી માહિતી આપી દો... પછી અમે વકીલ સાથે મુલાકાત કરાવીશું!'

અવયવ ચોરી અને લાશ જંગલમાં દાટવા મામલે પોલીસ તપાસમાં ડૉ. સંયમ ઈમાનદારની સંડોવણી સામે આવી હતી. તેમને અણસાર આવે તે પહેલાં તાત્કાલિક કસ્ટડીમાં લેવાનો આદેશ ડીસીપી સુનીલ જોશીએ આપ્યો હતો. પોલીસ કાર્યવાહીનો અણસાર આવ્યો હોત તો તે ધરપકડ પૂર્વેના જામીન માટે કોર્ટમાં ગયા હોત. અત્યારે ગોહિલની કેબિનમાં ડૉ. ઈમાનદારની પૂછપરછ ચાલી રહી હતી.

'કેવી માહિતી?' ડૉ. ઈમાનદારે પૂછ્યું.

'આરેના બધા કાંડનું સૂત્રસંચાલન તમે કરતા હતા એ અમને ખબર પડી ગઈ છે, પણ આ રૅકેટ કઈ રીતે ચલાવતા હતા એ અંગે સ્પષ્ટતા કરો!' ગોહિલે કહ્યું.

ડૉ. ઈમાનદાર જવાબ આપવાને બદલે ચૂપ રહ્યા એટલે ગોહિલે જ બોલવા માંડ્યું.

'જુઓ, વર્ષોથી પોલીસ સાથે તમારી મિત્રતા રહી છે એટલે આરોપી પાસેથી સચ્ચાઈ ઓકાવવા પોલીસ સ્ટેશનમાં શું શું થાય છે એ તમે જાણો છો. મહેરબાની કરીને અમને મજબૂર ન કરો!'

'નામ ઈમાનદાર, પણ ઈમાનદારીનો એકેય છાંટો નહીં... ડૉક્ટરના પ્રોફેશન પર કલંક લગાડવાના ધંધા કર્યા છે આણે...'

ગાયકવાડે ગુસ્સામાં ડૉ. ઈમાનદારનો કૉલર પકડ્યો એટલે ઈમાનદાર બોલ્યા:

'એક મિનિટ... આમ કબૂલાત કરવાથી કોર્ટમાં કંઈ સાબિત નહીં કરી શકો!'

'એની ચિંતા તમે ન કરો... સાબિત કરવા અમારી પાસે ઘણા પુરાવા છે. તમારે સાંભળવું છે?' ગોહિલે મલકાઈને કહ્યું.

'કયા પુરાવા?'

'હા... પુરાવા બતાવો પિશાચી કૃત્ય કરનારા આ પોલીસ ડૉક્ટરને!' અચાનક આવી પહોંચેલા ડીસીપી જોશી બોલ્યા એટલે બધાનું ધ્યાન એમની તરફ દોરાયું.

'ગોહિલ... ગાયકવાડ, આના કાન ફાટી જાય અને હોશ ઊડી જાય એવા પુરાવા બતાવો!' ખુરશી પર બેસતાં જોશીએ કહ્યું.

**જૉની જે તારીખે સલ્લુની બૉડી ડૉ. ભંડારીની હૉસ્પિટલમાંથી જંગલમાં દાટવા લાવ્યો હતો એ રાતે તમે ત્યાં શું કરતા હતા?**

'ડૉક્ટર, અક્ષય ભિંગે યાદ છે?' ગોહિલે કહેતાં ડૉ. ઈમાનદાર ચોંક્યા.

'અમારો ઑફિસર સાવંત અક્ષયના ઘરે ગયો તો જાણવા મળ્યું કે તેનું મૃત્યુ તો દોઢ વર્ષ પહેલાં જ થયું હતું, પણ મહત્ત્વની વાત... અક્ષયને હાર્ટને લગતી સમસ્યા હતી અને એ તમારો પેશન્ટ હતો.'

'અમારો અંદાજો છે કે સારવાર દરમિયાન કોઈ ને કોઈ બહાને તમે અક્ષયના આધાર કાર્ડ સહિતના દસ્તાવેજો મેળવી લીધા હશે, પણ અક્ષયનું મૃત્યુ માંદગીને કારણે થયું હતું કે તેમાં પણ કોઈ ગેમ રમાઈ હતી?'

ડૉ. ઈમાનદાર ચૂપ રહ્યા એટલે ગોહિલે ઉમેર્યું: 'દાદરની શૉપમાંથી અક્ષયના દસ્તાવેજો પર તમે સિમ કાર્ડ ખરીદ્યું. તમારા મોબાઈલના આઈએમઈઆઈ નંબરની વિગતો પરથી સ્પષ્ટ થયું કે એ નંબર તમારા મોબાઈલમાં હતો, જેના પર ચૌધરી, ભંડારી અને પાઠક સંપર્કમાં રહેતા, બરાબરને?'

ડૉ. ઈમાનદાર પાસે પોતાના બચાવમાં બોલવા કોઈ મુદ્દો નહોતો.

'જૉની જે તારીખે સલ્લુની બૉડી ડૉ. ભંડારીની હૉસ્પિટલમાંથી જંગલમાં દાટવા લાવ્યો હતો એ રાતે તમે હૉસ્પિટલમાં આવતા-જતા સીસીટીવી ફૂટેજમાં દેખાવ છો. વળી, જૉની તમને મળ્યો પણ હતો... આટલી મોડી રાતે તમે હૉસ્પિટલમાં શું કરવા ગયા હતા તે ડૉક્ટર ભંડારીએ પુરાવા જોયા પછી બધું જ કહી દીધું.' ગાયકવાડે મુદ્દાસર કહ્યું.

'ડૉક્ટર... સલ્લુને દવાનો ઓવરડોઝ આપીને તમે જ માર્યોને?' જોશીએ પૂછ્યું. જવાબમાં ડૉ. ઈમાનદારે માત્ર હકારમાં માથું હલાવ્યું.

'કેમ?'

'એને ડ્રગ્સના સેવનની આદત પડી ગઈ હતી. ડ્રગ્સ લીધા પછી એ કંઈ પણ બડબડતો હતો. અમારા માટે ખતરો બની ગયો હતો એટલે તેને મારવો પડ્યો!' ઈમાનદારીથી ડૉક્ટર બોલ્યા.

'હજુ એક વાત સાંભળો ડૉક્ટર... ચૌધરીએ આપેલી માહિતીથી ઘાટકોપરની પેશન્ટની ફાઈલ અમે જોઈ, જેમાં પેલી માસૂમ છોકરી... મંજરીનું હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ કરાયું હતું. ફાઈલમાં ઑપરેશન કરનારા ડૉક્ટર તરીકે તમારું નામ અને સહી છે!'

ડૉ. ઈમાનદાર હવે પૂરેપૂરા સપડાઈ ચૂક્યા હતા તેમ છતાં છેલ્લો દાવ રમવા માગતા હતા.

'આ બધું ઠીક છે, ડીસીપી... તમારી આખી ટીમની કિંમત બોલો અને અહીં જ મામલાની પતાવટ કરો!' ધીટતાથી તેમણે કહ્યું.

ડૉ. ઈમાનદારની નાણાંની ઑફરથી જોશી ઉશ્કેરાયા. ખુરશી પરથી ઊભા થઈ તેમણે ડૉક્ટરને જોરદાર લાફો ચોડી દીધો.

'યમનો એક અર્થ સંયમ પણ થાય છે, ડૉ. સંયમ ઈમાનદાર... બધા તારા જેવા ગીધડાં નથી હોતા કે મડદાં પર મિજબાની કરે!'

'પણ તમને મારા પર શંકા કેવી રીતે ગઈ?' ગાલ પસરવારતાં ડૉ. ઈમાનદારે પૂછ્યું.

ચહેરા પર હાસ્ય સાથે ગોહિલ બોલ્યો: 'બિહારના કેસથી... અને હવે તમારી વિરુદ્ધ અમારી પાસે એ જ મોટો આધાર છે!'

સાંભળીને ડૉ. ઈમાનદારની આંખો પહોળી થઈ ગઈ. તેમણે વિચાર્યું: 'બિહારના કેસમાં મારું નામ સામે આવ્યું હતું, પણ એ વાતની જાણ આ લોકોને કઈ રીતે થઈ?' તેમના ચહેરા પર ચિત્ર-વિચિત્ર ભાવ તરવરવા લાગ્યા.

'આમ કન્ફ્યુઝ ન થાઓ... એ કેસમાં ચૌધરીએ વગ વાપરીને તમને બધાને બચાવી તો લીધા, પણ પૂછપરછ દરમિયાન એણે તમારું નામ આપ્યું હતું... મુંબઈના મુખ્ય એજન્ટ તરીકે!'

ગોહિલે કહ્યું: 'કાર્યવાહીથી તો તમે બચી ગયા, પણ બિહારના તપાસ અધિકારીએ પોતાની ફરજ ઈમાનદારીથી બજાવી અને મહત્ત્વનું કામ એ કર્યું કે કેસ ફાઈલમાં શંકાસ્પદ આરોપી તરીકે તમારાં નામ-સરનામાની નોંધ કરી હતી!'

'અમારી કાર્યવાહી પછી બિહાર પોલીસ પણ તમારી ખબર લેવા ઉત્સુક થઈ છે...' જોશીનું વાક્ય સાંભળી ડૉ. ઈમાનદાર સમજી ગયા કે હવે તે ખતમ! કબૂલાત સિવાય છૂટકો નથી!

'એ સાચું છે કે બિહારમાં ચૌધરીએ આ રૅકેટ શરૂ કર્યું હતું. ત્યારથી મને ફાવટ હતી એટલે ચૌધરી અહીં આવ્યો ત્યારે મેં આ કાંડનું સૂત્રસંચાલન કર્યું. કાંડ સંબંધી કોઈ મુશ્કેલી આવે તો પોલીસ પાસેથી બધી વિગતો મળતી રહે એ માટે હું પોલીસનો મદદગાર બન્યો!'

પૂર્ણ શરણાગતિ સાથે ઈમાનદારે કબૂલાતનામું નોંધાવવાની તૈયારી દાખવી.

'ડૉક્ટર... આ ઘણું અમાનુષી કૃત્ય હતું. આવું કોઈ ડૉક્ટર ન કરે એ માટે તમને કડક સજા થવી જોઈએ... અમારા તો પ્રયત્ન રહેશે કે તમને જામીન સુધ્ધાં ન મળે!' જોશીએ કડક શબ્દોમાં કહ્યું.

જોશીને સમજાવવા ડૉ. ઈમાનદાર ખુરશીમાંથી ઊભા થયા, પણ તેમનું શરીર ઢીલુંઢસ લાગતું હતું.

'ફાસ્ટ ટ્રેક કોર્ટમાં કેસ ચલાવીને વહેલો ચુકાદો લાવવાનો પ્રયાસ કરીશું અને તારા જેવા માનવતાના દુશ્મનોને ફાંસી થાય એવી માગ કરીશું...'

પછી જોશીએ ઉમેર્યું: 'ફાંસીથી બચી ગયા તોય તમને લોકોને આજીવન કારાવાસ પાક્કો, જ્યાં નરકની યાતના મળશે... એની ગૅરન્ટી મારી!'

'વૉટર ટાઈટ કેસ બનાવો... મજબૂત ચાર્જશીટ જોઈએ મને, ગોહિલ. એકેય આરોપી બચવો ન જોઈએ એ રીતે કોર્ટમાં રજૂઆત થવી જોઈએ!'

આદેશ આપી જોશી કૅબિન બહાર નીકળ્યા ત્યારે ડૉ. ઈમાનદારની અવસ્થા એવી હતી કે એ કોઈની નજરનો સામનો કરી શકતા નહોતા. માથું નીચું કરી સાવ ઢીલા થઈને તે ફરી ખુરશીમાં ફસડાઈ પડ્યા...

(સમાપ્ત) ■

### 'પ્લૉટ-16' કેવી લાગી?

**યોગેશ સી પટેલ લિખિત ધારાવાહિક નવલકથા આજે પૂર્ણ થઈ છે ત્યારે ભૂલ્યા વિના તમને કેવી લાગી આ નવલકથા એ 'મુંબઈ સમાચાર'ને લખીને જણાવશો.**
**ઈ-મેઈલ: samachar.bombay@gmail.com**

## ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શુક્રવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

મરાઠી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી બનાવો

| A | B |
|---|---|
| ગડ | ગરજવાળું |
| ગડી | ચુપ |
| ગડદ | કિલ્લો |
| ગરજૂ | ગાઢ |
| ગપ | સોબતી |

### ઓળખાણ પડી?



ધિંગ એક્સપ્રેસ તરીકે પણ ઓળખાતી ૧૦૦, ૨૦૦ અને ૪૦૦ મીટર દોડની સ્પર્ધામાં કમાલ કરતી આસામની એથ્લિટની ઓળખાણ પડી?

અ) સાક્ષી મલિક બ) દૂતી ચંદ ક) ચાનુ મીરાંબાઈ ડ) હિમા દાસ

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ ઝા | ૨ ય | ૩ કા | ■ | ૪ ખા | ન | ૫ પા | ન | ■ | ૬ બા |
| ૭ ર | મ | ત | ૮ વી | ર | ■ | ગ | ■ | ૯ ર | દ |
| ણ | ■ | ૧૦ રિ | સ | ■ | ૧૧ હા | લ | ■ | ચ | ■ |
| ■ | ૧૨ બો | યું | ■ | ૧૩ સા | થી | ■ | ૧૪ મ | ના | વ |
| ૧૫ ક | લ | ■ | ૧૬ ન | ળી | ■ | ૧૭ અ | ના | ત્મ | ■ |
| ૧૮ ક | પ | ૧૯ રી | ■ | ■ | ૨૦ કા | ળ | ■ | ક | ■ |
| ૨૧ લા | ટ | સા | હે | ૨૨ બ | ■ | ૨૩ ગા | ૨૪ ભ | ■ | ૨૫ ર |
| ણ | ■ | ળ | ■ | ૨૬ ક | ક્ષ | ■ | ૨૭ ર | ૨૮ મા | ડો |
| ■ | ૨૯ સા | ■ | ■ | વા | ■ | ૩૦ અ | મા | ન્ય | ■ |
| ૩૧ ખ | ળ | ભ | ળા | ટ | ■ | ૩૨ પ | ર | તા | પ |

### શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ■ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | |
| ૮ | | ■ | ૯ | ■ | ૧૦ | | | | ■ |
| ૧૧ | | ■ | ૧૨ | | | ■ | ૧૩ | | ૧૪ |
| | ■ | ૧૫ | | ■ | | ■ | | ■ | |
| ૧૬ | | | | | ■ | ૧૭ | | ■ | |
| ■ | ■ | | ■ | ■ | ૧૮ | | ■ | ૧૯ | |
| ૨૦ | | | ■ | ૨૧ | | ■ | | ૨૨ | |
| | ■ | ૨૩ | | | ■ | ૨૪ | ૨૫ | ■ | |
| ૨૬ | ૨૭ | ■ | ■ | ૨૮ | ૨૯ | | | ■ | ■ |
| ૩૦ | | | | ■ | | ■ | ૩૧ | | |

#### આડી ચાવી

૧. વીણા વાદનમાં કુશળ (૩)
૩. છાની વાતો (૬)
૮. યાતાયાતનું સાધન (૨)
૧૦. બળવો (૪)
૧૧. શતરંજમાં --- અને માત હોય (૨)
૧૨. પ્રવાહીને મોંમાંથી બહાર કાઢવું તે (૩)
૧૩. નાની નળી (જો.છૂ.) (૩)
૧૫. દરેક વ્યક્તિનું --- હોય (૨)
૧૬. તદ્દન નવું (૫)
૧૭. પગલાંની છાપ ઓળખનાર (૨)
૧૮. સહાય, મદદ (૨)
૧૯. ઉસ્તાદ, તજજ્ઞ (૨)
૨૦. શિથિલ ચારિત્ર્યવાળી સ્ત્રી (૩)
૨૨. મંદ (અં.) (૨)
૨૩. માણસ (૩)
૨૪. એક તેજાનો (ઝાડની છાલનો) (૨)
૨૬. ચંદ્ર નાનો થતો જાય (૨)
૨૮. અનુભવો (૪)
૩૦. ખરાબી, બરબાદી (જો.છૂ.) (૪)
૩૧. દૃષ્ટિ, બક્ષિસ, લાંચ (૩)

#### ઊભી ચાવી

૧. પ્રકાશતું (૫)
૨. જુદાઈનું દુઃખ (૩) (જો.છૂ.)
૪. અશક્તિ (૪)
૫. દીકરા (૨)
૬. હવા જેટલી ગતિ (૫)
૭. પતંગિયું (હિ.) (૩)
૯. બાળવાર્તાનાં પાત્રો (૨, ૨)
૧૪. ધંતરમંતર (૬)
૧૫. એક મિઠાઈ (૫)
૧૭. સ્ત્રી, પત્ની (૫)
૧૯. ૨૦ કાચા મણનું તોલ-માપ (૨)
૨૦. વંશવેલાને આગળ વધારનારી (૪)
૨૧. શરમ (૩)
૨૫. વચન, જીભ (૩)
૨૭. ટુકડી, લશ્કર (૨)
૨૯. સિતમ (૨)

### ગુજરાત મોરી મોરી રે

અટપટી રીતે સમજાવતા સંબંધને ઓળખી કાઢો. કોઈ પુરુષના એકમાત્ર ભત્રીજાના પિતાના સગા ભાઈના એકમાત્ર વેવાઈનો દીકરો સગપણમાં એ પુરુષને શું થાય એ દિમાગ દોડાવી જણાવો.

અ) કાકાજી બ) બનેવી ક) જમાઈ ડ) સાઢુભાઈ

### જાણવા જેવું

અવકાશમાં યાત્રા કરનાર વિશ્વની સૌથી પહેલી મહિલાની સિદ્ધિ સોવિયેત અવકાશયાત્રી વેલેન્તિના તેરેશ્કોવાના નામે છે. ૪૦૦ અરજીમાંથી અવ્વલ સાબિત થયેલી વેલેન્તિના ૧૬ જૂન, ૧૯૬૩ના દિવસે અંતરિક્ષમાં ગયેલા વોસ્ટોક - ૬ અવકાશયાનમાં સવાર થઈ ત્યારે એની ઉંમર ૨૬ વર્ષની હતી. અવકાશમાં એકલી ગયેલી સ્ત્રીનું આ એકમાત્ર ઉદાહરણ છે.

### સુડોકુ-૯૧૩૫

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૪ | ૩ | ૮ | | | ૭ | | |
| ૯ | | ૬ | ૫ | | | | ૮ | ૪ |
| | | | | | | | | |
| | ૬ | | ૧ | ૮ | | | | ૭ |
| | | | ૭ | | ૩ | | | |
| ૨ | | | | ૪ | ૯ | | ૫ | |
| | | | | | | | | |
| ૧ | ૩ | | | | ૭ | ૫ | | ૮ |
| | | ૫ | | | ૪ | ૬ | ૯ | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૯૧૩૪

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | ૪ | ૩ | ૬ | ૯ | ૧ | ૫ | ૭ | ૨ |
| ૭ | ૫ | ૧ | ૨ | ૮ | ૪ | ૩ | ૬ | ૯ |
| ૬ | ૨ | ૯ | ૩ | ૭ | ૫ | ૧ | ૪ | ૮ |
| ૫ | ૬ | ૨ | ૪ | ૩ | ૭ | ૮ | ૯ | ૧ |
| ૯ | ૮ | ૭ | ૫ | ૧ | ૨ | ૬ | ૩ | ૪ |
| ૩ | ૧ | ૪ | ૮ | ૬ | ૯ | ૨ | ૫ | ૭ |
| ૨ | ૯ | ૫ | ૧ | ૪ | ૩ | ૭ | ૮ | ૬ |
| ૧ | ૭ | ૬ | ૯ | ૫ | ૮ | ૪ | ૨ | ૩ |
| ૪ | ૩ | ૮ | ૭ | ૨ | ૬ | ૯ | ૧ | ૫ |

### ચતુર આપો જવાબ

માથું ખંજવાળો

આપેલા વાક્યમાં ઢોરનો ખોરાક લપાઈને બેઠો છે એ શોધી કાઢો જોઉં. સમગ્ર પરિવારના સભ્યોએ સાથે મળી શોધખોળ કરી પણ કશું હાથ ન લાગ્યું.

### નોંધી રાખો

તમારું ભવિષ્ય બહારથી ઉછીના લીધેલા જ્ઞાન પર નહીં, સ્વતંત્ર વિચારવાની તમારી ક્ષમતા અને સખત પરિશ્રમ પર અવલંબે છે.

### માઈન્ડ ગેમ

'ક્વીન ઓફ અરેબિયન સી' તરીકે ઓળખાતું કેરળનું કોચી શહેર ભારત ઉપરાંત એ જ નામ સાથે બીજા કયા દેશમાં પણ હાજર છે?

અ) ઈજિપ્ત બ) સિંગાપોર ક) ઈન્ડોનેશિયા ડ) જાપાન

### ગયા ગુરુવારના જવાબ

ભાષા વૈભવ

| | |
|---|---|
| टिंब | અનુસ્વાર |
| टिळा | તિલક |
| टीकी | ટીલડી |
| टीप | નોંધ |
| टिपरी | ડાંડિયો |

ગુજરાત મોરી મોરી રે
નણદોઈ

ઓળખાણ પડી?
પોલ વૉલ્ટ

માઈન્ડ ગેમ
કેનેડા

ચતુર આપો જવાબ
માથું ખંજવાળો
કર

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૨) મુલરાજ કપૂર (૩) સુભાષ મોમાયા (૪) ભારતી બુચ (૫) તાહેર ઔરંગાબાદવાલા (૬) કિશોરકુમાર જીવણદાસ વેદ (૭) શીરીન ઔરંગાબાદવાલા (૮) નીતા દેસાઈ (૯) ખુશરૂ કાપડિયા (૧૦) શ્રદ્ધા આશર (૧૧) જ્યોતિ ખાંડવાલા (૧૨) મહેશ દોશી (૧૩) લજિતા ખોના (૧૪) હર્ષા મહેતા (૧૫) કિરીટ છેડા (૧૬) જયવંત પદમશી ચિખલ (૧૭) મહેશ સંઘવી (૧૮) નિખિલ બંગાળી (૧૯) અમીશી બંગાળી (૨૦) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૧) ભાવના કર્વે (૨૨) નિતીન જયંતિલાલ બજરિયા (૨૩) ભરત કજરિયા (૨૪) મનીષા શેઠ (૨૫) ફાલ્ગુની શેઠ (૨૬) પ્રવીણ વોરા (૨૭) મહેન્દ્ર લોઢાવિયા (૨૮) અરવિંદ કામદાર (૨૯) અલકા વાણી (૩૦) ડાયના સંતોકે (૩૧) વિપીન શાહ (૩૨) નૂતન વિપીન શાહ (૩૩) રશીક જુથાણી - કેનેડા - ટોરંટો - (૩૪) જ્યોત્સના ગાંધી (૩૫) ઈનાક્ષીબેન દલાલ (૩૬) હિનાબેન દલાલ (૩૭) રમેશભાઈ દલાલ (૩૮) ડો. પ્રકાશ કટકિયા (૩૯) ધીરેન્દ્ર મુલરાજ (૪૦) ગીતા ઉદેશી (૪૧) પ્રતિમા પમાણી (૪૨) અબ્દુલ્લા એફ. મુનીમ (૪૩) વિજય આસર (૪૪) કમલ માતલિયા

# પુરુષ




## નો નટ્સ નવેમ્બર

# આ સોશ્યલ મીડિયા ટ્રેન્ડ કરતાં ભારતીય વિભાવના સારી છે !

મેલ મેટર્સ
અંકિત દેસાઈ
feedback@bombaysamachar.com

**નવેમ્બર** મહિનાની શરૂઆત થતાં જ વિશ્વભરમાં સોશિયલ મીડિયા પર એક અનોખો અને વિવાદાસ્પદ ટ્રેન્ડ છવાઈ જાય છે, જેનું નામ છે 'નો નટ્સ નવેમ્બર' (No Nut November). આ એક ઓનલાઈન ચેલેન્જ છે, જેમાં સામાન્ય રીતે પુરુષો નવેમ્બરના સમગ્ર ૩૦ દિવસ દરમિયાન કોઈપણ પ્રકારની યૌન પ્રવૃત્તિ, જેમાં હસ્તમૈથુનઅને સ્ખલનનો સમાવેશ થાય છે, તેનાથી દૂર રહેવાની પ્રતિજ્ઞા લે છે. બની શકે કે શરૂઆતમાં આ ટ્રેન્ડ કદાચ એક મજાક તરીકે શરૂ થયો હશે, પરંતુ સમય જતાં યુવાનોના એક મોટા સમુદાયે તેને આત્મ-નિયંત્રણ અને સ્વયં-શિસ્તના માપદંડ તરીકે ગંભીરતાથી અપનાવ્યો છે. આ કારણે જ હવે જે લોકો આ ટ્રેન્ડને પાળે છે એમના માટે અવનવા મિમ્સ બની રહ્યા છે કે તેમની હાંસી ઉડાવવામાં આવી રહી છે !

બીજી તરફ આ ટ્રેન્ડને અપનાવનારા લોકો માને છે અને દલીલ કરે છે કે વીર્યનું સંરક્ષણ કરવાથી શારીરિક ઊર્જામાં વધારો થાય છે, માનસિક સ્પષ્ટતા મળે છે, અવનવાં કામ કરવાની પ્રેરણા વધે છે અને એકંદરે આત્મવિશ્વાસમાં પણ વૃદ્ધિ થાય છે.

જોકે, 'નો નટ્સ નવેમ્બર'નો આ ટ્રેન્ડ ભલે આધુનિક યુગની અને પશ્ચિમી સંસ્કૃતિની દેન હોય,પરંતુ તેની પાછળ રહેલો સંયમ અને ત્યાગનો ભાવ ભારતીય સંસ્કૃતિના એક મૂળભૂત અને પૌરાણિક ખ્યાલ સાથે ઊંડો સંબંધ ધરાવે છે અને તે ખ્યાલ છે બ્રહ્મચર્યનો.


ભારતીય દૃષ્ટિકોણમાં બ્રહ્મચર્ય એ માત્ર શારીરિક સંયમ પૂરતું સીમિત નથી,પરંતુ તે જીવનના ચાર આશ્રમો (બ્રહ્મચર્ય- ગૃહસ્થ- વાનપ્રસ્થ અને સંન્યાસ) પૈકીનો પ્રથમ અને સૌથી મહત્ત્વનો સ્તંભ છે. પ્રાચીન ભારતીય પરંપરામાં બ્રહ્મચર્યનો અર્થ 'બ્રહ્મ તરફ પ્રયાણ'અથવા 'પરમ સત્યમાં જીવવું' એવો થાય છે.

ભારતીય ફિલસૂફી, યોગ અને આયુર્વેદમાં બ્રહ્મચર્યને શારીરિક, માનસિક અને આધ્યાત્મિક વિકાસ માટેઅત્યંત આવશ્યક માનવામાં આવ્યું છે. આયુર્વેદ મુજબ, બ્રહ્મચર્ય દ્વારા વીર્યનું જે સંરક્ષણ થાય છે, તે એક વિશેષ ઊર્જામાં પરિવર્તિત થાય છે, જેને 'ઓજસ' કહેવાય છે. ઓજસને જીવનશક્તિ, તેજ અને રોગ પ્રતિકારક શક્તિનો સ્રોત ગણવામાં આવે છે. આ ઓજસના સંચયથી વ્યક્તિનું મન સ્થિર થાય છે, બુદ્ધિ તીવ્ર બને છે અને શરીર નિરોગી રહે છે. ભારતીય ઋષિઓએ સ્પષ્ટપણે કહ્યું છે કે જો જીવનમાં મોટું લક્ષ્ય સિદ્ધ કરવું હોય, આધ્યાત્મિક ઉન્નતિ કરવી હોય કે પછી કોઈપણ ક્ષેત્રમાં અસાધારણ સફળતા પ્રાપ્ત કરવી હોયતો બ્રહ્મચર્યનું પાલન અનિવાર્ય છે.

મહાત્મા ગાંધીએ પણ બ્રહ્મચર્યના વ્યાપક ખ્યાલને અપનાવ્યો હતો, જેને તેમણે માત્ર જાતીય સંયમ નહીં, પરંતુ મન, વાણી અને કર્મના સંપૂર્ણ સંયમ તરીકે વ્યાખ્યાયિત કર્યો હતો. આ દૃષ્ટિકોણ અનુસાર, અતિશય વાતો કરવી, ખોટું બોલવું, કે અયોગ્ય વિચારોમાં રાચવું એ પણ બ્રહ્મચર્યનો ભંગ ગણાય છે.

બીજી તરફ આ 'નો નટ્સ નવેમ્બર' (NNN ) માત્ર ૩૦ દિવસની ચેલેન્જ છે અને તેનું લક્ષ્ય મુખ્યત્વે વ્યક્તિગત શિસ્ત પૂરતું છે. એમાં ય હવે તો આ ધંધો કૂલ દેખાવા માટે પોતે બહુ મોટા ટ્રેન્ડ સેટર્સ છે એ સાબિત કરવા માટે જ થાય છે, પરંતુ બ્રહ્મચર્ય એક જીવનશૈલી છે, જે આજીવન પાળવાની અપેક્ષા રાખવામાં આવતી હતી. ભારતીય દૃષ્ટિકોણ NNNના સંયમના વિચારને ટેકો આપે છે, પરંતુ તેને માત્ર એક માસિક ટ્રેન્ડ તરીકે જોતું નથી, પરંતુ તેને એક સતત સાધના તરીકે જુએ છે. આડ વાત એ કે ભારતીય માન્યતા તો એક જ સ્ત્રી સાથે આજીવન સમાગમને પણ બ્રહ્મચર્યના રૂપમાં જ જુએ છે!

ખેર, આધુનિક યુગમાં જ્યાં ઈન્ટરનેટ અને સોશ્યલ મીડિયાના કારણે યૌન સંબંધિત સામગ્રી (pornography)ની ઉપલબ્ધતા ખૂબ વધી ગઈ છે ત્યારે NNN જેવી ચેલેન્જ યુવાનોને એક મહિના માટે પણ સ્વયં પર નિયંત્રણ લાવવાની તક જરૂરથી પૂરી પાડે છે. કંઈ નહીં તો આટલા સમય માટે પણ લોકો બ્રહ્મચર્યના વિચારને સમજે તો છે. આ પણ એક પ્રકારનું 'ડિટોક્સ' જ છે, જે વ્યક્તિને પોતાની અનિયંત્રિત વૃત્તિઓ પર કાબૂ મેળવવાનું શીખવે છે. આવા પ્રયાસ વ્યક્તિમાં તે જ માનસિક મજબૂતી અને આત્મવિશ્વાસ પેદા કરે છે, પરંતુ જો આ આખા મુદ્દાને ભારતીય દૃષ્ટિકોણથી જોવામાં આવે અને આ મુદ્દાની મૂળ વિભાવના પર કામ થાય તો કરોડો યુવાનો માટે અનેક સફળતાઓના દ્વાર ઉઘડી જાય છે. આખરે ઊર્જા એ માત્ર કોઈ શારીરિક ઘટના જ નથી. ઊર્જા એટલે વિચારોની સ્પષ્ટતા અને એ સ્પષ્ટ વિચારો પર કામ કરવાની ખેવના પણ. એ બધુ જ બ્રહ્મચર્યના કન્સેપ્ટમાં શક્ય છે. એટલે એકલા NNN ન પડાય. એથી આગળ પણ વધાય, જેથી જીવનને આપણે આગવી દિશા આપી શકીએ. ■






## ડિયર હની... તારો બન્ની
### પત્નીને પત્ર

કૌશિક મહેતા
feedback@bombaysamachar.com

## પરિવાર સાથે પર્યટન...

ડિયર હની,

હું પરણ્યો નહોતો ત્યારે પણ દર વર્ષે દિવાળીએ ફરવા જવાનો ક્રમ હતો એ પરણ્યા પછી પણ અટક્યો નથી. પહેલાં મિત્રો સાથે ફરવા જતો, પણ પરણ્યા બાદ આપણે બંને પણ ફરવા ગયાં અને ખાસ તો પરિવાર સાથે ફરવાં જઈએ છીએ. એ સિલસિલો કોરોનાના અપવાદ સિવાય ક્યારેય અટક્યો નથી. ફરવા જવું , નવાં નવાં સ્થળોએ જવું એ જિંદગીનો એક મહત્ત્વનો ભાગ હોવો જોઈએ.

હા, જેની જેવી આર્થિક શક્તિ છે એ પ્રમાણે આયોજન થઇ શકે. મેં તો એવા મિત્રો પણ જોયા છે જે વર્ષમાં એકવાર ફરવા જવાનું શક્ય બને એ માટે બચત કરતા હોય છે.

તને તો ખબર છે કે, આપણા મહેતા પરિવાર માટે મિત્રો અને સગાવહાલામાં એક આશ્ચર્ય છે કે, આપણે બધા સાથં ફરવા જઈએ છીએ. આપણે કાકા-બાપાના છ ભાઈ છીએ. અને દર દિવાળીએ બધા સાથે ફરવા જઈએ છીએ. એક દુઃખદ પ્રસંગ થયેલો અને એમાંથી જાત્રા પર એકવાર બધા સાથે ગયા અને પછી તો એ સિલસિલો બની ગયો. ધાર્મિક સ્થળોએ જવું અને પછી પર્યટન સ્થળોએ પણ જવા લાગ્યા. બેએક દાયકાથી આ પરંપરા ચાલતી આવે છે. હા, દરેક વેળા બધા જ આવે એવું ના પણ બને. દીકરીઓ પરણે એટલે એ ના પણ આવે, પણ હવે તો બધા ભાઈઓએ નિર્ણય કર્યો છે કે, દીકરી-જમાઈ આવે તો એમનું પણ સ્વાગત છે.

આ ફરવા જવા પાછળ એક વિજ્ઞાન છે. આજે જિંદગીમાં સમસ્યાઓ વધી છે. તનાવ વધ્યો છે. વર્ષમાં એકાદવાર ફરવા જઈએ તો એ તનાવ ઘટે છે. તનાવ ઘટાડવા દવાઓ ખાવાની જરૂર નથી હોતી. વર્ષમાં એકાદવાર ફરવા જાવ તો બધો તનાવ વિદાય લેશે. ઘણા લોકોનો મૂડ ખરાબ રહે છે, એકવાર ફરવા જાવ મૂડ બરાબર થઇ જશે. દરેકમાં સર્જનાત્મકતા હોય છે પણ એને પ્લેટફોર્મ આપે છે પર્યટન. આમાં સૌથી મહત્ત્વની વાત એ કે, નવા દૃષ્ટિકોણ બને છે. કૂવાના દેડકા બનવામાં કોઈ માલ નથી.

***બહારનું વિશ્વ જુવો યાર, એની મજા જ કૈક ઔર છે.***

એટલે જ મને નિરંજન ભગતનું એ ગીત બહુ ગમે છે,

*હું તો બસ ફરવા આવ્યો છું,*
*હું ક્યાં એક્કે કામ તમારું કે મારું કરવા આવ્યો છું ?*
*જોઉં, જાણું, ખેલું, ખાવું, પીઉં, વિસું, લેવું સૂંઘી,*
*હું તો બસ ફરવા આવ્યો છું....*

આનો અર્થ તો જરા ઊંડો છે, પણ ફરવું એ આપણો સ્વભાવ બની જવો જોઈએ. આજની નવી પેઢી કે જે મોબાઇઅલ ફોન સાથે ઉછરી રહી છે, ઉછરી છે એમના માટે ફરવું બહુ જરૂરી છે. મોબાઈલની દુનિયા કરતાં કુદરતે સર્જેલી દુનિયા વિશાળ છે, સુંદર છે, મનમોહક છે. અને એકવાર એ જોવા લાગો તો મોબાઈલની દુનિયા ફિક્કી લાગશે. આજની પેઢી એકાકી બની છે, કુદરત સાથે નાતો બંધાય પછી એ એકાકીપણું પણ જશે. એટલું જ નહિ, પરિવારોના યુવા સભ્યો છે એમના વચ્ચે બોન્ડીંગ વધે છે, કોમ્યુનિકેશન સ્કીલ વધે છે. એકબીજા સાથે અનુકુળતા કેમ સાધાવી એ પણ આવડી જાય છે.

આપણે પ્રવાસમાં કેટલીયવાર એવું બન્યું છે કે, ક્યાંક હોટેલમાં રૂમ બરાબર ના હોય, વાહન મોડાં-વહેલાં થાય કે પછી જમવામાં કોઈ સમસ્યા આવે તો બધાના મોં તો બગડે, પણ પછી એના સમાધાનો બધા સાથે મળી શોધી લે છે અથવા તો ચલાવી લેવાય છે.

કેરળમાં એક જગ્યાએ રોકાવાનું હતું અને ત્યાં ડિનરમાં માત્ર બે કે ત્રણ જ વસ્તુ હતી. તો બધા ગુસ્સે થયા. મેં ટ્રાવેલ એજન્ટ સાથે વાત કરી અને છોકરાઓએ પણ હોટેલ મેનેજમેન્ટ સાથે વાત કરી. પરિણામાં એ આવ્યું કે, બીજી બે વાનગી પણ બની!

પ્રવાસ કેટકેટલી યાદ પણ આપી જાય છે. કેટલીક યાદગાર પળો હોય, કેટલીક ભૂલી જવા જેવી પણ હોય છે. કેટલીક વાત યાદ કરીએ તો આજે ય હસવું આવી જાય છે.

એક પ્રસંગ બરાબર યાદ છે. બધા ભાઈ સાથે પંચમઢી ગયેલા અને ત્યાં છેલ્લુ સ્ટેશન એક રિસોર્ટમાં હતું. એક રાત ત્યાં રોકાવાનું હતું અને બીજા દિવસે પાછા ફરવાનું હતું. મારી અને કઝીનની રિસોર્ટવાળા સાથે વાત થઇ. સવારે વહેલા નીકળવાનું હતું, કૈંક નાસ્તો બનાવી આપવા કહ્યું. એમાં વાત થેપલાની નીકળી અને એણે 'બનાવી આપીશું' એમ કહ્યું તો અમે રાજીના રેડ થઇ ગયા. ગુજરાતીઓને પ્રવાસમાં થેપલા મળી જાય તો ગોળના ગાડાં. કેરળના પ્રવાસે જ એક જગ્યાએ દુકાન પર બોર્ડ જોયેલું કે 'થેપલા મળશે...' હું ઉત્સાહમાં ત્યાં ગયો પણ ભાવ પૂછ્યો પછી એ ઉત્સાહનું સુરસુરિયું થઇ ગયું હતું. એણે એક થેપલાનો ભાવ કહ્યો ફક્ત રૂપિયા ૩૫. એ માનસમાં હતું. પંચમઢીમાં ૧૫નો ભાવ કહ્યો એટલે આપણે હોંશે હોંશે હા પાડી દીધી. સવારે નીકળ્યા ત્યારે એમણે એક ડબામાં થેપલા આપણે હવાલે કર્યા. રસ્તામાં નાસ્તો કરવા માટે ડબો ખોલ્યો તો થેપલાનો કલર પીળોપચરક. અમને શંકા ગઈ કે ગરબડ લાગે છે.

થેપલાનાં નામે કૈક ભળતુંસળતું આવી ગયું છે. એક બટકું ખાધું ત્યારે ખબર પડી કે, આ તો ચણાના લોટમાંથી બનાવેલા છે. પેલા રિસોર્ટવાળાએ થેપલાનું પોત જ બદલી નાખેલું. પછી તો આ થેપલા ખાવા કેમ એ પ્રશ્ન આવ્યો, એનો ય તોડ કાઢ્યો કે હવે જે સ્ટેશને ગાડી ઊભી રહે ત્યાંથી અમુલનાં દહીંના ડબા લઇ લેવા. લીધા અને પછી દહીંના સહારે એ થેપલા માંડમાંડ ગળે ઉતાર્યા, પણ કોઈનાથી એકદ થેપલાથી વધુ ખવાયું નહિ. આખરમાં એ થેપલાનું વિસર્જન ભારે હૃદયે કરવું પડ્યું હતું.

પ્રવાસમાં આવું બનતું રહે છે અને એની એ જ મજા છે. એટલે વર્ષે એકાદવાર તો ફરવા જવાનું આયોજન જરૂર કરવું જોઈએ.

તારો બન્ની

# પૈસા નહીં... પ્યાર ચાહિયે!

## સંધ્યા છાયા

feedback.ladki@bombaysamachar.com
નીલા સંઘવી

**તાજેતરમાં** સોશ્યલ મીડિયા પર અનાયાસે એક વાર્તા વાંચી. એ વાર્તામાં એક પિતાએ પોતાના પુત્ર પર કેસ કર્યો. તેમની ફરિયાદ હતી કે મારો પુત્ર મને પૈસા આપતો નથી. મારે પૈસા જોઈએ છે. કોર્ટમાં કેસની સુનાવણી થઈ. જજસાહેબ પૂછ્યું,

''તમે શું કરો છો?''

''મારો પોતાનો વ્યવસાય છે.'' પેલા પિતાએ કહ્યું.

''તમારો પોતાનો વ્યવસાય છે, તો કમાણી પણ થતી જ હશે.''

''જી જજસાહેબ. સારામાં સારી કમાણી થાય છે.''

''તો પછી તમારા પુત્ર પાસેથી પૈસા લેવાની શું જરૂર છે? જજસાહેબે પૂછ્યું.''

''વૃદ્ધાવસ્થામાં માતા-પિતાને પૈસા આપવાની પુત્રની ફરજ છે અને પુત્ર પાસેથી પૈસા લેવાનો મા-બાપનો હક્ક છે તો મને મારો હક્ક મળવો જોઈએ'' પિતાએ કહ્યું.

પિતાની વાત સાંભળીને જજસાહેબે પુત્રને બોલાવીને પૂછ્યુ઼ં: , ''તમારા પિતાને પૈસા કેમ આપતા નથી? તેમને પૈસા જોઈએ છે.''

''મારા પિતાને પૈસા જોઈએ છે? મારા ડેડ પાસે તો બહુ પૈસા છે એમને વળી પૈસાની શું જરૂર પડી? છતાં ડેડને પૈસા જોઈતા હોય તો એ માગે તેટલા પૈસા આપવા તૈયાર છું.'' પુત્ર બોલ્યા.

''બોલો, વડીલ તમારે દર મહિને કેટલા રૂપિયા જોઈએ છે?'' જજસાહેબે પૂછ્યું.

''દર મહિને મને સો રૂપિયા જોઈએ છે.'' પિતાએ કહ્યું.

''ફક્ત સો રૂપિયા માટે તમે કેસ ફાઈલ કર્યો?'' જજસાહેબે પૂછ્યું.

''આગળની વાત સાંભળજો... જજસાહેબ, દર મહિને સો રૂપિયા મારા પુત્રએ પોતાની પત્ની અને પુત્ર સાથે મારા ઘેર આવવાનું અને સાંજનું જમણ સાથે લેવાનું એવી મારી શરત છે. દર મહિનાની એકથી પાંચ તારીખ સુધીમાં સો રૂપિયા લઈને મારો પુત્ર સપરિવાર મારે ત્યાં આવી જવો જોઈએ.'' પિતાએ કહ્યું.


''આ કેવી વાત અને કેવી શરત છે, ડેડ?'' પુત્રએ પૂછ્યું.

''હા, મારો પણ આ જ સવાલ છે.'' જજસાહેબે કહ્યું.

''જજસાહેબ, તમારા બંનેના સવાલના જવાબમાં હું એટલું જણાવીશ કે મારે પૈસાની કંઈ જરૂર નથી. મને મારો પુત્ર બહુ વહાલો છે અને પૌત્ર તો પુત્ર કરતાંયે વધુ વહાલો છે. રૂપિયા કરતાં વ્યાજ વધારે વહાલું હોય એ તો સૌ જાણે છે, પણ મારો પુત્ર હવે મોટો થઈ ગયો છે. સાહેબ બની ગયો છે. ભાઈસાહેબને મને મળવાનો સમય જ રહેતો નથી. જજસાહેબ, તમે માનશો છેલ્લા છ મહિનાથી આ દીકરો અને મા-બાપને મળવા આવ્યો નથી. એની મા દીકરાની રોજ રાહ જુએ છે. દીકરાને ભાવતી વાનગીઓ રાંધે છે, પણ છેલ્લી ઘડીએ દીકરાનો ફોન આવી જાય છે કે નહીં આવી શકાય, અગત્યની મીટિંગ આવી ગઈ છે. રજાના દિવસે તે પોતાના પરિવારને લઈને મિત્રો સાથે પિકનિક-પાર્ટી કરે છે પણ મા-બાપને મળવાનો સમય કાઢી શકતો નથી તેથી જજસાહેબ, હવે કોર્ટનો ઓર્ડર આપો કે તેણે દર મહિને એકથી પાંચ તારીખ સુધીમાં મને સો રૂપિયા આપવા માટે સપરિવાર મારા ઘરે આવવું.'' બોલતા બોલતા પિતાની આંખમાં આંસુ આવી ગયાં.

પિતાની હાલત જોઈને દીકરો પિતાને ગળે વળગ્યો અને રડી પડ્યો. રડતાં રડતાં બોલ્યો,'' સૉરી, પપ્પા હવે આવું નહીં થાય. મહિનામાં એક નહીં, બે-ત્રણ વાર તમને મળવા આવીશ!'

સોશ્યલ મીડિયામાં વાંચેલી આ વાર્તાને થોડા ફેરફાર સાથે મારા શબ્દોમાં લખી છે. આખીયે વાર્તાનો સાર એ છે કે વૃદ્ધ માતા-પિતાને સંતાનોના પૈસામાં રસ નથી. એમને સંતાન પાસેથી પ્રેમ જોઈએ છે. સંતાનોનું સાંનિધ્ય જોઈએ છે.




છેલ્લા બે-ત્રણ હપ્તામાં વડીલોને ઘણાં સલાહ-સૂચન કર્યાં છે તો આ વખતે યુવાનોને કાંઈક કહેવું છે:' તમારા માતા-પિતા માટે સમય કાઢજો. વૃદ્ધ મા-બાપ હવે બોનસનાં વર્ષ જીવી રહ્યાં છે. ગમે ત્યારે અલવિદા કરી દેશે. એ જશે ને પછી બહુ અફસોસ થશે. પછી માતા-પિતા યાદ આવશે. પસ્તાવો થશે માતા-પિતા હતાં ત્યારે તેમની સાથે સમય પસાર કર્યો નહીં. તેમની વાતો સાંભળી નહીં. માતા-પિતા બિચારા કેવી રાહ જોઈને બેસતાં હતાં. એ બન્ને નહીં રહે ત્યારે પસ્તાવો શું કામનો? કહેવાનું તાત્પર્ય એટલું જ છે કે માતા-પિતાની હાજરીમાં જ એમની સંભાળ રાખો, એમની વાત સાંભળો. તમારા માથા પર તેમનો પ્રેમાળ હાથ ફરશે. તેમના ગયા પછી કોણ માથે હાથ ફેરવશે? કોણ તમારી રાહ જોશે? કોણ તમારી ચિંતા કરશે?

પુત્રવધૂઓએ પણ એ ધ્યાન રાખવાનું કે પોતાનો પતિ તેના માતા-પિતા માટે સમય આપે. મારી એક સહેલી મને પોતાની વાત કરતા કહેતી, ''અમે મારા સાસુ-સસરા સાથે રહીએ છીએ. મારા પતિ ઑફિસથી આવીને ફ્રેશ થયા પછી તરત મારા સાસુ-સસરાના રૂમમાં જાય અડધો એક કલાક તેમની સાથે વાતચીત કરે. તેમની તબિયત વિષે વાત કરે, ડૉક્ટરે શું કહ્યું તે જાણે, સગાં સંબંધીઓ વિષે પૂછપરછ કરે. માતા-પિતાને મળ્યા પછી જ એ મારી સાથે વાત કરે:''

''તને ખરાબ ન લાગે કે આવીને તરત માબાપ પાસે બેસી જાય છે.'' હું પૂછતી.

''ના, રેના જરાય ખરાબ ન લાગે. મને તો બહુ જ ગમે. મારા પતિ જ્યારે તેના માતા-પિતા સાથે બેઠા હોય ત્યારે માતા-પિતાના ચહેરા પર જે સ્મિત હોય છે, બોખા મોઢે જે રીતે હસતાં હોય છે તે જોઈને મને તો તેમનામાં ઈશ્વરના દર્શન થાય છે, વળી, એક બીજી વાત કહું? જે માણસ પોતાના માતા-પિતાની આટલી દરકાર કરે છે, આટલી સંભાળ રાખે છે તે માણસ પોતાની પત્ની અને બાળકોની પણ દરકાર કરશે જ એટલું ખાત્રીપૂર્વક કહી શકાય.''

આ વાત લખવાનો આશય એટલો જ છે કે દરેક યુવતીએ આ સમજવાનું છે કે પોતાનો પતિ કોઈનો પુત્ર છે. તેના માતા-પિતાએ તેને કેટલી તકલીફ વેઠીને ઉછેર્યો છે. તેના માટે કેટલો સમય આપ્યો છે. તો હવે પુત્રની ફરજ છે કે માતા- પિતાને સમય આપે, પૈસાની જરૂર હોય તો પૈસા આપે, સંભાળ રાખવાની જરૂર હોય તો સંભાળ રાખે. ■

## મોનોરેલના માથે પનોતી

# ટ્રાયલ રનમાં પણ અકસ્માત થયો, સ્ટાફ હેમખેમ





(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ દેશની એક માત્ર મોનોરેલ સેવા ગણાતી મુંબઈ મોનોરેલ પરથી પનોતી હટવાનું નામ લેતી નથી. હાલ અચોક્કસ મુદત માટે બંધ પડેલી મુંબઈ મોનો રેલના નવા રેકની ટ્રાયલ દરમ્યાન બુધવારે સવારના મોનો રેલનો એક રેક પાટા પર ઉતરીને બીજા રેક પર જઈને બીમ સાથે જોશભેર ભટકાયો હતો. આ એક્સિડન્ટમાં મોટરમેનની સાથે કૉન્ટ્રેક્ટર કંપનીના એક કર્મચારીને સુરક્ષિત બચાવી લેવામાં આવ્યા હતા.

મોનોરેલમાં ચાલુ વર્ષે ઉપરાઉપરી થયેલા એક્સિડન્ટને પગલે મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી (એમએમઆરડીએ) દ્વારા ચેમ્બુરથી જેકબ સર્કલ વચ્ચેની

(જુઓ પાનું ૪) ▸▸



**ઉજાસનો ઉમંગઃ** ત્રિપૂરા પૂનમ નિમિત્તે મુંબઈના પ્રખ્યાત બાણગંગા ખાતે મહાઆરતીનું આયોજન કરાયું હતું. દીવડાઓના પ્રકાશમાં ગંગા નદીના કિનારે યોજાતી ભવ્ય આરતીનો ભાસ થઈ રહ્યો હતો. તળાવનો સર્વ પરિસર ઉજાસમય થઈ ગયો હતો. (અમય ખરાડે)

# ‘મિની વિધાનસભા’ ચૂંટણીમાં મહાયુતિની કસોટી, એમવીએ માટે પણ કપરાં ચઢાણ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાની ચૂંટણીઓના પડઘમ વાગી ચૂક્યા છે અને આગામી ત્રણ મહિનામાં નગર પરિષદથી લઈને મહાનગરપાલિકા સુધી બધી જ સંસ્થાઓમાં ચૂંટણી થવાની છે. આ ચૂંટણીઓનો વ્યાપ જોતાં તેને મીની વિધાનસભાની ચૂંટણીઓ તરીકે ઓળખવામાં આવે છે. સામાન્ય રીતે એવું માનવામાં આવે છે કે રાજ્યમાં સત્તાધારી પક્ષ સ્થાનિક સ્વરાજ્ય સંસ્થામાં સત્તા મેળવે છે, પરંતુ કુદરતી આફતો, પૂરને કારણે થયેલું નુકસાન, સરકારમાં ચાલતા આંતરિક ડખા અને સત્તામાં સામેલ ત્રણે પક્ષ વચ્ચે ચાલી રહેલો વિખવાદ મહાયુતિ માટે પડકારો ઊભા કરી શકે છે એવું માનવામાં આવે છે.

બીજી તરફ, આ ચૂંટણી મહાવિકાસ આઘાડીના ઘટકપક્ષો માટે જેટલી મહત્ત્વપૂર્ણ છે એટલાં જ તેમને માટે આ ચૂંટણીમાં કપરાં ચડાણ છે. તાજેતરમાં થયેલી વિધાનસભાની ચૂંટણીના પરિણામોને પગલે કાર્યકર્તાઓમાં પ્રવર્તી રહેલી હતાશા-નિરાશાને ધ્યાનમાં લેવામાં આવે તો એમવીએને અસ્તિત્વ બચાવવા માટે ઘણી મહેનત કરવાની રહેશે.

શિવસેના અને એનસીપી વચ્ચે ભાગલા પડ્યા પછી, ગયા વર્ષે યોજાયેલી લોકસભા ચૂંટણીમાં દરેક

(જુઓ પાનું ૪) ▸▸

# ચૂંટણી પહેલા શક્ય ન હોય તો પણ ચૂંટણી પછી સાથે જ

## સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પહેલા ફડણવીસનું મહાયુતિની એકતાને સમર્થન

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રમાં સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણીઓ પહેલા મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે બુધવારે ભારપૂર્વક જણાવ્યું હતું કે શાસક મહાયુતિના ભાગીદારો સાથે જ છે અને કહ્યું હતું કે જો ચૂંટણી પહેલાનું જોડાણ સાકાર ન થાય તો પણ ચૂંટણી પછીનું જોડાણ તો નિશ્ચિત જ છે.

કોલ્હાપુરમાં પત્રકારો સાથે વાત કરતા, ફડણવીસે કહ્યું હતું કે મહાયુતિ ચૂંટણીનો સામનો કરવા માટે સજ્જ છે.

શાસક મહાયુતિમાં ભાજપ, એકનાથ શિંદેની આગેવાની હેઠળની શિવસેના અને અજિત પવારની એનસીપીનો સમાવેશ થાય છે.

રાજ્ય ચૂંટણી કમિશનર દિનેશ વાઘમારેએ મંગળવારે જણાવ્યું હતું કે, ‘મહારાષ્ટ્રમાં ૨૪૬ નગર પરિષદો અને ૪૨ નગર પંચાયતોમાં ચૂંટણી ૨ ડિસેમ્બરે યોજાશે અને મત ગણતરી ૩ ડિસેમ્બરે થશે.’ ૨૯ મહાનગરપાલિકા, ૩૨ જિલ્લા પરિષદ અને ૩૩૬ પંચાયત સમિતિઓ માટે ચૂંટણી કાર્યક્રમ તેમણે જાહેર કર્યો નથી જ્યાં સુપ્રીમ કોર્ટના આદેશ મુજબ ૩૧ જાન્યુઆરી પહેલાં ચૂંટણી કરાવવાની છે.

‘ચૂંટણીઓની જાહેરાત થઈ ગઈ છે અને અમે ચૂંટણીનો સામનો કરવા માટે તૈયાર છીએ. મહાયુતિના અમારા નેતાઓ સંબંધિત સ્તરે ગઠબંધન અંગે નિર્ણય લેશે, પરંતુ કોઈપણ સંજોગોમાં,

(જુઓ પાનું ૪) ▸▸

# બેસ્ટ કર્મચારીઓ ૧૦ નવેમ્બરથી બેમુદત ઉપોષણ પર ઊતરશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ બૃહનમુંબઈ ઈલેક્ટ્રિક સપ્લાય એન્ડ ટ્રાન્સપોર્ટ (બેસ્ટ) કર્મચારીઓની લાંબા સમયથી પ્રલંબિત રહેલી પોતાની માગણીઓ તરફ બેસ્ટ પ્રશાસન અને મહાનગરપાલિકા અને રાજ્ય સરકારનું ધ્યાન કેન્દ્રિત કરવા માટે ૧૦ નવેમ્બરથી બે મુદત ઉપોષણ પર ઊતરવાની ચીમકી બેસ્ટ વર્કસ યુનિયને આપી છે.

બેસ્ટ વર્કસ યુનિયનના જનરલ સેક્રેટરી શશાંક રાવે બુધવારે જણાવ્યું હતું કે લાંબા સમયથી બેસ્ટ ઉપક્રમમાંથી રિટાયર્ડ થયેલા કર્મચારીઓની ગ્રેચ્યુટી સહિતની બાકી રહેલી રકમ આપવામાં આવી નથી, તે તાત્કાલિક આપવી. તેમ જ કર્મચારીઓને સાતમા વેતન પંચ અનુસાર વેતન પણ આપવામાં આવ્યું નથી. હાલ બેસ્ટ પાસે પોતાની માલિકીની ફક્ત ૨૫૧ બસ બાકી રહી છે. ૧૧ જૂન, ૨૦૧૯માં કરવામાં આવેલા કરાર મુજબ ૩,૩૩૭ બસ રાખવું અપેક્ષિત હતું. આ પરિસ્થિતિમાં મુંબઈગરાને મળનારી બસસેવા જોખમમાં આવી શકે છે. બસની સંખ્યા ઘટતી રહી તો આગામી દિવસમાં બેસ્ટ સર્વિસ બંધ થઈ જશે. ■

# ફ્લાયઓવર બાંધકામ માટે કલ્યાણના ટ્રાફિકમાં ફેરફાર

ડોમ્બિવલીઃ નવી દિલ્હીથી ઉરણ સુધીની સમર્પિત હાઈ સ્પીડ રેલવે લાઇનના કામ માટે રેલવે પ્રશાસને આગામી ચાર મહિના માટે નિળજે ખાતે રેલવે લાઇન પર નવા ફ્લાયઓવરનું કામ પૂર્ણ કરવાનું છે. આ ચાર મહિનાના સમયગાળા દરમિયાન કલ્યાણથી શિળફાટા સુધીની એક લેન બંધ રહેશે એની ટ્રાફિક પર થતી અસરને રોકવા માટે શિળફાટા તરફ જતો રસ્તો શુક્રવાર (૭ નવેમ્બર) મધ્યરાત્રિ ૧૨ વાગ્યાથી રવિવાર (૯ નવેમ્બર) મધ્યરાત્રિ ૧૨ વાગ્યા સુધી બંધ રહેશે.

ટ્રાફિક વિભાગના ડેપ્યુટી કમિશનર પંકજ શિરસાટએ આ જાહેરનામું બહાર પાડ્યું છે. બે માળના માલવાહક કોચ રેલવે ઓવરબ્રિજની નીચેથી પસાર થઈ જાય એ રીતે રેલવે પુલની ઊંચાઈ વધારવામાં આવશે. આ કામ નવેમ્બરથી ફેબ્રુઆરી સુધી કરવામાં આવશે. આ દરમિયાન કલ્યાણથી શિળફાટા સુધીનો ટ્રાફિક સંપૂર્ણપણે બંધ રહેશે. ટ્રાફિક પર રસ્તા બંધ થવાની અસરનું મૂલ્યાંકન કરવા માટે શુક્રવારથી રવિવાર સુધી એક લેન બંધ રહેશે.

મુંબ્રા કલ્યાણ ફાટાથી કલ્યાણ જતા તમામ ભારે વાહનોને કલ્યાણ ફાટા દત્ત મંદિરમાં પ્રવેશવાની મંજૂરી નથી. આ વાહનો મુમ્બ્રા

(જુઓ પાનું ૪) ▸▸

# ગેમિંગ ઍપમાં નાણાં ગુમાવ્યા બાદ ઇલેક્ટ્રિશિયનની આત્મહત્યા

થાણેઃ થાણે જિલ્લામાં ઓનલાઇન ગેમિંગ ઍપ પર ટ્રેડિંગ દ્વારા ભારે આર્થિક નુકસાન થયા બાદ ૨૪ વર્ષના ઇલેક્ટ્રિશિયને આત્મહત્યા કરી હતી. મૃતકની ઓળખ શંકર શત્રુઘ્ન કાટકડે તરીકે થઇ હોઇ તે ઇલેક્ટ્રિશિયન અને પ્લમ્બર હતો. શંકર કાટકડેએ રવિવારે ઇમારતની અગાશી પર હુક સાથે રસ્સી બાંધીને ગળાફાંસો ખાધો હતો. કાટકડે ઉપરોક્ત ઇમારતમાં રહેતો હતો.શંકર કાટકડે ગેમિંગ ઍપ પર ટ્રેડિંગ કરતો હતો અને કેટલાક દિવસ અગાઉ તેને ગેમમાં બે લાખ રૂપિયા ગુમાવ્યા હતા. (પીટીઆઇ)■



વિરોધનો વંટોળઃ થાણે કલેકટરની ઑફિસની બહાર આદિવાસી શ્રમજીવીઓ દ્વારા વિવિધ માગણીને કારણે વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. (અમય ખરાડે)

# સેટેલાઇટ સેવાઓ માટે સ્ટારલિંક સાથે કરાર

મુંબઈઃ મહારાષ્ટ્ર સરકારે બુધવારે અબજોપતિ એલોન મસ્કના સેટેલાઇટ કોમ્યુનિકેશન સાહસ સાથે ભારતમાં સેટેલાઇટ-આધારિત ઇન્ટરનેટ સેવાઓનો ઉપયોગ કરવા માટે ભાગીદારીની જાહેરાત કરી, જે યુએસ કંપની સાથે ઔપચારિક રીતે જોડાણ કરનાર પ્રથમ ભારતીય રાજ્ય બન્યું. સરકારે સ્ટારલિંક સેટેલાઇટ કોમ્યુનિકેશન્સ પ્રાઇવેટ લિમિટેડ સાથે લેટર ઓફ ઇન્ટેન્ટ

(જુઓ પાનું ૪) ▸▸

# વિપક્ષો તો ઠીક, શિંદે-સેનાના વિધાનસભ્યની પણ ચૂંટણી મુલતવી રાખવાની માગણી

મુંબઈઃ વિપક્ષની ખામીયુક્ત મતદાર યાદીમાં સુધારાની માંગ વચ્ચે સત્તારૂઢ શિવસેનાના વિધાન સભ્ય સંજય ગાયકવાડે પણ બુધવારે ચૂંટણી પંચને વિનંતી કરી છે કે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી ઓછામાં ઓછા ૧૦ દિવસ માટે મુલતવી રાખવામાં આવે જેથી ડુપ્લિકેટ મતદારોના નામ યાદીમાંથી હટાવી શકાય. બોગસ મતદાનના કારણે અપ્રમાણિક ઉમેદવારો ચૂંટણી જીતી શકે છે એવું તેમનું કહેવું છે.

મહારાષ્ટ્રની ૨૪૬ મ્યુનિસિપલ કાઉન્સિલ અને ૪૨ નગર પંચાયતોની ચૂંટણી બીજી ડિસેમ્બરે યોજાશે અને ત્રીજી ડિસેમ્બરે મતગણતરી થશે એમ રાજ્યના ચૂંટણી કમિશનર દિનેશ વાઘમારેએ જણાવ્યું હતું.

જોકે ૨૯ મ્યુનિસિપલ કોર્પોરેશન, ૩૨ જિલ્લા પરિષદ અને ૩૩૬ પંચાયત સમિતિઓ માટે ચૂંટણી કાર્યક્રમ જાહેર નથી કરવામાં આવ્યો. નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેની આગેવાની હેઠળની શિવસેના અને બુલઢાણા વિધાનસભા બેઠકનું પ્રતિનિધિત્વ કરતા ગાયકવાડે કહ્યું કે ચૂંટણી પંચે મતદાર યાદીમાંથી ડુપ્લિકેટ નામો હજી દૂર નથી કર્યા. જો ચૂંટણી માત્ર ૧૦ દિવસ મુલતવી રાખવામાં આવે તો આ ભૂલો સુધારવી શક્ય બનશે.

બુલઢાણા શહેરમાં છ મહિનાની તપાસ બાદ લગભગ ૮,૦૦૦ ડુપ્લિકેટ નામ મળી આવ્યા હોવાનું જણાવનારા વિધાન સભ્યએ ગયા મહિને પણ ડુપ્લીકેટ મતદારો અને મૃતકોના નામ યાદીમાંથી હટાવવાની માગ કરી હતી. શિવસેના (યુબીટી), એનસીપી (એસપી) અને કોંગ્રેસના વિપક્ષી ગઠબંધન મહા વિકાસ આઘાડી (એમવીએ)એ કહ્યું હતું કે ચૂંટણી પંચ મતદાર યાદીમાં કોઈ સુધારો કર્યા વિના ચૂંટણી યોજી રહી છે. (પીટીઆઈ)■

## ડૉક્ટરની આત્મહત્યા

# સબ-ઈન્સ્પેક્ટરની હકાલપટ્ટી

પુણેઃ સાતારાની સરકારી હૉસ્પિટલની ડૉક્ટર સંપદા મુંડેની આત્મહત્યાના કેસમાં આરોપી સબ-ઈન્સ્પેક્ટર ગોપાલ મદાનેને પોલીસ દળમાંથી બરતરફ કરવામાં આવ્યો હતો.

પુણેના ફલટણ શહેરમાં હોટેલની રૂમમાં ૨૮ વર્ષની સંપદાએ ૨૩ ઑક્ટોબરની રાતે ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હતું. આ કેસમાં બદાનેની ધરપકડ કરવામાં આવી હતી.

મૃત્યુ પૂર્વે સંપદાએ હથેળીમાં એક નોંધ લઈ હતી, જેમાં અનેક વાર બળાત્કાર ગુજારવાનો બદાને પર આક્ષેપ કરાયો હતો.

એ સિવાય મકાનમાલિકના પુત્ર પ્રશાંત બનકરે શારીરિક અને માનસિક ત્રાસ આપ્યાનો પણ આક્ષેપ કરાયો હતો. (પીટીઆઈ)

# ‘મેટ્રો ૯’ ઉત્તનમાં કાર શેડ પર ચોકડી મારવામાં આવશે?

મુંબઈઃ મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી (એમએમઆરડીએ)એ ઉત્તન સ્થિત ડોંગરી વિસ્તારમાં દહિસર - મીરા ભાયંદર મેટ્રો - ૯ કોરિડોર પર કાર શેડ બનાવવાનો નિર્ણય લીધો હતો. જોકે, આ કાર શેડના બાંધકામ માટે આ લીલાછમ વિસ્તારમાં ૧૨ હજારથી વધુ વૃક્ષો કાપવા પડે એમ હોવાથી સ્થાનિકોએ આ જમીન પર કાર શેડ બનાવવા સામે તીવ્ર વિરોધ નોંધાવી જન આંદોલન શરૂ કર્યું છે. સ્થાનિકોના આ વિરોધને ધ્યાનમાં રાખી એમએમઆરડીએ ડોંગરી કાર શેડ રદ કરશે એવી અટકળો વહેતી થઈ છે. આ અંગે ટૂંક સમયમાં નિર્ણય લેવામાં આવે તેવી સંભાવના છે. મેટ્રો ૯ રૂટ પરનો કાર શેડ શરૂઆતથી જ વિવાદાસ્પદ રહ્યો છે. આ કોરિડોરમાં કાર શેડની દરખાસ્ત સામે સ્થાનિકોના તીવ્ર વિરોધ બાદ રાજ્ય સરકાર અને એમએમઆરડીએ દ્વારા કાર શેડને ઉત્તન ડોંગરી વિસ્તારમાં ખસેડી ૫૯.૭ હેક્ટર જમીન પણ સંપાદન કરી હતી. કાર શેડના બાંધકામ માટે ૭૦૧ કરોડનો ખર્ચ થવાની ધારણા છે અને એના નિર્માણ માટે કુલ ૧૨ હજાર ૪૦૦ વૃક્ષો કાપવા પડે એમ છે. આ દિશામાં કામ ચાલી રહ્યું છે, પણ સ્થાનિકોએ આ વૃક્ષો કાપવાનો જોરશોરથી વિરોધ કર્યો છે. મીરા-ભાયંદરનો આ સૌથી મોટો હરિયાળો વિસ્તાર છે અને જો આ વિસ્તારનો નાશ થશે તો પર્યાવરણ બગડશે એવો મુદ્દો ઉપસ્થિત કરી સ્થાનિકોએ કાર શેડ નાબૂદ કરવા માટે જન આંદોલન શરૂ કર્યું હતું. સ્થાનિકોએ વૃક્ષો કાપવા માટે હાથ ધરવામાં આવેલા વૃક્ષ સર્વેક્ષણના અહેવાલ સામે પણ વાંધો ઉઠાવ્યો હતો. પર્યાવરણવિદોએ એમએમઆરડીએને ફરિયાદ કરી છે કે વૃક્ષોની ઉંમર જાણી જોઈને ઓછી દર્શાવવામાં આવી છે. ■

# દારૂ પીતી વખતે થયેલા ઝઘડામાં મિત્રોએ કરી યુવકની હત્યા

થાણેઃ નવી મુંબઈમાં રાતે દારૂ પીતી વખતે થયેલા ઝઘડામાં મિત્રોએ પાઇપ અને કાચની બોટલથી હુમલો કરીને યુવકની હત્યા કરી હતી. પોલીસે આ પ્રકરણે એક આરોપીની ધરપકડ કરી હતી અને અન્ય બે જણની શોધ આદરી હતી.મૃતકની ઓળખ ૩૦થી ૩૫ વર્ષની વયના પંડિત તરીકે થઇ હતી, જે તેના મિત્રો સાથે સોમવારે રાતે તુર્ભે નાકા નજીક બેલાપુર-વાશી હાઇવે પર બ્રિજ નીચે દારૂ પીવા બેઠો હતો.

દારૂ પીતી વખતે કોઇ બાબતને લઇ પંડિતે તેના મિત્રોને ગાળો ભાંડવાનું શરૂ કર્યુ હતું. આથી રોષે ભરાયેલા મિત્રોએ પંડિત પર પાઇપ અને કાચની તૂટેલી બોટલથી હુમલો કર્યો હતો. હુમલામાં ગંભીર રીતે ઘવાયેલા પંડિતનું મૃત્યુ થયું હતું. દરમિયાન બનાવની જાણ થતાં તુર્ભે પોલીસ સ્ટેશનનો સ્ટાફ ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને પંડિતના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલ્યા બાદ આ પ્રકરણે હત્યાનો ગુનો દાખલ કરીને વિકી બડનેર નામના યુવકની ધરપકડ કરી હતી. (પીટીઆઇ) ■

# ઘરમાંથી એક જ મહિલાને લાડકી બહેન યોજનાનો લાભ

## સાસુ-વહુ, દેરાણી-જેઠાણીઓ વચ્ચે ઝઘડા વધી રહ્યા છે

કલ્યાણઃ હવે દરેક ઘરમાં ફક્ત એક જ લાભાર્થી મહિલાને લાડકી બહિણ યોજનાના પૈસા મળશે. આ માટે, સરકારે લાભાર્થી મહિલાને ૧૮ નવેમ્બર સુધીમાં સ્થાનિક ચકાસણી કેન્દ્રમાં ‘હું આ યોજના માટે પાત્ર છું’ (કેવાયસી) જેવા દસ્તાવેજો સબમિટ કરવા જણાવ્યું છે.

લાડકી બહિણના પૈસાને લઈને ખેડા ગામના ઘરોમાં સાસુ, વહુઓ અને જેઠાણી-દેરાણીઓ વચ્ચે ઝઘડા થઈ રહ્યા હોવાનું સામે આવ્યું છે. છેલ્લા દોઢ વર્ષમાં ઘણી મહિલાએ આ યોજનાનો લાભ લીધો છે. હવે ઘરની ફક્ત એક જ મહિલાને યોજનાનો લાભ મળશે.

દિવાળીના તહેવાર દરમિયાન ગ્રામીણ અને આદિવાસી વિસ્તારોમાં કેટલાક ઘરોમાં મહિલાઓમાં આ યોજનાનો લાભ લેવા અંગે ઉગ્ર દલીલ થઈ હોવાનું જાણવા મળી રહ્યું છે. છેલ્લા દોઢ વર્ષમાં ઘરની દરેક મહિલાએ પોતાના ડોક્યુમેન્ટ સબમિટ કરી ૧૫૦૦ રૂપિયાની લાડકી બહિણ યોજનાનો લાભ લીધો છે. થાણે જિલ્લામાં મહિલાઓ સવારથી બેંકનો સમય પૂરો થાય ત્યાં સુધી બેંકમાંથી પૈસા ઉપાડવા માટે ગ્રામીણ બેંકોના દરવાજા પર કતારમાં ઉભી રહેતી હતી. બેંક ખુલવાનો સમય સવારે ૯:૩૦ વાગ્યાનો હોવા છતાં વૃદ્ધ મહિલાઓ સવારે ૬ વાગ્યાથી બેંકના ગેટ પાસે કતારમાં ઉભી રહેતી હતી. આ વખતે આ મહિલાઓને વરસાદની ક્યારેય ચિંતા નહોતી.

ઘરની દરેક મહિલા લાડકી યોજનાના પૈસા પર પોતાનો હક દાવો કરે છે અને કોઈ પીછેહઠ કરવા તૈયાર નથી. એવું જોવા મળી રહ્યુ છે કે પરિવારમાં મોટાભાગે સાસુઓ આ યોજનાનો લાભ મેળવવાનો આગ્રહ રાખી રહી છે. તેથી ગ્રામીણ અને આદિવાસી વિસ્તારોમાં દરરોજ વિવાદો ઊભા થઈ રહ્યા છે. ■

# પૂરગ્રસ્ત ખેડૂતને પાકના નુકસાનનું ફક્ત ₹ ૬ વળતર

છત્રપતિ સંભાજી નગરઃ મહારાષ્ટ્રના છત્રપતિ સંભાજી નગર જિલ્લાના એક ખેડૂતે બુધવારે દાવો કર્યો હતો કે ભારે વરસાદ અને ત્યારબાદ પૂરને કારણે થયેલા પાકના નુકસાન માટે સરકાર તરફથી વળતર તરીકે માત્ર ૬ રૂપિયા મળ્યા છે. દિગંબર સુધાકર તાંગડે નામનો ખેડૂત પૈઠણ તાલુકાના દાવરવાડી ગામનો રહેવાસી છે. મરાઠવાડા ક્ષેત્રની મુલાકાતે આવેલા શિવસેના પ્રમુખ ઉદ્ધવ ઠાકરે સંવાદદાતાઓ સાથે વાતચીત કરી રહ્યા હતા ત્યારે દિગંબરએ તેમને વાકેફ કર્યા હતા.

તાજેતરમાં રાજ્યના અકોલા જિલ્લાના કેટલાક ગામના ખેડૂતોએ ભારે વરસાદને કારણે પાકને થયેલા નુકસાન માટે કેન્દ્રીય વીમા યોજના હેઠળ વળતર તરીકે ૩ અને ૨૧ રૂપિયા જેવું નજીવું વળતર મળ્યું હોવાનો દાવો કરી આ સહાયને તેમની દુર્દશાનું અપમાન અને મજાક ગણાવ્યા હતા. પ્રધાનમંત્રી ફસલ બીમા યોજના (પીએમએફબીવાય) હેઠળ સહાય મેળવનાર ખેડૂતોએ બાદમાં જિલ્લા કલેક્ટર કાર્યાલય સામે વિરોધ પ્રદર્શન કર્યું હતું અને ચેક દ્વારા રકમ પરત કરી હતી.

દિગંબર તાંગડેનું કહેવું હતું કે ‘મારી પાસે માત્ર બે એકર જમીન છે. મારા બેંક ખાતામાં ૬ રૂપિયા જમા થયા હોવાનો મેસેજ મને મળ્યો હતો. આવી મામૂલી રકમ ચૂકવતા સરકારને શરમ આવવી જોઈએ. આટલા પૈસામાં તો એક કપ ચા પણ નથી મળતી. સરકારે ખેડૂતોની ઠેકડી ઉડાવી છે.’

તેમણે વધુમાં જણાવ્યું હતું કે ‘અમને લોન માફી જોઈએ છે અને સરકાર મારા ખાતામાં ૬ રૂપિયા જમા કરીને ખેડૂતો સાથે આવી મજાક કરી રહી છે. અમારે રાજકારણ સાથે કોઈ લેવાદેવા નથી, પરંતુ ઉદ્ધવ ઠાકરેએ તેમના કાર્યકાળ દરમિયાન લોન માફી આપી હતી. આ સરકારે પણ જાહેરાત કરી હતી, પરંતુ કશું કર્યું નથી.’ (પીટીઆઈ) ■

# વડા પ્રધાન મોદી ભારતની વર્લ્ડ ચૅમ્પિયન વીરાંગનાઓને મળ્યા

## ૨૦૧૭માં અમે ટ્રોફી વિના મોદીને મળ્યાં હતાં, પણ આ વખતે મૂલ્યવાન ટ્રોફી તેમની પાસે લઈ ગયાંઃ હરમનપ્રીત

નવી દિલ્હીઃ પહેલી જ વખત વર્લ્ડ ચૅમ્પિયન બનેલી ભારતની મહિલા ક્રિકેટરોની ટીમ બુધવારે પાટનગર દિલ્હીમાં મોડી સાંજે વડા પ્રધાન નરેન્દ્ર મોદીને તેમના નિવાસસ્થાને મળી હતી. હરમનપ્રીત કૌરના સુકાનમાં ભારતીય મહિલા ટીમે નવો ઇતિહાસ સર્જ્યો એ બદલ પીએમે તેમનું બહુમાન કર્યું હતું અને તેમની ભરપૂર પ્રશંસા કરી હતી. હરમનપ્રીતે આ યાદગાર મુલાકાત પછી પત્રકારોને કહ્યું, '૨૦૧૭માં (રનર-અપ બન્યા હતા ત્યારે) અમે ટ્રોફી વિના વડા પ્રધાન મોદીને મળ્યા હતા, પણ આ વખતે ટ્રોફી સાથે તેમને મળ્યા. અમે આશા રાખીએ છીએ કે હવે પછી પીએમ સાથે મુલાકાત કરવાનો આવો મોકો અમને વારંવાર મળતો રહેશે.'



પાટનગરમાં ગઈ કાલે વર્લ્ડ ચૅમ્પિયન મહિલા ટીમે વડા પ્રધાન મોદીને ઑટોગ્રાફ સાથેનું જર્સી ભેટ આપ્યું હતું. મોદીએ પછીથી તેમની સાથે બેસીને ખૂબ વાતચીત કરી હતી. (પીટીઆઇ)

ભારતીય ટીમે મહિલા વર્લ્ડ કપના બાવન વર્ષના ઇતિહાસમાં પહેલી વાર ટાઇટલ જીતી લીધું છે. રવિવારે નવી મુંબઈમાં ડી. વાય. પાટીલ સ્ટેડિયમની ફાઇનલમાં તેમણે સાઉથ આફ્રિકાને બાવન રનથી હરાવ્યું હતું. મોદીએ ભારતીય ક્રિકેટ ટીમની ખેલાડીઓને દૃઢતા અને મનોબળ બદલ બિરદાવી હતી અને એને આધારે ટૂર્નામેન્ટમાં બહુ સારું કમબૅક કર્યું એ બદલ તેમની ખૂબ પ્રશંસા કરી હતી. અગાઉ મોદીએ વિજેતા ટીમે આત્મવિશ્વાસ અને ટીમવર્કથી વિજય મેળવ્યો એ બદલ સોશ્યલ મીડિયામાં તેમને બિરદાવી હતી.

વાઇસ-કૅપ્ટન સ્મૃતિ મંધાનાએ કહ્યું, 'વડા પ્રધાન હંમેશાં ટીમને પ્રેરિત કરતા હોય છે અને તેમની ઊર્જાથી દરેક ખેલાડીને કરીઅરમાં નવી દિશા મળતી હોય છે. આજે દેશની છોકરીઓ દરેક ક્ષેત્રમાં આગળ વધી રહી છે અને એમાં વડા પ્રધાનના પ્રોત્સાહનની મહત્ત્વની ભૂમિકા રહી છે.'

એ પહેલાં, મહિલા ટીમનું પાટનગરમાં ઢોલ-નગારાથી સ્વાગત કરવામાં આવ્યું હતું. દિલ્હી આવતાં પહેલાં ટીમની બસમાં જ તેઓ હેડ-કોચ અમોલ મુઝુમદાર તથા અન્યો સાથે વિશ્વ વિજેતાપદનો આનંદ માણવામાં મશગૂલ હતી.



વડા પ્રધાન મોદી માટે ચૅમ્પિયન ટીમ ખાસ ભેટ પણ લાવી હતી. આ ભેટ તમામ ખેલાડીઓના ઑટોગ્રાફવાળી જર્સીના રૂપમાં હતી. એવું મનાય છે કે ગુરુવારે ભારતીય ટીમ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂને પણ મળશે. ઉલ્લેખનીય છે કે વિશ્વ વિજેતા ભારતીય ટીમને આઇસીસી તરફથી ૪૦ કરોડ રૂપિયાનું અને બીસીસીઆઇ તરફથી ૫૧ કરોડ રૂપિયાનું ખાસ ઇનામ મળ્યું છે. ■

# હૅઝલવૂડ પછી હવે ટ્રૅવિસ હેડ પણ ટીમની બહાર, ભારતને આજે જીતવાનો મોકો

કેરારા (ગોલ્ડ કોસ્ટ): ભારત અને ઑસ્ટ્રેલિયાની મેન્સ ટીમ પાંચ ટી-૨૦ની સિરીઝમાં ૧-૧ની બરાબરીમાં છે અને આજે શ્રેણીની ચોથી મૅચ (બપોરે ૧.૪૫ વાગ્યાથી) જીતનારી ટીમ ૨-૧થી સરસાઈ મેળવી શકશે. આ કામ ઑસ્ટ્રેલિયા કરતાં ભારત માટે થોડું સહેલું છે, કારણકે જૉશ હૅઝલવૂડ બાદ હવે ટ્રૅવિસ હેડ પણ ઑસ્ટ્રેલિયાની ટીમમાં નથી જેનો સૂર્યકુમાર યાદવ અને તેની ટીમ ફાયદો લઈ શકે.

હૅઝલવૂડ પાછલી મૅચથી જ ટીમની બહાર હતો અને ઇંગ્લૅન્ડ સામેની ઍશિઝ સિરીઝ પહેલાંની શેફીલ્ડ શીલ્ડ ટૂર્નામેન્ટમાં જોડાયો હતો. આક્રમક ઓપનર ટ્રૅવિસ હેડ ચોથી મૅચથી (આજથી) ટીમની બહાર છે એટલે યજમાન ટીમની બૅટિંગ લાઇન-અપ થોડી નબળી પડશે.

**ભારતની સંભવિત ઇલેવનઃ** સૂર્યકુમાર યાદવ (કૅપ્ટન), શુભમન ગિલ (વાઇસ-કૅપ્ટન), અભિષેક શર્મા, તિલક વર્મા, અક્ષર પટેલ, વૉશિંગ્ટન સુંદર, જિતેશ શર્મા (વિકેટકીપર), શિવમ દુબે, અર્શદીપ સિંહ, વરુણ ચક્રવર્તી અને જસપ્રીત બુમરાહ.

**ઑસ્ટ્રેલિયાની સંભવિત ઇલેવનઃ** મિચલ માર્શ (કૅપ્ટન), જૉશ ઇંગ્લિસ (વિકેટકીપર), મૅથ્યૂ શૉર્ટ, ટિમ ડેવિડ, મિચ ઑવેન, માર્કસ સ્ટોઇનિસ, ગ્લેન મૅક્સવેલ, ઝેવિયર બાર્ટલેટ, બેન ડ્વારસુઇસ, નૅથન એલિસ અને મૅટ કુહનેમન. ■

# એક ધારણા સાચી પડી, રિષભ પંતનું ટીમમાં કમબૅકઃ બીજું અનુમાન ખોટું પડ્યું, શમીની ફરી બાદબાકી

## સાઉથ આફ્રિકા સામેની ટેસ્ટ ટીમની જાહેરાતઃ ક્રિષ્નાના સ્થાને આકાશ દીપ




નવી દિલ્હીઃ આગામી ૧૪મી નવેમ્બરે કોલકાતાના ઈડન ગાર્ડન્સની મૅચ સાથે સાઉથ આફ્રિકા સામે શરૂ થનારી બે મૅચની ટેસ્ટ શ્રેણી માટે ભારતની ટીમ બુધવારે જાહેર કરવામાં આવી હતી જેમાં ખાસ કરીને વિકેટકીપર રિષભ પંત તથા પેસ બોલર આકાશ દીપનો સમાવેશ કરવામાં આવ્યો છે. જોકે મોહમ્મદ શમીને ફરી અવગણવામાં આવ્યો છે.

૨૬ વર્ષીય પંતને જુલાઈમાં ઇંગ્લૅન્ડ સામેની મૅન્ચેસ્ટરની ચોથી ટેસ્ટમાં પગમાં ફ્રૅક્ચર થયું હતું જેને પગલે તે વેસ્ટ ઇન્ડિઝ સામેની ટેસ્ટ શ્રેણીમાં નહોતો રમી શક્યો. તેણે લગભગ સાડાત્રણ મહિને ટીમમાં કમબૅક કર્યું છે.

તેણે તાજેતરમાં જ સાઉથ આફ્રિકા-એ સામેની મૅચમાં ઇન્ડિયા-એ ટીમનું સુકાન સંભાળ્યું હતું જેમાં તેણે ૨૭૫ રનના ચેઝમાં ૯૦ રનનું યોગદાન આપ્યું હતું. ૧૫ ખેલાડીની ટીમમાં પંતનો સમાવેશ એન. જગદીશનના સ્થાને કરવામાં આવ્યો છે.

આકાશ દીપે ખભાની ઈજામાંથી મુક્ત થઈને ફરી ટેસ્ટ ટીમમાં પુનરાગમન કર્યું છે. તે તાજેતરમાં ઈરાની મૅચમાં તેમ જ રણજી મૅચમાં રમ્યો હતો. તેને પ્રસિદ્ધ ક્રિષ્નાના સ્થાને ટીમમાં સ્થાન મળ્યું છે. ભારતના પેસ આક્રમણના અન્ય બોલર્સમાં જસપ્રીત બુમરાહ અને મોહમ્મદ સિરાજનો સમાવેશ છે. સ્પિન અટૅકમાં રવીન્દ્ર જાડેજા, અક્ષર પટેલ, કુલદીપ યાદવ, વૉશિંગ્ટન સુંદર સામેલ છે.

### બે ટેસ્ટ ક્યારે, ક્યાં રમાશે

(૧) પ્રથમ ટેસ્ટ, કોલકાતા, ૧૪મી નવેમ્બરથી

(૨) બીજી ટેસ્ટ, ગુવાહાટી, ૨૨મી નવેમ્બરથી

### ભારતની ટેસ્ટ ટીમ

શુભમન ગિલ (કૅપ્ટન), રિષભ પંત (વાઇસ કૅપ્ટન, વિકેટકીપર), યશસ્વી જયસ્વાલ, કે. એલ. રાહુલ, સાઇ સુદર્શન, દેવદત્ત પડિક્કલ, ધ્રુવ જુરેલ, રવીન્દ્ર જાડેજા, વૉશિંગ્ટન સુંદર, જસપ્રીત બુમરાહ, અક્ષર પટેલ, નીતીશકુમાર રેડ્ડી, મોહમ્મદ સિરાજ, કુલદીપ યાદવ અને આકાશ દીપ. ■

# હાર્દિક પંડ્યા કાર સાફ કરતી વખતે ગર્લફ્રેન્ડ માહિકા સાથે થયો રૉમેન્ટિક



નવી દિલ્હીઃ ભારતનો નંબર-વન પેસ બોલિંગ ઑલરાઉન્ડર હાર્દિક પંડ્યા ગર્લફ્રેન્ડ માહિકા શર્મા સાથેની રિલેશનશિપને સોશ્યલ મીડિયામાં જાહેર કરી દીધી છે ત્યારથી તેની સાથેની મસ્તીમજાક અને રૉમેન્ટિક ક્ષણોને મીડિયામાં શૅર કરતા જરાય નથી અચકાતો અને એવી જ એક પળને લગતો વીડિયો શૅર કર્યો છે જેમાં હાર્દિક કાર વૉશ કરતી વખતે માહિકા સાથે રૉમેન્ટિક થઈ ગયેલો જોવા મળે છે. આમ તો હાર્દિકની ઘણી તસવીરો અને વીડિયો શૅર કરવામાં આવેલી પોસ્ટમાં છે, પણ કાર-વૉશ વખતે માહિકા સાથેની તેની હળવી પળો અત્યારે સૌથી વધુ ચર્ચામાં છે.

હાર્દિક અને માહિકાની છેલ્લી કેટલીક તસવીરો અને વીડિયો જોતાં લાગે છે કે તેઓ એકમેકને ખૂબ પસંદ કરે છે. એ રીતે, હાર્દિકે નતાશા સ્ટૅન્કોવિચ સાથેના છૂટાછેડા બાદ નવી પ્રાઇવેટ લાઇફ સૌની સામે જાહેર કરી દીધી છે અને ભૂતકાળ ભૂલીને આ નવી જિંદગી તે ખૂબ માણી રહ્યો છે.

થોડા સમય પહેલાં હાર્દિકે માહિકા સાથેની સમુદ્ર-કિનારા પરની તસવીર શૅર કરી હતી. હાર્દિકની એક તસવીર પુત્ર અગસ્ત્ય સાથેની છે.

અર્થશાસ્ત્ર અને ફાઇનૅન્સમાં ડિગ્રી પ્રાપ્ત કરનાર માહિકા શર્મા ઍક્ટર અને મૉડેલ છે. તે કેટલીક લોકપ્રિય બ્રૅન્ડ તેમ જ મ્યૂઝિક વીડિયોમાં પણ જોવા મળી છે. તે જાણીતા ડિઝાઇનરોના શૉમાં પણ ભાગ લઈ ચૂકી છે. ■

# એમસીએની ચૂંટણીના વિવાદમાં મુંબઈ હાઈ કોર્ટમાં આજે સુનાવણી

મુંબઈઃ મુંબઈ હાઈ કોર્ટે મુંબઈ ક્રિકેટ ઍસોસિયેશન (એમસીએ)ની આગામી ચૂંટણી સંબંધમાં મહત્ત્વનો આદેશ બહાર પાડ્યો છે જેમાં અદાલત દ્વારા ૧૨મી નવેમ્બરના સૂચિત ઇલેક્શન પહેલાં ઉમેદવારી પત્રોની છણાવટને પગલે ઉમેદવારોની યાદીની જાહેરાત આવતી કાલ સુધી સ્થગિત રાખવામાં આવી છે.

મંગળવારે વડી અદાલતે આ ચૂંટણીની પ્રક્રિયાને કામચલાઉ ધોરણે અટકાવી હતી. આ યાદી મંગળવારે જાહેર થવાની હતી. જોકે અદાલતે સ્પષ્ટતા કરી હતી કે ચૂંટણી અધિકારીએ પહેલાં તો તમામ વાંધાવચકા સંબંધમાં વિગતથી અને કારણો સાથેનો અહેવાલ બહાર પાડવો અને ઉમેદવારોની અંતિમ યાદી બહાર પાડવાની ઉતાવળ કરવી નહીં. પિટિશનરનું કહેવું છે કે ઇલેક્શન ઑફિસરે કંઈ પણ ખુલાસા આપ્યા વગર તેમના વિરોધને નકાર્યો અને ૨૪મી ઑક્ટોબરે ઉમેદવારોની યાદી જાહેર કરી દીધી હતી.

જસ્ટિસ રિયાઝ ચાગલા અને ફરહાન દુબાશ એમસીએને લગતા આ કેસમાં સુનાવણી હાથ ધરી રહ્યા છે. હવે આજે સુનાવણી આગળ વધશે. પિટિશનરોએ અદાલતને વિનંતી કરી છે કે તેમણે જે વિરોધ નોંધાવ્યા છે એ કયા કારણસર નકારવામાં આવ્યા એની ચૂંટણી અધિકારીને સ્પષ્ટતા કરવાનું કહેવામાં આવે કે જેથી કરીને ચૂંટણીની પ્રક્રિયા પારદર્શક બની રહે. કેટલાક જાણીતા રાજકીય નેતાઓએ ઝુકાવ્યું હોવાથી આ ચૂંટણી ખૂબ ચર્ચામાં છે.

આ સુનાવણીમાં ચૂંટણી બાબતમાં કેવી રીતે આગળ વધવું એની એમસીએને સૂચના આપવામાં આવશે. ચૂંટણી અધિકારીએ અદાલતને જણાવ્યું છે કે ૧૭-૨૦ ઑક્ટોબર દરમ્યાન તેમની પાસે જે પણ વાંધાવચકા આવ્યા હતા એની સંભાળપૂર્વક સમીક્ષા કરવામાં આવી હતી અને પછી જ ઉમેદવારોનું લિસ્ટ જાહેર કરવામાં આવ્યું હતું અને હવે પિટિશનરને નિર્ણયો બાબતમાં વિગતવાર વર્ણન ધરાવતો અહેવાલ મોકલવામાં આવશે. ■

# અભિષેકને તાલીમ આપતાં-આપતાં હું કોચિંગના પાઠ શીખ્યોઃ યુવરાજ



નવી દિલ્હીઃ સામાન્ય રીતે કોચ (પ્રશિક્ષક) પાસેથી તાલીમ લઈને ખેલાડી ઉચ્ચ સ્તરે રમવા પૂરતો તૈયાર થઈ જાય છે, પરંતુ યુવરાજ સિંહનો અભિપ્રાય કંઈક અનોખો અને રસપ્રદ છે. તેણે કહ્યું છે કે ' હું અભિષેકને તાલીમ આપતી વખતે શીખ્યો કે ખરા અર્થમાં કોચ કેવી રીતે બનાય.'

પીટીઆઇના અહેવાલ અનુસાર લૉરિયસ ફાઉન્ડેશન મારફત આયોજિત ચર્ચામાં યુવીએ કહ્યું, ' હું નિવૃત્તિની સંધ્યાકાળે હતો ત્યારે મેં બે યુવાન ખેલાડી અભિષેક શર્મા અને શુભમન ગિલ સાથે મારા અનુભવો શૅર કર્યા હતા. મારા કોચિંગની એ શરૂઆત હતી.'

૪૪ વર્ષના યુવરાજે એવું પણ કહ્યું છે કે ' છેલ્લાં થોડાં વર્ષોથી અભિષેક શર્મા સાથે કામ કરતી વખતે (તેને તાલીમ આપતી વખતે) હું કોચિંગ અને મેન્ટરશિપના પાઠ શીખ્યો હતો. હું એવું બધુ શીખ્યો જેનાથી હું મારા યુવાનીના દિવસોમાં વંચિત રહ્યો હતો.'

યુવરાજે કહ્યું, ' કોઈ ટૅલન્ટને બહાર લાવવામાં કેવી રીતે મદદરૂપ થવું એ હું બરાબર શીખ્યો છું. તાલીમને લગતા મારા કાર્યક્રમો અને લક્ષ્યાંકો માટે તેણે (અભિષેકે) જે મહેનત કરી હતી એના પરિણામ હવે તેના પર્ફોર્મન્સમાં જોવા મળી રહ્યા છે.'

યુવીએ ખાસ કરીને લૉકડાઉન દરમ્યાન ચંડીગઢમાં પોતાના નિવાસસ્થાને અભિષેકને અને તેના ખાસ મિત્ર શુભમનને તાલીમ આપી હતી. ■

# મહિલા વર્લ્ડ કપની બાંગ્લાદેશની કૅપ્ટન જુનિયર ખેલાડીઓની મારપીટ કરતી હોવાનો પેસ બોલરનો ગંભીર આક્ષેપ

ઢાકાઃ તાજેતરમાં મહિલા વર્લ્ડ કપની આઠ ટીમમાં છેક સાતમા નંબર પર રહેલી બાંગ્લાદેશની ટીમની કૅપ્ટન નિગાર સુલતાના જૉટીએ કેટલીક જુનિયર ખેલાડીઓની મારપીટ કરી હોવાનો ગંભીર આક્ષેપ બાંગ્લાદેશની જ પેસ બોલર જહાંઆરા આલમે કર્યો છે, પરંતુ આ આક્ષેપ દેશના ક્રિકેટ બોર્ડે તરત જ નકારી કાઢ્યો છે. પેસ બોલર આલમ બે મહિનાથી માનસિક તકલીફને કારણે બાંગ્લાદેશની ટીમમાં જગ્યા નથી મેળવી શકી.

બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડનું માનવું છે કે આલમનો આ આક્ષેપ પાયા વગરનો છે અને કમનસીબી કહેવાય કે તેણે આ ખોટો આક્ષેપ કર્યો છે.

પીટીઆઇના અહેવાલ મુજબ આલમે એક બાંગ્લાદેશી દૈનિકને આપેલી મુલાકાતમાં આ શૉકિંગ આક્ષેપ કરવા ઉપરાંત કેટલીક સાથી ખેલાડીઓ તેમ જ કોચિંગ સ્ટાફ અને ટીમ મૅનેજમેન્ટ વિરુદ્ધ પણ આક્ષેપો કર્યા હતા.

આલમે મુલાકાતમાં કૅપ્ટન નિગાર સુલતાના જૉટી વિશે પૂછવામાં આવતાં કહ્યું, ' હું કંઈ જ નવું નથી કહી રહી. (નિગાર સુલતાના) જૉટી જુનિયર પ્લેયરોને ખૂબ મારતી હોય છે. વર્લ્ડ કપ દરમ્યાન કેટલીક જુનિયર ખેલાડીઓએ જ મને આવું કહ્યું હતું. એક જુનિયરે મને કહેલું કે હું એ ભૂલ ફરી કદી નહીં કરું, કારણકે મારે ફરી તમાચો ખાવો પડશે.'

ટી-૨૦ અને વન-ડેમાં કુલ મળીને ૧૦૦થી વધુ વિકેટ લઈ ચૂકેલી આલમે ઇન્ટરવ્યૂમાં એવું પણ કહ્યું કે ' કેટલીક જુનિયર ખેલાડીઓએ મને કહ્યું કે અમને મારવામાં આવી હતી. દુબઈની તાજેતરની ટૂરમાં પણ તેણે (નિગારે) એક જુનિયર પ્લેયરને હૉટેલની રૂમમાં બોલવી હતી અને તેને લાફો માર્યો હતો.' ■

# ઍમ્બપ્પે સારું ન રમ્યો એટલે રિયલ મૅડ્રિડની ટીમ થઈ પરાજિત




લિવરપૂલઃ ૨૦૨૨ના ફિફા વર્લ્ડ કપની રનર-અપ ટીમ ફ્રાન્સનો ખેલાડી કીલિયાન ઍમ્બપ્પે પ્રોફેશનલ ફૂટબૉલની વર્તમાન સીઝનમાં આઉટ ઑફ કન્ટ્રોલ રહ્યો છે, તે ભાગ્યે જ હરીફ ટીમના કાબૂમાં રહ્યો છે અને એવો એક કિસ્સો મંગળવારે ઍન્ફિલ્ડમાં બની ગયો જ્યાં ચૅમ્પિયન્સ લીગમાં રિયલ મૅડ્રિડના આ સુપરસ્ટાર ખેલાડીએ નબળું પર્ફોર્મ કર્યું અને મૅડ્રિડની ટીમે લિવરપૂલ સામે ૦-૧થી પરાજય જોવો પડ્યો હતો.

કોચ ઝાબી અલૉન્સોએ પણ ઍમ્બપ્પેના પર્ફોર્મન્સ વિશે આડકતરી રીતે નારાજગી વ્યક્ત કરી હતી. તેમણે પત્રકારોને ઍમ્બપ્પેનું નામ લીધા વિના કહ્યું, ' મૅચની અંતિમ પળોમાં હરીફ ટીમ સામે જે પડકાર હોવો જોઈતો હતો એનો આ મૅચમાં અભાવ હતો.'

લિવરપૂલના ડિફેન્ડરોએ સંરક્ષણની જાળ એટલી બધી મજબૂત રાખી હતી કે ઍમ્બપ્પે મૅચમાં માત્ર ત્રણ વખત ગોલપોસ્ટ તરફ બૉલને મોકલવામાં સફળ થયો હતો જેમાંથી એક પણ વખત બૉલ ટાર્ગેટ પર નહોતો. મૅડ્રિડના વિનિસિયસ જુનિયરને પણ લિવરપૂલની ટીમે કાબૂમાં રાખ્યો હતો. લિવરપૂલ વતી થયેલા મૅચ-વિનિંગ ગોલ ઍલેક્સિસ ઍલિસ્ટરે ૬૧મી મિનિટમાં કર્યો હતો.

ઍમ્બપ્પે ૧૭ મૅચમાં ૨૧ ગોલ કરીને લિવરપૂલ સામે રમવા આવ્યો હતો. જોકે નબળા ફૉર્મને કારણે હવે તે બલોં ડી'ઑર પુરસ્કાર માટેના દાવેદારોમાં રહેશે કે કેમ એમાં શંકા છે. ■

# કૅચીઝ વિન મૅચીઝ

# કપિલ, સૂર્યા પછી હવે અમનજોત, હરમનના વર્લ્ડ કપના કૅચ બન્યા ઐતિહાસિક




નવી મુંબઈઃ ભારતીય ક્રિકેટમાં પુરુષોએ કુલ ચાર વર્લ્ડ કપ જીત્યા અને ત્યાર પછી હવે મહિલાઓએ પહેલો વર્લ્ડ કપ જીતીને ભારતની વિમેન્સ ક્રિકેટમાં નવો અધ્યાય શરૂ કર્યો છે અને આ બધામાં સૌથી મહત્ત્વનું એ છે કે કેટલાક અદ્ભુત કૅચને લીધે આ વિરલ સિદ્ધિઓ શક્ય બની છે.

### અમનજોતનો અપ્રતિમ કૅચ, લૉરા વૉલ્વાર્ટ પૅવિલિયનમાં

રવિવારે નવી મુંબઈમાં સાઉથ આફ્રિકાએ જીતવા માટે ૨૯૯ રનનો ટાર્ગેટ મેળવવાનો હતો અને ૪૨મી ઓવરમાં ટીમનો સ્કોર ૬/૨૨૦ હતો ત્યારે ૧૦૧ રન પર રમી રહેલી સૌથી ડેન્જરસ બૅટર અને કેપ્ટન લૉરા વૉલ્વાર્ટ સ્પિનર દીપ્તિ શર્માના બૉલમાં અમનજોત કૌરને કૅચ આપી બેઠી હતી. અમનજોત ડીપ મિડ વિકેટ પર ઊભી હતી અને વૉલ્વાર્ટે ઊંચો શૉટ મારતાં જ અમનજોત ડાબી દિશામાં દોડી હતી. બૉલ પર તેની એકસરખી નજર હતી અને બૉલ તેના હાથમાં આવ્યો અને બે વખત ફમ્બલ થયા પછી તેણે અદ્ભુત કૅચ લીધો હતો. ■

### હરમનના અફલાતૂન કૅચમાં નેડિન આઉટ અને ભારત જીત્યું

રવિવારે ડી. વાય. પાટીલ સ્ટેડિયમમાં સાઉથ આફ્રિકાને જીતવા ૨૯૯ રનનો મુશ્કેલ લક્ષ્યાંક મળ્યો હતો. ૪૬મી ઓવરમાં ટીમનો સ્કોર ૯/૨૪૬ હતો. ફાઈનલની સુપરસ્ટાર બોલર દીપ્તિ શર્માનાં નીચા ફુલ ટૉસમાં નેડિન ડિ ક્લર્કે બૉલ સીધો એક્સ્ટ્રા કવરની દિશામાં ધકેલ્યો હતો. હરમનપ્રીત પાછળની દિશામાં દોડી હતી અને ઊંચો કૅચ આબાદ ઝીલ્યો એ સાથે જ ભારતીય મહિલા ટીમનું ઐતિહાસિક જશન શરૂ થઈ ગયું હતું.

### સૂર્યાના કૅચમાં મિલરે ચાલતી પકડી

જૂન ૨૦૨૪માં બ્રિજટાઉનમાં ટી-૨૦ વર્લ્ડ કપની ફાઈનલમાં ભારતે જીતવા માટે સાઉથ આફ્રિકાને ૧૭૦ રનનો લક્ષ્યાંક આપ્યો હતો. હાર્દિક પંડ્યાની ૨૦મી ઓવરમાં સ્કોર ૬/૧૬૧ હતો. હાર્દિકનો પ્રથમ બૉલ વાઇડ ફુલ ટૉસ હતો જેમાં ડેવિડ મિલરે સિક્સરની લાલચમાં ઊંચો શૉટ માર્યો હતો. સૂર્યકુમાર યાદવ લૉંગ ઑફ પરથી ડાબી દિશામાં દોડ્યો હતો અને બાઉન્ડરી લાઈનને આરપાર જઈને અદ્ભુત કૅચ ઝીલી લીધો હતો.

### કપિલનો અણધાર્યો કૅચ, રિચર્ડ્સ પૅવિલિયનમાં

જૂન ૧૯૮૩માં લોર્ડ્સમાં વેસ્ટ ઇન્ડિઝ સામેની વર્લ્ડ કપ ફાઈનલમાં કેપ્ટન કપિલ દેવે વિવ રિચર્ડ્સનો શાનદાર કૅચ ઝીલ્યો હતો. કપિલ દેવ મિડ-ઑન પર ઊભા હતા અને વિવ રિચર્ડ્સ ૩૩ રન પર રમી રહ્યા હતા. વેસ્ટ ઇન્ડિઝે જીતવા માટે ૧૮૪ રનનો લક્ષ્યાંક મેળવવાનો હતો અને કૅરિબિયનોનો સ્કોર બે વિકેટે ૫૭ રન હતો. મદન લાલના બૉલમાં રિચર્ડ્સે ઊંચો શોટ માર્યો હતો અને કપિલ દેવ પાછળની દિશામાં દોડ્યા હતા અને કૅચ ઝીલી લીધો હતો. ભારતે છેવટે ૪૩ રનના માર્જિનથી ફાઈનલ જીતી લીધી અને એ સાથે વન-ડે વિશ્વના સિંહાસન પરથી વેસ્ટ ઇન્ડીઝને ઊથલાવવામાં આવ્યું હતું. ખુદ રિચર્ડ્સે તાજેતરમાં એક ઇન્ટરવ્યૂમાં કહ્યું હતું કે 'મને હજી નથી સમજાયું કે કપિલ દેવ ક્યાંથી દોડીને આવ્યા અને મારો કૅચ ઝીલી લીધો. કપિલ દેવ દૂરથી દોડીને આવ્યા અને પોતે આ કૅચ ઝીલી રહ્યા છે એવો સાથી ફીલ્ડરને સંકેત કર્યો હતો. એ જ ઘડીએ મેં વિચારી લીધું કે મારે હવે પૅવિલિયનમાં પાછા જવું જ પડશે.' ■

# વૉલ સ્ટ્રીટ પર ટેકનોલોજી જાયન્ટ શૅરોના ધબડકાથી ગબડેલા અમેરિકાના શૅરબજારો પાછળ એશિયાઇ બજારો પણ નેગેટીવ ઝોનમાં ધકેલાયા

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ/બેંગકોકઃ યુએસ ફેડરલ રિઝર્વના વ્યાજદરના ઘટાડા સંદર્ભના આગામી પગલા અંગે અનિશ્ચતતા, બીજા ક્વાર્ટરના બિનપ્રોત્સાહક કોર્પોરેટ પરિણામો અને અમેરિકા સાથે ભારતની વેપાર વાટાઘાટોની આસપાસ સ્પષ્ટતાના અભાવ વચ્ચે પ્રોફિટ બુકિંગ અને લેવાલીના ટેકાના અભાવ વચ્ચે મંગળવારે ભારતીય બેન્ચમાર્ક શેરઆંક સેન્સેક્સ અને નિફ્ટી નીચા સ્તરે ધકેલાયા હતા. હવે બજારનું ધ્યાન અમેરિકામાં ટ્રમ્પની ટેરિફ અંગેના સુપ્રીમ કોર્ટના ચૂકાદા તરફ મંડાયેલું છે.

વિશ્વબજારની વાત કરીએ તો વોલ સ્ટ્રીટમાં ટેકનોલોજી સેકટરના મોટા શેરોની વેચવાલી અને ધબડકા પાછળ ટોકિયોનો બેન્ચમાર્ક નિક્કી ૨૨૫ ઇન્ડેક્સ બુધવારે ૪ ટકાથી વધુ ઘટ્યો હતો, અને એશિયાના અન્ય શેરબજારો પણ મોટાભાગે નેગેટીવ ઝોનમાં ગબડ્યા હતા.

યુએસ ફ્યુચર્સના સંકેત મિશ્ર રહ્યા હતા અને ક્રીડ ઓઇલના ભાવમાં પણ પણ ઘટાડો જોવા મળ્યો હતો. સત્રની શરૂઆતમાં નિક્કી લગભગ પાંચ ટકા ઘટ્યો હતો, પરંતુ બપોરના મધ્ય સુધીમાં ૨.૮ ટકા ઘટીને ૫૦,૦૯૦.૩૩ પોઇન્ટની સપાટી પર પહોંચ્યો હતો.

આર્ટિફિશિઅલ ઇન્ટેલિજેન્સમાં રોકાણને કારણે એનર્જી અને ટેકનોલોજી જાયન્ટ સોફ્ટબેંક ગ્રુપના શેરમાં ૯.૮૦ ટકા જેટલો કડાકો જોવા મળ્યો હતો. એ જ રીતે, કમ્પ્યુટર ચિપ ઉત્પાદક ટોકિયો ઇલેક્ટ્રોન ૪.૧ ટકા ઘટ્યો હતો, જ્યારે સેમિકન્ડક્ટર પરીક્ષણ ઉપકરણો બનાવતી કંપની એડવાન્ટેસ્ટ કોર્પ.નો શેર ૭.૨ ટકા ઘટ્યો હતો.

સેમસંગ ઇલેક્ટ્રોનિક્સના ૪.૯ ટકાના કડાકાને કારણે દક્ષિણ કોરિયાના કોસ્પી ત્રણ ટકા ઘટીને ૩,૯૯૭.૭૧ પોઇન્ટ પર બંધ થયો હતો. ચિપ નિર્માતા એનવિડિયા સાથે આર્ટિફિશિયલ ઇન્ટેલિજેન્સ વિકસાવવાની યોજનાઓને કારણે મોટો ઉછાળો નોંધાવનાર એસકે હાઇનિક્સમાં ૨.૯૦ ટકાનો કડાકો જોવા મળ્યો હતો.

આ બધા વચ્ચે ચીની બજારો ઓછી અસર પામ્યા હતા. શાંઘાઈ કમ્પોઝિટ ઇન્ડેક્સ અગાઉના સામાન્ય નુકસાનથી સુધરીને ૦.૨ ટકા વધીને ૩,૯૬૭.૫૩ પોઇન્ટની સપાટી પર પહોંચ્યો હતો, જ્યારે હોંગકોંગનો હેંગસેંગ ઇન્ડેક્સ ૦.૩ ટકા ઘટીને ૨૫,૮૮૮.૧૬ પોઇન્ટની સપાટી પર પહોંચ્યો હતો.

વોલ સ્ટ્રીટ પર રાતોરાત હાઇ-ટેક સંબંધિત શેરોની ભારે વેચવાલીથી રોકાણકારોમાં ગભરાટનું વાતાવરણ સર્જાયું હતું. આ વર્ષે ટેકનોલોજી સેકટરના એમવિડિયા અને માઇક્રોસોફ્ટ જેવી કંપનીના શેરો સહિતના રોકાણમાં ઇન્વેસ્ટર્સને સારો લાભ થયો છે. જોકે, નિષ્ણાતો માને છે કે એપ્રિલમાં શરૂ થયેલી તેજી આખરે તેના અંત તરફ આગળ વધી રહી છે. તેમના મતે આજે ગ્લોબલ માર્કેટમાં જે પીછેહઠ જોવા મળી તે માત્ર સાધારણ ઘટાડો નહોતો, પરંતુ તે એક સંપૂર્ણ પાયે વાસ્તવિકતાની ચકાસણી હતી. આ સામાન્ય ઇન્ટ્રાડે શેક આઉટ નહોતું. એવું લાગ્યું કે પર્વતની ટોચ પર અચાનક ઓક્સિજન પાતળું થઈ રહ્યું છે જેને કોઈ શિખર નથી માનતા, એમ એસપીઆઇ એસેટ મેનેજમેન્ટના સ્ટીફન ઇન્નસે પોતાની કોમેન્ટ્રીમાં જણાવ્યું હતું. આ વર્ષે અત્યાર સુધીમાં બમણાથી વધુનો ઘટાડો નોંધાવનાર પેલેન્ટિર ટેક્નોલોજીસમાં, વિશ્લેષકોની આગાહીઓ કરતાં વધુ સારા પરિણામોની જાહેરાત છતાં ૭.૯૦ ટકાનો કડાકો જોવા મળ્યો હતો. એનવિડિઆએ પણ એક દિવસ પહેલાના વલણને બદલીને ચાર ટકાનો કડાકો નોંધાવ્યો, જ્યારે માઇક્રોસોફ્ટનો શેર ૦.૫ ટકા ઘટ્યો હતો. અન્ય ક્ષેત્રોમાં પણ ઘટાડો જોવા મળ્યો હતો, જેના કારણે એસએન્ડપી ૫૦૦ ઇન્ડેક્સ ૧.૨૦ ટકાના




કડાકા ૬,૭૭૧.૫૫ પોઇન્ટની સપાટી પર પહોંચ્યો હતો. ગયા અઠવાડિયે ઇન્ડેક્સે તેની તાજેતરની સર્વકાલીન ઉચ્ચતમ સપાટી બનાવી હતી અને હજુ પણ વર્ષના ધોરણે તે હજુે ૧૫ ટકાથી વધુ ઉપર છે. ડાઉ જોન્સ ઇન્ડસ્ટ્રિયલ એવરેજ ૦.૫ ટકા ઘટીને ૪૭,૦૮૫.૨૪ પોઇન્ટની સપાટી પર પહોંચ્યો હતો. ટેકનોલોજી હેવી નેસ્ડેક ઇન્ડેક્સ બે ટકા ઘટીને ૨૩,૩૪૮.૬૪ પોઇન્ટની સપાટી પર પહોંચ્યો હતો. વોલ સ્ટ્રીટના રોકાણકારો કોર્પોરેટ કમાણી પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યાં છે. એસએન્ડપી-૫૦૦ ઇન્ડેક્સમાં દર ચારમાંથી ત્રણ કંપનીઓએ તેમના નવીનતમ પરિણામો જાહેર કર્યા છે, અને મોટાભાગના પરિણામ વિશ્લેષકોની અપેક્ષાઓ કરતાં વધુ સારી રહી છે. જોકે, ઉબેરના નાણાકીય પરિણામો વિશ્લેષકોની અપેક્ષાઓ કરતાં વધુ સારા રહ્યા હોવા છતાં તેના શેરોમાં ૫.૧૦ ટકા જેવો મોટો કડાકો જોવા મળ્યો હતો. આ અઠવાડિયાના અંતમાં ઘણી મોટી કંપનીઓ તેમના નવીનતમ નાણાકીય પરિણામો જાહેર કરશે, જેમાં મેકડોનાલ્ડ્સ, એક્સપેડિયા ગ્રુપ અને ક્વોલકોમનો સમાવેશ થાય છે.

યુએસ સરકારના શટડાઉનને કારણે વોલ સ્ટ્રીટ માટે કોર્પોરેટ નફાના અહેવાલો અને આગાહીઓનો નવીનતમ રાઉન્ડ વધુ મહત્વપૂર્ણ બની ગયો છે. રોકાણકારો અને અર્થશાસ્ત્રીઓ ફુગાવા અને રોજગાર પરના નવીનતમ આર્થિક અપડેટ્સ વિના યુએસ અર્થતંત્રના સ્વાસ્થ્ય અને દિશાનું મૂલ્યાંકન કરવાનો પ્રયાસ કરી રહ્યા છે.

સમયસરની આર્થિક આંકડાકીય માહિતીના અભાવે ફેડરલ રિઝર્વ પાસે વ્યાજ દર નીતિ પર નિર્ણય લેવા માટે જરૂરી ઘણા સંસાધનો પણ નથી. તાજા ડેટા દર્શાવે છે કે સપ્ટેમ્બરમાં ગ્રાહક ભાવમાં ત્રણ ટકાનો વધારો થયો છે, જે જાન્યુઆરી પછીનો સૌથી વધુ વધારો છે.

એ જ સાથે એ પણ જોવાનું છે કે નવી ભરતી અટકી ગઈ છે. પરિસ્થિતિના આ સંયોજનથી અમેરિકાની બેન્કિંગ નિયમાક ફેડરલ રિઝર્વ મુશ્કેલ સ્થિતિમાં મૂકાઇ ગઇ છે. અર્થતંત્રને નબળા પડી રહેલા રોજગાર બજારને સહારો આપવામાં મદદ કરવા માટે વ્યાજદરોમાં ઘટાડો કરવાથી ફુગાવો પણ વધુ ભડકી શકે છે. દરમિયાન, ભારતીય શેરબજાર ગુરુનાનક જયંતિ નિમિત્તે બુધવારે બંધ રહ્યા હતા. મંગળવારે સેન્સેક્સ ૫૧૯.૩૪ પોઈન્ટ અથવા ૦.૬૨ ટકા ઘટીને ૮૩,૪૫૯.૧૫ પર બંધ થયો અને નિફ્ટી ૧૬૫.૭૦ પોઈન્ટ અથવા ૦.૬૪ ટકા ઘટીને ૨૫,૫૯૭.૬૫ પર બંધ થયો છે. મિડકેપ અને સ્મોલકેપ સૂચકાંકો અનુક્રમે ૦.૪૨ ટકા અને ૦.૮૨ ટકાના ઘટાડા સાથે બંધ થયા. મેટલ્સ, આઈટી, ઓટો, બેંકિંગ અને એનર્જી શેરોમાં વેચાણનું દબાણ જોવા મળ્યું. જોકે, થોડા એફએમસીજી કાઉન્ટર્સમાં ખરીદીનો રસ જોવા મળ્યો.

નિફ્ટી ફીફ્ટી પેકમાં, ટાઇટન, ભારતી એરટેલ, બજાજ ફાઇનાન્સ, એમ એન્ડ એમ, એચડીએફસી લાઇફ, એસબીઆઈ, ડો રેડ્ડીઝ લેબોરેટરીઝ અને એસબીઆઈ લાઇફ એકમાત્ર વધ્યા હતા, જ્યારે પાવર ગ્રીડ, એટરનલ, અદાણી એન્ટરપ્રાઇઝ, ટીએમપીસી અને હિન્ડાલ્કોએ સૌથી વધુ ઘટાડો દર્શાવ્યો હતો. અદાણી પોર્ટ્સ, અદાણી એન્ટરપ્રાઇઝ, એસબીઆઈ, પેટીએમ, એમ એન્ડ એમ, નુવામા વેલ્થ અને વધુ કંપનીઓએ બીજા ક્વાર્ટરના પરિણામો જાહેર કર્યા હતા.

ભારતીય બજાર એકંદરે કોન્સોલિડેશનના તબક્કામાં છે અને ટ્રેડર્સ સાવચેતીભર્યું વલણ અપનાવી રહ્યા છે. વિદેશી ફંડોની એકધારી વેચવાલીને કારણે પણ સેન્ટિમેન્ટ ડહોળાયેલું રહ્યું છે. પાછલા ચાર દિવસમાં એફઆઇઆઇએ રૂ. ૧૪,૦૦૦ કરોડથી વધુની વેચવાલી નોંધાવી છે અને નિરિક્ષકો માને છે કે આગામી દિવસોમાં પણ । ટ્રેન્ડ ચાલુ રહી શકે છે.

આંતરરાષ્ટ્રીય સ્તરે ખાસ કરીને ટ્રમ્પ દ્વારા વાંરવાર ભયનું વાતાવરણ ખડું કરવામાં આવી રહ્યું હોવાથી સાવચેતીના માનસ વચ્ચે સેફ હેવન એસેટમાં આકર્ષણ જળવાઇ રહેશે અને તે કિંમતી ધાતુંના ભાવ પકડી રાખશે. ટ્રમ્પે હાલમાં જ એક તરફ નાઇજિરિયા પર હુમલો કરવાની ધમકી ઉચ્ચારી હતી તો બીજી તરફ ચીનને પણ ગર્ભીત ધમકી આપી હતી. રોકાણકારોની નજર ખાસ કરીને અમેરિકા અને ચીન તથા અમેરિકા અને ભારત વચ્ચેની ડીલ પર રહેશે.

ભારતના વર્કસ્પેસ સેગમેન્ટની કાયાપલટના હેતુસર આયોજિત ઓર્ગેટેક ૨૦૨૫માં ગ્લોબલ ડિઝાઇન ઇન્ટેલિજન્સ ભારતના ઝડપથી વિકસતા ઓફિસ માર્કેટને એક નવું સ્વરૂપ આપશે, એમ ઉદ્યોગના અગ્રણી માની રહ્યા છે. દસથી વધુ દેશના ૧૦૩ પ્રદર્શકો અને ૮,૦૦૦થી વધુ ટ્રેડ ડેલિગેટ્સ આગામી પેઢીના કાર્યક્ષેત્ર ડિઝાઇન, ઓટોમેશન, ફર્નિચર અને સવલત માટેના સોલ્યુશન્સ રજૂ કરી રહ્યા છે. ભારતની ઓફીસ સ્પેસ માર્કેટ ઝડપથી વધી રહી છે. ૨૦૨૪માં ભારતનું ગ્રેડ એ ઓફિસ એબ્ઝોર્પ્શન ૭૦ મિલિયન ચોરસ ફૂટને વટાવી ગયું છે, જ્યારે સંચાલિત અને અસાથાયી વર્કપ્લેસમાં વાર્ષિક ધોરણે ૫૭ ટકાનો વધારો નોંધાયો છે.

## ડૉલર ઇન્ડેક્સની મજબૂતી ક્રિપ્ટો માટે મુસીબતઃ અમેરિકામાં શટડાઉન બિટકોઈનને ભારે પડ્યું

મુંબઈ : ડોલર ઇન્ડેક્સની મજબૂતીને કારણે ક્રિપ્ટોકરન્સીના ભાવ પર દબામ આવી રહ્યું હોવાથી સટોડિયાઓ માટે મુસીબત ઊભી થઇ છે. અમેરિકાનું શટડાઉન ખાસ કરીને બિટકોઈનને ભારે પડ્યું છે.આ શટડાઉન લાંબુ ચાલતા બિટકોઈન ઘટીને ૧,૦૪,૦૦૦ ડોલર બોલાયું હોવાના અહેવાલ હતા. ક્રિપ્ટોકરન્સીઝની એકંદર માર્કેટ કેપ પણ ત્રણ ટકાથી વધુ ઘટી ૩.૪૭ ટ્રિલિયન ડોલર પર આવી ગઈ હતી.

ડોલર ઈન્ડેકસમાં વધારો અને અમેરિકામાં શટડાઉનને ૩૫ દિવસ પસાર થઈ જવા છતાં તેનો અંત આવવાના કોઈ ચિન્હો નજરે નહીં પડતા ક્રિપ્ટોકરન્સીઝ માર્કેટ પર તેની અસર જોવા મળી હતી અને મુખ્ય ક્રિપ્ટો બિટકોઈન જૂન બાદની નીચી સપાટીની નજીક પહોંચી ગયો હતો. એ જ રીતે, ડોલર ઈન્ડેકસ ઓગસ્ટ બાદ પ્રથમ વખત ૧૦૦ની ઉપરના સ્તરે જોવા મળ્યો હતો. ડોલર ઈન્ડેકસના ઊંચા સ્તર બિટકોઈન જેવી જોખમી એસેટસ પર દબાણ લાવે છે. અમેરિકામાં શટ ડાઉન હજુ પણ લંબાઈ જવાની શકયતા વ્યકત કરવામાં આવી રહી છે, જેને પરિણામે ક્રિપ્ટોકરન્સીસના રોકાણકારોનું માનસ ખરડાયું છે.

બિટકોઈન જે છઠી ઓકટોબરના ૧,૨૬,૫૦૦ ડોલરની ટોચે પહોંચી ગયો હતો, તે એક મહિનાથી પણ ઓછા સમયગાળામાં વીસ ટકા જેટલો ઘટી ગયો છે. વર્તમાન વર્ષના જૂનના અંતિમ સપ્તાહમાં બિટકોઈને ૧,૦૩,૦૦૦ ડોલરની સપાટી દર્શાવી હતી.

પાછલા ચોવીસ કલાકમાં બિટકોઈન ઉપરમાં ૧,૦૮,૩૨૮ ડોલર જ્યારે નીચામાં ૧,૦૩,૭૧૪ ડોલર થઈ મોડી સાંજે ૧,૦૪,૫૭૫ ડોલર કવોટ થતો હતો. એથરમનો ભાવ પણ પાંચ ટકાથી વધુ ઘટી ૩૫૨૩ ડોલર આસપાસ કવોટ થતો હતો.

સતત સંસ્થાકીય ઈન્ફલોસ તથા અમેરિકન ફેડરલ રિઝર્વ દ્વારા ટેકારૂપ સંકેતોને પગલે ઓકટોબરમાં બિટકોઈને ઓલ ટાઈમ હાઈ સપાટી દર્શાવી હતી. ઊંચા મથાળે સતત પ્રોફિટ બુકિંગ આવી રહ્યું છે જેને પરિણામે બિટકોઈનમાં હાલમાં રોલર-કોસ્ટર જેવી સ્થિતિ જોવા મળી રહી છે.

## જોખમી પરિબળોમાં વધારો અને ડૉલર ઈન્ડેક્સમાં પીછેહઠે વૈશ્વિક સોનાચાંદીમાં બાઉન્સબૅક

લંડન/મુંબઈઃ આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રવર્તી રહેલી આર્થિક અનિશ્ચિતતાઓને કારણે ઈક્વિટી માર્કેટમાં નરમાઈનું વલણ તેમ જ ડૉલર ઈન્ડેક્સમાં પણ વધ્યા મથાળેથી પીછેહઠ જોવા મળી હોવાથી લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવમાં ૦.૮ ટકાનું અને ચાંદીના ભાવમાં ૧.૩ ટકા જેટલું બાઉન્સબૅક જોવા મળ્યું હતું. જોકે, આજે સ્થાનિક સ્તરે ગુરુ નાનક જયંતીની જાહેર રજા હોવાથી ઈન્ડિયા બુલિયન ઍન્ડ જ્વેલર્સ એસોસિયેશન બંધ હોવાથી સ્થાનિક ભાવની કોઈ સત્તાવાર જાહેરાત નહોતી થઈ. આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૮ ટકા વધીને ઔંસદીઠ ૩૯૬૬.૫૪ ડૉલર આસપાસ અને ડિસેમ્બર વાયદામાં ભાવ ૦.૪ ટકા વધીને ૩૯૭૬.૧૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. નોંધનીય બાબત એ છે કે ગત ૨૦મી ઑક્ટોબરના રોજ સોનાના ભાવ વધીને ઔંસદીઠ ૪૩૮૧.૨૧ ડૉલરની વિક્રમ સપાટી સુધી પહોંચ્યા હતા. તેમ જ વર્ષ ૨૦૨૫માં અત્યાર સુધીમાં સોનાના ભાવમાં



બાવન ટકા જેટલો ઉછાળો આવી ગયો છે. વધુમાં આજે હાજરમાં ચાંદીના ભાવ પણ ૧.૩ ટકાના ઉછાળા સાથે ઔંસદીઠ ૪૭.૬૯ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. એકંદરે વૈશ્વિક સ્તરે ઈક્વિટી વૅલ્યુએશનની ચિંતામાં વધારો થવાથી ઈક્વિટી માર્કેટમાં જોવા મળેલા નરમાઈના વલણ અને ડૉલર ઈન્ડેક્સમાં વધ્યા મથાળેથી ઘટાડો આવ્યો હોવાથી આજે સોના અને ચાંદીમાં સુધારાને ટેકો મળ્યો હોવાનું કાર્સ્ટન મેન્કનાં વિશ્લેષક જુલિયલ બૅરે જણાવ્યું હતું. નોંધનીય બાબત એ છે કે આજે ઈક્વિટી વૅલ્યુએશન્સની ચિંતાને પગલે યુરોપિયન ઈક્વિટી માર્કેટ બે સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા. તેમ જ ડૉલર ઈન્ડેક્સ ૦.૧ ટકા ઘટીને ત્રણ મહિનાની ઊંચી સપાટીએથી પાછો ફરતાં સોનામાં સુધારાને ટેકો મળ્યો હતો.

અમેરિકી ગવર્મૅન્ટ શટ ડાઉન અત્યાર સુધીનાં સૌથી લાંબા સમયગાળાની નજીક છે ત્યારે રોકાણકારોની નજર ફેડરલની નાણાનીતિ પર પડે તેવાં આજે મોડી સાંજે જાહેર થનારા અમેરિકાનાં એડીપી નેશનલ એમ્પ્લોયમેન્ટ રિપોર્ટ પર સ્થિર થઈ છે.

નોંધનીય બાબત એ છે કે ગત ૨૮-૨૯ ઑક્ટોબરની નીતિવિષયક બેઠકના અંતે અમેરિકી ફેડરલ રિઝર્વે વ્યાજદરમાં અપેક્ષાનુસાર ૨૫ બેસિસ પૉઈન્ટનો કાપ મૂક્યો હતો. તેમ છતાં આગામી ડિસેમ્બર મહિનાની બેઠકમાં વ્યાજદરમાં કપાતનો અવકાશ ઓછો હોવાનું ફેડરલના અધ્યક્ષ જૅરોમ પૉવેલે જણાવ્યું હતુ. આથી સીએમઈ ફેડ વૉચ ટૂલ પર અગાઉ બજાર વર્તુળો ડિસેમ્બરમાં વ્યાજદરમાં ૨૫ બેસિસ પૉઈન્ટનો કાપ મૂકે તેવી ૯૦ ટકા શક્યતા વ્યક્ત કરતા હતા તે હવે ૭૦ ટકા શક્યતા વ્યક્ત કરી રહ્યા છે.

### વિશ્વ બજાર પાછળ પામતેલમાં નરમાઈ, દેશી તેલમાં મિશ્ર વલણ

## ૧થી ૫ નવેમ્બરમાં મલયેશિયાની પામતેલની નિકાસ ૧૫ ટકા ઘટી

મુંબઈઃ શિકાગો ખાતે સોયાતેલના વાયદામાં ગઈકાલે ૩૧ સેન્ટનો ઘટાડો આવ્યાના ઓવરનાઈટ અહેવાલ ઉપરાંત આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં ૩૪ રિંગિટનો ઘટાડો આવ્યો હતો. આમ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલ ઉપરાંત આજે ગુરુ નાનક જયંતીની જાહેર રજા હોવાથી બૅન્કો બંધ રહેતાં હાજર, ડાયરેક્ટ ડિલિવરી તેમ જ સેલરિસેલ ધોરણે કામકાજો નિરસ રહ્યાં હતાં અને હાજર ભાવમાં મિશ્ર વલણ જોવા મળ્યું હતું. સૂત્રોના જણાવ્યાનુસાર આજે હાજરમાં ૧૦ કિલોદીઠ આયાતી તેલમાં આરબીડી પામોલિનમાં રૂ. ૧૦નો ઘટાડો આવ્યો હતો અને અન્ય તેલમાં ટકેલું વલણ હતું, જ્યારે દેશી તેલમાં કપાસિયા રિફાઈન્ડમાં રૂ. પાંચનો સુધારો આવ્યો હતો અને સરસવમાં રૂ. ૧૦નો ઘટાડો આવ્યો હતો.

આજે કાર્ગો સર્વેયર ઈન્ટરટેક સર્વિસીસ દ્વારા જાહેર કરવામાં આવેલી પ્રાથમિક આંકડાકીય માહિતી અનુસાર ગત તા. ૧થી ૫ નવેમ્બર દરમિયાન મલયેશિયાની પામતેલની નિકાસ આગલા ઑક્ટોબર મહિનાના સમાનગાળાના ૨,૭૦,૮૬૭ ટન સામે ૧૫.૩૮ ટકા ઘટીને ૨,૨૯,૨૧૦ ટનની સપાટીએ રહી હતી. વધુમાં તાજેતરમાં સ્થાનિક સ્તરે સરસવમાં મજબૂત માગ ઉપરાંત સરસવ ખોળમાં ચીનની લેવાલી પ્રબળ રહેતી હોવાથી સરસવના વાવેતર વિસ્તારમાં સાતથી આઠ ટકા જેટલો વધારો થવાની ધારણા બજાર વર્તુળો રાખી રહ્યા છે. આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ જીવનના આરબીડી પામોલિન અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૩૫, ગોદરેજ એગ્રોવેટના આરબીડી પામોલિનના રૂ. ૧૨૨૦, એડબ્લ્યુએલના આરબીડી પામોલિનના રૂ. ૧૨૩૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૨૫ અને સન રિફાઈન્ડના રૂ. ૧૪૮૫, રિલાયન્સ રિટેલના સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૩૮ અને પતંજલિ ફૂડ્સના આરબીડી પામોલિનના રૂ. ૧૨૬૦ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપારો છૂટાછવાયા રહ્યા હતા. ગુજરાતમાં ગોંડલ મથકે આજે ૭૦,૦૦૦ ગૂણી અને રાજકોટ મથકે ૧૨,૦૦૦ ગૂણી મગફળીની આવક સામે વેપાર અનુક્રમે મણદીઠ રૂ. ૯૫૦થી ૧૨૫૦માં અને રૂ. ૯૫૦થી ૧૨૦૦માં થયા હતા, જ્યારે ગુજરાતનાં મથકો પર સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. પાંચ ઘટીને રૂ. ૨૨૩૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ.૧૩૮૫માં ટકેલા ધોરણે થયા હતા. વધુમાં આજે હાજરમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૨૫૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૬૦, સન રિફાઈન્ડના રૂ. ૧૪૮૦, સિંગતેલના રૂ. ૧૪૨૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૩૧૦ અને સરસવના રૂ. ૧૫૦૦ના મથાળે રહ્યા હતા.

## ઈલેક્ટ્રિક વ્હીકલ્સની માગના વધારા સાથે ડીઝલ વાહનોનું વેચાણ ઘટ્યું

નવી દિલ્હીઃ ઇંધણ ક્ષેત્રે સહેજ વિરોધાભાસી ચિત્ર જોવા મળ્યું છે. એક તરફ વીજ સંચાલિત ઇલેક્ટ્રિક વાહનોની માગ વધતા ડીઝલના વેચાણ પર પ્રતિકૂળ અસર થઇ હોવાનું જાણવા મળે છે તો બીજી તરફ આંકડાકીય માહિતી વીજ માગમાં ઘટાડો જ્યારે પેટ્રોલનો વપરાશ વધારો થયો હોવાની માહિતી આપે છે.

વર્તમાન વર્ષમાં ચોમાસુ લાંબુ ચાલતા દેશની વીજ માગ કોરોના બાદ પહેલી વખત ઝડપથી ઘટી છે. ઓકટોબરમાં વરસાદને કારણે કુલિંગ સાધનોનો વપરાશ ઓછો રહેતા વીજ માગ નબળી રહ્યાનું સરકારી ડેટા જણાવે છે. જ્યારે બીજી બાજુ દિવાળીની રજાઓને કારણે પેટ્રોલની માગમાં વૃદ્ધિ જોવા મળી હતી. વીજ વાહનોને કારણે ડીઝલના વેચાણ પર અસર પડવાના સંકેત મળી રહ્યા છે.

ઓકટોબરમાં દેશમાં કુલ વીજ ઉત્પાદન વાર્ષિક ધોરણે ૬ ટકા ઘટી ૧૪૨.૪૫ બિલિયન કિલોવોટ-અવર્સ રહ્યું હતું. દેશના મોટાભાગના વિસ્તારોમાં ઓકટોબરમાં પણ સતત વરસાદ ચાલુ રહેતા વીજની માગ નીચી રહી હતી. આ ઉપરાંત ઓકટોબરમાં દશેરા-દિવાળીના તહેવારોની રજાઓને કારણે વ્યવસાયીક કામકાજ પણ ઓછા રહ્યા હતા.

વરસાદને કારણે તાપમાન નીચુ રહેતા એસી જેવા કુલિંગ સાધનોનો વપરાશ ઘટયો હોવાનો સરકારી સુત્રોએ દાવો કર્યો હતો. દરમિયાન દિવાળીની રજાઓને કારણે વાહનોના વપરાશમાં વધારો થતા ગયા મહિને પેટ્રોલના વપરાશમાં વધારો જોવા મળ્યો હતો.

પેટ્રોલની માગ વાર્ષિક ધોરણે ૭.૦૩ ટકા વધુ રહી હોવાનું ઓઈલ મિનિસ્ટ્રીના પ્રાથમિક ડેટા જણાવે છે. ઓકટોબરમાં પેટ્રોલનો વપરાશ ૩૬.૫૦ લાખ ટન રહ્યો હતો, જે ગયા વર્ષના ઓકટોબરમાં ૩૪.૧૦ લાખ ટન જોવા મળ્યો હતો. દિવાળીની રજાઓમાં પ્રવાસ માટે વાહનોનો ઉપયોગ વધી જતા ઈંધણની માગ ઊંચી રહેવા પામી હતી. ગયા મહિને વાહનોના વેચાણમાં પણ વધારો થયો હતો જેને કારણે પણ ઈંધણ માગ વધી હતી. પેટ્રોલની સરખામણીએ ડીઝલની માગ ગયા મહિને વાર્ષિક ધોરણે ૦.૪૮ ટકા જેટલી ઘટી ૭૬ લાખ ટન રહી હતી એમ પણ પ્રાપ્ત ડેટા જણાવે છે. દેશમાં જાહેર પરિવહન સેવાઓમાં વીજસંચાલિત વાહનો તથા ગેસનો વપરાશ વધી રહ્યો હોવાને કારણે ડીઝલની માગમાં મોટો વધારો જોવા મળતો નહીં હોવાનું પણ સુત્રોએ જણાવ્યું હતું. ટ્રકસ, વ્યવસાયિક ધોરણે ચાલતા પ્રવાસી વાહનો અને ફાર્મ મશીનરી સામાન્ય રીતે ડીઝલ પર ચાલતા હોય છે.

## ખાંડમાં સાધારણ ગુણવત્તાલક્ષી સુધારો

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્થાનિક તેમ જ દેશાવરોની માગ છૂટીછવાઈ રહી હોવાથી મથકો પર સ્મોલ ગ્રેડની ખાંડનાં ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૧૦ના ઘટાડા સાથે રૂ. ૩૭૬૦થી ૩૭૯૦માં થયા હોવાના નિર્દેશો હતા. આમ મથકો પરનાં નિરુત્સાહી અહેવાલ સાથે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને ગુરુ નાનક જયંતીની જાહેર રજાને કારણે રિટેલ સ્તરની માગ પણ ખપપૂરતી રહેતાં એકંદરે કામકાજો પાંખાં રહ્યાં હતાં. જોકે, આજે હાજરમાં મિડિયમ ગ્રેડની ખાંડમાં ઉપલા મથાળેથી સાધારણ ક્વિન્ટલદીઠ રૂ. ચારનો ગુણવત્તાવક્ષી સુધારો જોવા મળ્યો હતો, જ્યારે સ્મોલ ગ્રેડની ખાંડમાં અને નાકા ડિલિવરી ધોરણે ટકેલું વલણ રહ્યું હતું. આજે અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ ખપપૂરતી રહેતાં ઉપાડ લગભગ ૨૬થી ૨૭ ટ્રકનો રહ્યો હતો, જેમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૫૨થી ૩૯૯૨માં ટકેલા ધોરણે થયા હતા અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ચારના સુધારા સાથે રૂ. ૩૯૭૨થી ૪૦૮૬માં થયાના અહેવાલ હતા. વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે પણ ઔદ્યોગિક વપરાશકારો તેમ જ સ્થાનિક ડીલરોની લેવાલી છૂટીછવાઈ જળવાઈ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૪૫થી ૩૮૮૫માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૮૫થી ૩૯૨૫માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયા હતા.

## ટીન અને નિકલની આગેવાની હેઠળ ધાતુમાં જળવાતી નરમાઈ

મુંબઈઃ વૈશ્વિક વેપારોમાં પ્રવર્તી રહેલી અનિશ્ચિતતાના માહોલ અને ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત અન્ડરટોન રહેતાં આજે લંડન મેટલ એક્સચેન્જ ખાતે કોપર સહિતની ચોક્કસ ધાતુઓમાં નરમાઈનું વલણ રહ્યું હોવાના અહેવાલ ઉપરાંત આજે સ્થાનિક ધાતુ બજારમાં ગુરુ નાનક જયંતીની જાહેર રજાને કારણે બૅન્કો બંધ રહી હોવાથી એકંદરે કામકાજો પાંખાં રહ્યા હતા. મુખ્યત્વે ટીન, નિકલ અને કોપરની વેરાઈટીઓ, બ્રાસ શીટ કટિંગ્સ, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ અને લીડ ઈન્ગોટ્સમાં સ્ટોકિસ્ટોની વેચવાલીનું દબાણ અને નિરસ માગ રહેતાં ભાવમાં કિલોદીઠ રૂ. એકથી રૂ. ૧૮નો ઘટાડો આવ્યો હતો. બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ થતાં ઝિન્ક સ્લેબમાં છૂટીછવાઈ માગ જળવાઈ રહેતાં ભાવમાં અનુક્રમે કિલોદીઠ રૂ. એક અને રૂ. બેનો સુધારો આવ્યો હતો. સ્ટોકિસ્ટોની વેચવાલીનું દબાણ ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગ પણ નિરસ રહેતાં ટીનના ભાવ કિલોદીઠ રૂ. ૧૮ ઘટીને રૂ. ૩૨૪૫, નિકલના ભાવ કિલોદીઠ રૂ. ૧૧ ઘટીને રૂ. ૧૩૪૨ અને કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ તથા કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. સાત ઘટીને અનુક્રમે રૂ. ૮૫૦ અને રૂ. ૧૦૧૫ના મથાળે રહ્યાં હતાં. ધાતુઓ જેમાં વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની નિરસ માગ અને છૂટીછવાઈ સ્ટોકિસ્ટોની વેચવાલી રહેતાં કોપર સ્ક્રેપ હેવીના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ ઘટીને રૂ. ૯૨૭, કોપર કેબલ સ્ક્રેપ, કોપર આર્મિચર, બ્રાસ શીટ કટિંગ્સ અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. બે ઘટીને અનુક્રમે રૂ. ૯૪૧, રૂ. ૯૧૦, રૂ. ૬૫૫ અને રૂ. ૨૭૫ના મથાળે અને લીડ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. એક ઘટીને રૂ. ૧૮૪ના મથાળે રહ્યા હતા.



ગુરુ નાનક જયંતીઃ શીખ ધર્મના સ્થાપક અને પ્રથમ ગુરુ નાનક દેવજીનો જન્મ દિવસને ગુરુ નાનક જયંતી તરીકે મનાવવામાં આવે છે. ગુરુ નાનક જયંતી નિમિત્તે જૂનાગઢમાં ગિરનાર દરવાજા પાસે આવેલા ગુરુદ્વારાથી ગુરુ નાનકની શોભાયાત્રા નિકળી હતી. બપોરે ગુરુદ્વારા પર લંગર પણ રાખવામાં આવ્યું હતું. (તસ્વીરઃ હરેશ સોની, જૂનાગઢ)

# ભારત-પાકિસ્તાન વચ્ચેની કચ્છ ખાતેની આંતરરાષ્ટ્રીય જળસીમાએ પાકિસ્તાની નૌકાદળનો જમાવડો

(અમારા પ્રતિનિધિ દ્વારા)

ભુજઃ ભારત-પાકિસ્તાન વચ્ચેની આંતરરાષ્ટ્રીય જળસીમાએ કચ્છમાં સિરક્રીક મુદ્દે કેન્દ્રીય સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે પાકિસ્તાનને ચેતવણી આપી હતી અને તાજેતરમાં જ આ સંવેદનશીલ દરિયાઈ વિસ્તારમાં ભારત દ્વારા એક પ્રભાવશાળી લશ્કરી કવાયત પૂર્ણ કરાઈ છે ત્યારે પાકિસ્તાન દ્વારા આગામી વર્ષના પ્રારંભમાં જ આ અરબી સમુદ્રમાં તરતી મુકાનારી 'હેંગોર' કક્ષાની સબમરીનને લઈને ભારતની દરિયાઈ સુરક્ષા સામે ખતરો ઊભો થઇ રહ્યો છે.

જયારે આ વિસ્તારમાં લશ્કરી ગતિવિધિ વધી રહી છે ત્યારે જ પાકિસ્તાન દ્વારા ચીનના સહકારથી મેળવવામાં આવનારી આઠ જેટલી આ પ્રકારની સબમરીનો પૈકીની એક ટૂંક સમયમાં કરાંચી આસપાસના દરિયામાં ઘૂમતી થઇ જશે તે વાત ચિંતા ઉપજાવનારી છે, બાકીની સાત પૈકી આવી સબમરીનો પણ આગામી ત્રણ વર્ષમાં ઉત્તર અરબી સમુદ્ર અને હિન્દ મહાસાગરમાં ઉતારી દેવામાં આવશે તેવો દાવો પણ પાકિસ્તાન દ્વારા કરી દેવામાં આવ્યો છે.

પાકિસ્તાન દ્વારા ચીનના સહકારથી મેળવવામાં આવનારી આ આઠ સબમરીનો પૈકી ચાર તો કરાંચી ખાતેના શિપ યાર્ડ અને એન્જીનીયરીંગ ડોક ખાતે બની રહી છે, જયારે બાકીની ચાર ચીન ખાતે નિર્માણાધીન છે.

આ સબ મરીનો ૦૩૯એ યુઆન કલાસનું જ સ્વરૂપ છે અને તે એડવાન્સ સેન્સર્સ અને હથિયારોથી સજજ હોય છે અને આ ઉપરાંત તે 'ઈન્ડિપેન્ડન્ટ પ્રોપલઝન' કરવા માટે પણ સજજ છે. સિરક્રીક વિવાદના કારણે કચ્છની જળસીમા ખાસ સંવેદનશીલ બની રહ્યો છે ત્યારે આ પ્રકારની હિલચાલ ભારત માટે વધુ સતર્ક રહેવાનું સિગ્નલ આપી જાય છે.

# સ્ટેટ મોનિટરિંગ સેલના દરોડા બાદ સફાળી જાગેલી પૂર્વ કચ્છ પોલીસે ત્રણ જગ્યાઓએ દરોડા પાડીને ૨૪.૦૯ લાખનો શરાબ ઝડપી પાડ્યો

(અમારા પ્રતિનિધિ દ્વારા)

ભુજઃ ભચાઉ-ગાંધીધામ ધોરીમાર્ગ પર આવેલી હાઇવે હોટલના પાર્કિંગમાં ત્રાટકેલી રાજ્યસ્તરની સ્ટેટ મોનિટરિંગ સેલે પંજાબથી કચ્છમાં મોકલવામાં આવેલા ૧.૮૫ કરોડના શરાબને ઝડપી લીધો હતો. આ ઘટના બાદથી હરકતમાં આવેલી પૂર્વ કચ્છ પોલીસ દ્વારા પાડવામાં આવેલા જુદા-જુદા ત્રણ દરોડામાં ૨૪.૦૯ લાખથી વધુના મૂલ્યના દારૂના જથ્થાને જપ્ત કર્યો હતો. જેમાં આડેસર પોલીસે ગુવાર ભરેલી ટ્રકમાંથી ૧૯.૪૬ લાખના શરાબ સાથે પંજાબના ચાલકને ઝડપ્યો હતો, જ્યારે ભચાઉ પોલીસે છાડવારા ગામના પાદરેથી એસયુવી જીપકારમાંથી રૂ.૩.૦૭ લાખના દારૂ સાથે અંજારના યુવકને દબોચી લીધો હતો અને આ માલને એસયૂવીમાં ભરી આપનાર મેઘપર (બોરીચી)ના શખ્સનાં મકાનની સામેના વાડામાંથી સ્થાનિક ગુન્હાશોધક શાખાએ રૂ.૧.૫૬ લાખનો શરાબ જપ્ત કર્યો હતો.

પ્રાપ્ત માહિતી પ્રમાણે, આડેસર ચેકપોસ્ટ પરથી પસાર થતા વાહનોનું ચેકિંગ કરી રહેલી સ્થાનિક પોલીસને મળેલી પૂર્વ બાતમીના આધારે અહીંથી પસાર થતી ટ્રકને થોભાવી, અંદર રાખવામાં આવેલા ગુવાર ગમના કોથળાની આડશમાં રાખવામાં આવેલી નાની-મોટી વિવિધ કંપનીના શરાબની ૧૪૮૮ બોટલ તેમજ આલ્કોહોલ મિશ્રિત બિયરના ૫૨૮ ટીન જેની કિંમત રૂા.૧૯.૪૬,૧૬૦નો માદક દ્રવ્યોનો જથ્થો તેમજ ગુવાર ગમના ૪૯૫ કોથળા કિં.રૂા. ૨૨,૭૭,૦૦૦, એક મોબાઇલ ફોન કિં.રૂા. ૫૦૦૦, રોકડા રૂા. ૧૩૨૦ તથા ટ્રક કિં.રૂા. ૧૨,૦૦,૦૦૦ એમ કુલ રૂા. ૫૪,૨૯,૪૮૦ના મુદ્દામાલ સાથે ટ્રકચાલક સુખદેવસિંગ ચનનસિંઘ ગીલ શીખ (રહે. પંજાબ)ને ઝડપી લીધો હતો. પ્રાથમિક પૂછપરછમાં રાજસ્થાનના બિકાનેરથી ગુવાર ગમ ભરીને ગાંધીધામ ખાલી કરવા આવતી વેળાએ પરબતસિંહ બન્ના (રહે. ચોહટણ)નામના તેના મિત્રએ ફોન કરીને શરાબનો આ જથ્થો તેની ટ્રકમાં ગાંધીધામ પહોંચાડવા અને તેની અવેજમાં ઉધાર લીધેલા ૭૦૦૦૦ રૂપિયા માફ કરી દેવા જણાવતાં ખેપ મારી હોવાનું સુખદેવે પોલીસ સમક્ષ જણાવ્યું હતું.

બીજી તરફ, પેટ્રોલિંગ કરી રહેલી ભચાઉ પોલીસે છાડવારા પુલ નીચે ગાંધીધામથી સામખિયાળી તરફ આવતી બાતમી મુજબની મહિન્દ્રા સ્કોર્પિયો કારને અટકાવી, અંદરથી શરાબની ૧૮૦ જેટલી બોટલ તથા બિયરના ૩૩૬ ટીન એમ કુલ રૂા. ૩,૦૭,૬૮૦ના શરાબના જથ્થા સાથે એસયુવી કાર કિં.રૂા. ૧૦ લાખ તથા બે મોબાઇલ ફોન ૧૫ હજાર એમ કુલ મળીને ૧૩,૨૨,૬૮૦ના મુદ્દામાલ સાથે અંજારના ધ્રુવગિરિ રીતેશગિરિ ગોસ્વામીને ઝડપી લીધો હતો. ધ્રુવની પૂછપરછ કરતાં આ શરાબ આનંદ શિવજી સંઘાર (રહે. મંગલેશ્વર મેઘપર (બોરીચી)એ આપ્યો હોવાનું જણાવતાં ભચાઉ પોલીસે બંને વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો. દરમ્યાન, ધ્રુવગીરીને શરાબ ભરી આપનારા આનંદ સંઘરના મેઘપર (બોરીચી)ની સાંઇનાથ સોસાયટીમાં આવેલા મકાનની સામેના વાડામાં શરાબનો જથ્થો રાખ્યો હોવાની પૂર્વ બાતમીના આધારે સ્થાનિક ગુન્હાશોધક શાખાએ ૧૨૦ જેટલી શરાબની કિં.રૂ. ૧,૫૬,૦૦૦ની બોટલોને જપ્ત કરી હાજર ન મળનારા આનંદ શિવજી સંઘાર વિરુદ્ધ ગુનો દાખલ કરી કાર્યવાહી કરી હતી.

# ભચાઉ નજીકથી ૧.૮૫ કરોડનો શરાબનો જથ્થો ઝડપી પાડ્યો

(અમારા પ્રતિનિધી દ્વારા)

ભુજઃ કચ્છમાં નશાખોરીના વ્યાપક બની ચૂકેલાં દૂષણ વચ્ચે સ્થાનિક પોલીસને ઊંઘતી રાખીને ગાંધીનગરથી ત્રાટકેલી સ્ટેટ મોનિટરિંગ સેલની ટુકડીએ સ્થાનિક પોલીસને ઊંઘતી રાખીને પંજાબથી ભુજ-મુંદરા શરાબ પહોંચાડવા આવી રહેલી બલ્કર ટ્રકને ભચાઉ પાસેથી ઝડપીને ૧.૮૧ કરોડના શરાબના જથ્થાને ઝડપી પાડ્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, વીતેલા ચાર-પાંચ મહિનામાં એસએમસીએ કચ્છમાંથી નામચીન બુટલેગરો દ્વારા મંગાવાયેલા કરોડોના મૂલ્યના શરાબના જથ્થાને પકડી પાડીને સ્થાનિક પોલીસની નિષ્ક્રિયતાને ઉજાગર કરી હતી.

આ અંગે પ્રાપ્ત માહિતી મુજબ, અનિલ જગદીશ પ્રમાદ પાંડિયા (રહે. ફતેપુર, જિ. સિકર, રાજસ્થાન) નામના શખ્સે પંજાબથી એક સિમેન્ટના બલ્કર ટેન્કરમાં અંગ્રેજી પ્રકારનો ભારતીય બનાવટનો શરાબનો જથ્થો કચ્છમાં મોકલાવ્યો હોવા અંગે રાજ્યસ્તરની સ્ટેટ મોનિટરિંગ સેલને સચોટ બાતમી મળતાં આ ટુકડીએ ભચાઉ-ગાંધીધામ ધોરીમાર્ગ પર આવેલી બજરંગ આઈ માતા હોટલના પાર્કિંગમાં ઊભેલા બાતમી મુજબના બલ્કર ટેન્કરને ટ્રેસ કરી લીધું હતું અને અંદર બેઠેલા પુખરાજ ડુંગરારામ રાણા રાજપૂત અને અશોકકુમાર પ્રાગારામ રતનાજી મેઘવાલ (રહે. બંને ભાટાલા-ખરવા, તા. સિણધરી પાયલા, જિ. બાલોત્રા,રાજસ્થાન)ને અટકમાં લીધા હતા. ત્યારબાદ બલ્કરની અંદર સિમેન્ટની ગુણીઓ નીચે છુપાવેલાં ખોખાંના ઢગલાને કાઢીને ગણતરી કરતાં અલગ-અલગ પ્રકારની શરાબની નાની-મોટી કુલ ૧૭,૫૫૪ જેટલી ૧,૮૫,૯૪,૮૦૩ રૂપિયાની બોટલ મળી આવી હતી. આ કાર્યવાહીમાં ટેન્કર કિં.રૂા. ૨૫૦૦,૦૦૦ તેમજ એક ૫૦૦૦ રૂપિયાનો મોબાઈલ, રોકડા રૂા. ૩૬૩૦ એમ કુલ રૂા. ૨,૧૧,૦૩,૪૩૩ના મુદ્દામાલ સાથે બંનેને ઝડપી લીધા હતા.

# અંજારના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ફરજ બજાવતા તબીબે પ્રસૂતિ રેકર્ડ સાથે ચેડાં કરીને ૧૭.૪૭ લાખની છેતરપિંડી આચરી

(અમારા પ્રતિનિધિ દ્વારા)

ભુજઃ કચ્છના અંજાર શહેરની સરકારી હોસ્પિટલમાં તત્કાલીન સમયે ફરજ બજાવતા એક તબીબે પ્રસૂતિ રેકર્ડ સાથે છેડછાડ કરી હતી.

તબીબે એક જ પ્રસૂતિને અલગ-અલગ નાણાકીય સદરમાં દર્શાવીને મળવાપાત્ર ૧૭.૪૭ લાખની રકમને બારોબાર પોતાના બેંક એકાઉન્ટમાં ટ્રાન્સફર કરી ગેરરીતિ આચરી હતી.

આ અંગે ખાતાકીય તપાસ દરમિયાન બહાર આવતાં આ તબીબને રૂ.૧૭.૪૩ લાખનો દંડ ફટકારવામાં આવ્યો હતો. આ ઉપરાંત કુલ ૩૪.૯૪ લાખ રૂપિયા પરત જમા ન કરાવતાં છેતરાપિંડીની ફરિયાદ નોંધાઈ હતી.

આ અંગે અંજાર પોલીસે જણાવ્યું હતું કે, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં વર્ષ ૨૦૧૬-૧૭થી લઈને વર્ષ ૨૦૨૧-૨૨ દરમિયાન ફરજ બજાવનાર ડૉ. વિરલ વાય. વાઘેલાએ રેકર્ડમાં પ્રસૂતિ કરતા વધારે પ્રસૂતિ દર્શાવીને અલગ-અલગ નાણાકીય સદરમાં દર્શાવી હતી.

પ્રસૂતિ પ્રોત્સાહનની રકમને ગેરરીતિ દ્વારા મેળવી પોતાના બેંક એકાઉન્ટમાં રૂા. ૧૭,૪૭,૩૭૫ ટ્રાન્સફર કરી લીધા હતા. ખાતાકીય તપાસ દરમિયાન તબીબ દ્વારા આચરવામાં આવેલી આ છેતરપિંડી બહાર આવી હતી. ખાતાકીય તપાસ દરમિયાન પોતાની સહી હોવા છતાં તેઓની સહી નથી તેવું નિવેદન આપીને તપાસને ગેરમાર્ગે દોરવાનો પણ આ તબીબ દ્વારા પ્રયાસ કરવામાં આવ્યો હતો.

કસૂરવાર ઠરેલા ડૉ. વાઘેલાને મૂળ રકમની સાથે દંડ સહિત રૂા. ૩૪,૯૪,૬૫૦ સરકારમાં તાત્કાલિક ધોરણે જમા કરાવવા માટેનો હુકમ કરવામાં આવ્યો હતો, પરંતુ અત્યાર સુધીમાં આ રકમ જમા કરાવવામાં ન આવતાં સરકારી હૉસ્પિટલ અધિક્ષક ડૉ. રોબિનાસિંહ પ્રતાપાસિંહ રાઠોડે અંજાર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતાં તબીબ વિરુદ્ધ ગુનો નોંધીને તપાસ હાથ ધરવામાં આવી છે. આ ઘટના બહાર આવતાં કચ્છના તબીબી આલમમાં ચકચાર પ્રસરી હતી.

# કચ્છની પાલારા જેલમાંથી પેરોલ ઉપર મુક્ત થયેલો અંજારનો પાકા કામનો કેદી ફરાર

(અમારા પ્રતિનિધિ દ્વારા)

ભુજઃ કચ્છના અંજાર વિસ્તારનો પાકા કામનો બંદીવાન, ભુજની પાલારા ખાસ જેલમાંથી પેરોલ ઉપર છૂટ્યા બાદ હાજર ન થતાં તેને ફરાર જાહેર કરાયો હતો.

આ સંવેદનશીલ મામલા અંગે બી-ડિવિઝન પોલીસ મથકે પાલારા ખાસ જેલના જેલર બી. કે. જાખલે નોંધાવેલી ફરિયાદ મુજબ જેલના પાકા કામના કેદી જયંતી ઉર્ફે હફલો માવજી સોરઠિયા (રહે. વિજયનગર, અંજાર)ની સાત દિવસની પેરોલની રજા મંજૂર થતાં તે ગત તા. ૩૦-૯ના રોજ પેરોલ પર છૂટ્યો હતો અને ૮-૧૦ના પૂર્ણ થયેલા પેરોલ બાદ હાજર ન થતાં હાઇ કોર્ટ અને અંજાર કોર્ટને જાણ કરી તેના વિરુદ્ધ પ્રિઝન એક્ટ મુજબ ફરિયાદ દાખલ કરી, કેદીને ટ્રેસ કરવાની તજવીજ હાથ ધરવામાં આવી છે.

# ભાવનગર પોલીસે ₹ ૧.૧૦ કરોડના સાયબર ફ્રોડના ત્રણ આરોપીને ઝડપ્યા



(અમારા પ્રતિનિધિ દ્વારા)

ભાવનગરઃ પોલીસે સાયબર ફ્રોડની ફરિયાદ નોંધાયા બાદ આણંદના ત્રણ આરોપી ને ઝડપી પાડયા હતા, જે સોનામાં ઓનલાઇન ટ્રેડિંગ કરી નફાની લાલચ આપી લોકો સાથે ઠગાઈ કરતા ભાવનગરમાં નોંધાયેલી ફરિયાદના આધારે ઝડપી પાડ્યા હતા.

ભાવનગર શહેરમાં સાયબર ફ્રોડની ફરિયાદના આધારે પોલીસે ઓનલાઈન સોનામાં ટ્રેડિંગના બહાને વેબસાઈટ પરથી લોકો સાથે ઠગાઈ કરી હતી, જેમાં ૧,૧૦,૫૦,૦૦૦ રૂપિયા અલગ અલગ બૅન્ક એકાઉન્ટમાં મેળવ્યા હતા.

જે આરોપીઓ (૧) જાબીરહુસેન ઝાકીરહુસેન મલેક ઉ.૨૫ રહે ૩, અક્ષા પાર્ક, હાસિયાના સોસાયટી, વાલમી રોડ, આણંદ (૨) સમીર મીયા ઉર્ફે અરમાન સિદિકમિયા મલેક ઉ.૨૮ રહે. જૂની ઇન્દિરા નગરી, રાવલી, પેટલાદ, આણંદ (૩) અફઝલ યાસીનમિયા વોહરા ઉં.૩૧ રહે ઈનામ પાર્ક, સોસાયટી, સલાટીયા રોડ આણંદ એ લોકોને ૦.૬ થી ૧ સુધી યુએસિડિટી પ્રોફિટની લાલચ આપી ઠગાઈ કરતા પોલીસે ઝડપી પાડી કોર્ટમાં હાજર કરતા કોર્ટે બે દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા.

# દીવ જિલ્લા પંચાયતની ત્રણ બેઠકનું શાંતિપૂર્ણ માહોલમાં ૫૯ ટકા મતદાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ કેન્દ્રશાસિત પ્રદેશ દીવની જિલ્લા પંચાયતની ત્રણ બેઠકની ચૂંટણી બુધવારે યોજાઈ હતી. અહીં કુલ ૧૪ મતદાન મથક પર મતદાન યોજાયું હતું. વહીવટી તંત્ર દ્વારા સુરક્ષિત અને શાંતિપૂર્ણ વાતાવરણમાં મતદાનની તમામ વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. બુધવાર યોજાયેલી ચૂંટણીમાં ૫૯.૦૯ ટકા મતદાન થયું હતું. મતદાનના આંકડા જોઈએ તો કુલ ૪,૩૩૯ મતદારે ફરજ નિભાવી હતી. મતદાન માટે મહિલા મતદારોએ વધારે ઉત્સાહ બતાવ્યો હતો. કુલ ૨,૮૩૮ મહિલા મતદાર અને ૧,૫૦૧ પુરુષ મતદારે મતદાનની ફરજ નિભાવી હતી.

સમગ્ર મતદાનની પ્રક્રિયા શાંતિપૂર્ણ માહોલમાં પૂરી થઈ હતી. મતદાન મથકો પર સઘન સુરક્ષાની વ્યવસ્થા કરવામાં આવી હતી, સાથે મતદારોની સુવિધાઓનું પણ ધ્યાન રાખવામાં આવ્યું હતું. આ ચૂંટણીને ધ્યાનમાં રાખી દીવમાં ડ્રાય ડે જાહેર કરવામાં આવ્યો હતો. હવે આઠમી નવેમ્બર, ૨૦૨૫ના રોજ અહીં મત ગણતરી થશે.

# રાજકોટના હીરાસર એરપોર્ટ સાથે કનેક્ટિવિટી માટે ટ્રમ્પેટ સેટ બ્રિજ આવતા વર્ષે તૈયાર થશે

અમદાવાદઃ રાજકોટના હીરાસર ઈન્ટરનશનલ એરપોર્ટ સાથે કનેક્ટિવિટી વધારવા માટે રૂ. બાવન કરોડના આધારે ટ્રમ્પેટ સેટ બ્રિજ આવતા વર્ષના એપ્રિલ મહિનામાં પૂરો થઈ જશે, તેમ સૂત્રો જણાવી રહ્યા છે. ઓવર અને અન્ડ બ્રિજ સાથેની આ સુવિધા શહેરનો ટ્રાફિક ઘટાડશે અને સાથે ડિઝાઈન એ રીતે કરવામાં આવી છે કે અકસ્માતો પણ ટાળી શકાશે.

આ બ્રિજ અંગે મળતી માહિતી અનુસાર કુલ ૪ કિલોમીટરની લંબાઈ ધરાવતો આ બ્રિજ એરપોર્ટથી રાજકોટ, અમદાવાદ, મોરબી અને જીવાપર તરફ જવાનું સરળ બનાવશે. આ બ્રિજની આસપાસ સુંદર બગીચો બનાવવામાં આવશે અને તેને આકર્ષક બનાવી રાજકોટના પ્રવેશદ્વાર તરીકે વિકસાવવામાં આવશે. રાજકોટથી એરપોર્ટ લગભગ ૩૫ કિલોમીટર દૂર આવેલું છે, આ રોડ સીધો એરપોર્ટ તરફ જશે. જ્યારે તેનો બીજો ભાગ એરપોર્ટથી અમદાવાદ, મોરબી તરફ જશે, તેમ સૂત્રોએ જણાવ્યું હતું.

ટ્રમ્પેટ સેટ બ્રિજ પરથી અલગ અલગ રસ્તાઓ જતા હોય છે. એન્જિનિયરિંગની દૃષ્ટિએ આ બ્રિજ પડકારરૂપ હોય છે. રાજકોટમાં બ્રિજનું કામ પૂર્ણ થતાં સુવિધાઓ સાથે શહેરને એક સુંદર પ્રવેશદ્વાર પણ મળશે.

# અમરેલીના ગુમ થયેલા યુવકની હત્યાનો ભેદ ઉકેલાયોઃ આડાસંબંધોની શંકાએ લીધો જીવ

અમદાવાદઃ અમરેલી જિલ્લાના રાજુલામાં સુરેશભાઈ કરસનભાઈ સભાડીયા છેલ્લા ૨૫ દિવસથી ગુમ હતા. હવે તેમની હત્યા થઈ હોવાનો માહિતી મળી છે. સુરેશભાઈના ગુમ થયાની ફરિયાદ તેમના સ્વજન લાલજીભાઈ સભાડીયાએ રાજુલા પોલીસ સ્ટેશનમાં નોંધાવી હતી. હવે તની હત્યા થયાનું બહાર આવ્યું છે, આ સાથે જ હત્યાનું કારણ આરોપીનો શક હોવાનું પણ બહાર આવ્યું છે.

સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર ફરિયાદના આધારે રાજુલા પોલીસે તાત્કાલિક તપાસ શરૂ કરી હતી. પોલીસે અલગ-અલગ મુદ્દાઓ પર ઊંડાણપૂર્વક તપાસ કરતા રાજદીપસિંહ રાઠોડ નામના શખ્સ પર શંકા ગઈ હતી. પોલીસે રાજદીપસિંહને શંકાસ્પદ જણાતા તેની અટકાયત કરી સઘન પૂછપરછ હાથ ધરી હતી. પોલીસની આકરી પૂછપરછ દરમિયાન રાજદીપસિહ ભાંગી પડ્યો હતો અને તેણે જ સુરેશભાઈની હત્યા કરી હોવાની ચોંકાવનારી કબૂલાત આપી હતી. આરોપીની કબૂલાત અનુસાર મૃતક સુરેશભાઈને તેની (આરોપીની) પત્ની સાથે આડા સંબંધો હોવાનો શક હતો. તેથી આરોપીએ તેને મોતને ઘાટ ઉતારી દીધો હતો. રાજુલા પોલીસે આગળની કાર્યવાહી હાત ધરી છે.

# રાજકોટ જિલ્લામાં શુક્રવારે ભાજપની સેન્સ પ્રક્રિયા શરૂ

અમદાવાદઃ ગુજરાતમાં ભારતીય જનતા પક્ષ દ્વારા શહેર જિલ્લાના સંગઠનોમાં બાકી રહેતી પ્રમુખ સિવાયની નિમણુંકો માટે શરૂ કરાયેલી પ્રક્રિયાના ભાગરૂપે રાજકોટ જિલ્લામાં તા. ૭ ના રોજ શુક્રવારે રાજકોટ જિલ્લા ભાજપના સંગઠન માટે પ્રદેશ નિરીક્ષકો દ્વારા સેન્સ પ્રક્રિયા હાથ ધરવામાં આવનાર છે. આ પ્રક્રિયા તા. ૧૦ સુધીમાં પૂર્ણ કર્યા બાદ ગમે ત્યારે પ્રદેશ કક્ષાએથી નિમણૂકો જાહેર કરવામા આવશે. શહેર-જિલ્લાના પ્રમુખ સિવાયના ૨૦ હોદ્દાઓ માટેના સંગઠનમાં ૭-૭ મહિલાઓને પણ નિમણૂકો આપવામાં આવનાર છે. જિલ્લા ભાજપના સંગઠન માટે આગામી શુક્રવારના રોજ જિલ્લા ભાજપ કાર્યાલય ખાતે સેન્સ પ્રક્રિયા હાથ ધરવામાં આવનાર છે. જિલ્લા ભાજપની સેન્સ પ્રક્રિયા માટે પ્રદેશ નિરીક્ષકો દિનેશ પ્રજાપતિ અને ઋચિત ભટ્ટ અપેક્ષીતો સાથે ચર્ચા વિચારણા બાદ ૩-૩ નામોની પેનલો બનાવી પ્રદેશ ભાજપમાં રજૂ કરશે.

# ભાવનગરના સોસિયામાં ખેડૂતનું વીજકરંટ લાગતા મોત

ભાવનગરઃ જિલ્લાના તળાજા તાલુકાના સોસિયા ગામે વાડીએ વીજ પુરવઠો શરૂ કરવા જતાં ખેડૂતને અચાનક કરંટ લાગતા ગંભીર હાલતે સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાતા ફરજ પરના તબીબે તપાસી મૃત જાહેર કર્યા હતા. ભાવનગર જિલ્લાના તળાજા તાલુકાના સોસિયા ગામે રહેતા ગેમાભાઈ રવજીભાઈ દિહોરા નામના ખેડૂત પોતાની વાડીએ કામ કરતા હતા. એ દરમ્યાન કોઈ કારણોસર વીજ પુરવઠો બંધ થતાં ફ્યૂઝ શરૂ કરવા જતાં અચાનક કરંટ લાગતા તેને ગંભીર હાલતે સારવાર માટે હોસ્પિટલમાં લઈ જવાતા ફરજ પરના તબીબે તેને તપાસી મૃત જાહેર કરતા ગેમાભાઈના પરિવારજનોમાં શોક છવાયો હતો.

# જામગરમાં ઈંગ્લીશ દારૂનો મોટો જથ્થો પકડાયો, સપ્લાયર ફરાર

અમદાવાદઃ ગુજરાતના લગભગ દરેક શહેરમાં એક યા બીજા દિવસે દારૂનો જથ્થો ઝડપાતો હોય છે. પોલીસ રેડ પાડી લાખોનો મુદ્દામાલ જપ્ત કરતી હોય છે. આવી જ એક રેડમાં જામનગર પોલીસે રૂ. ૭ લાખથી વધારેની માલમત્તા કબજે કરી હતી અને બે જણની અટકાયત કરી હતી. જોકે દારૂ સપ્લાય કરનારને ફરાર જાહેર કરવામાં આવ્યો હતો.

જામનગર જિલ્લાના ધ્રોલ પંથકમા ઈંગ્લીશ દારૂની હેરાફેરીની બાતમી મળતા એલસીબી અને ધ્રોલ પોલીસની ટૂકડીએ અલગ અલગ સ્થળોએ રેડ પાડી હતી અને ઈંગ્લીશ દારૂની લગભગ ૩૮૪ બોટલ જબ્બે કરી હતી. આ માલમત્તાની કિંમત રૂ. ૬.૫૦ લાખ હોવાનું સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે. સૂત્રોના જણાવ્યા અનુસાર કારમાં સોયલ ટોલનાકા પાસે પોલીસે એક કારને આંતરી તેની તલાશી લેતા દારૂ હોવાનું જણાયું હતું.

# રાજકોટમાં સ્તનપાન કર્યા બાદ સૂતેલા બે મહિનાના બાળકનું મોત

અમદાવાદઃ રાજકોટમાં રહેતા રાજેશ ગૌડ અને સવિતા ગૌડ નામના બિહારી દંપતીના બે મહિનાના દીકરાના મોતથી અરેરાટી સાથે આશ્ચર્ય વ્યાપી ગયું છે. દંપતીને એક દીકરો અને એક દીકરી એમ જોડીયા બાળકો છે. રાત્રિના સમયમાં સવિતા તેના બે મહિનાના બાળક ઓમને સ્તનપાન કરાવી સૂઈ ગઈ હતી અને બાજુમા ઓમ પણ ઉંઘી ગયો હતો. રાત્રે ફરી પાછું બાળકને સ્તનપાન કરાવવા સવિતા જ્યારે ઊઠી ત્યારે ઓમના મોઢામાંથી લોહી નીકળતું હતું. દંપતીએ બાળકને નજીકની હોસ્પિટલમાં દાખલ કર્યું હતું, પરંતુ સારવાર દરમિયાન તેનું મોત થઈ જતા પરિવારમાં ગમગીની છવાઈ ગઈ હતી. આ અંગે થોરાળા પોલીસને જાણ કરવામાં આવતા પોલીસે તપાસ હાથ ધરી છે.